દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 79 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 April 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૩ એપ્રિલ ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 63,810/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

લોકસભા ચૂંટણી અગાઉ છત્તીસગઢમાં સુરક્ષાદળોની મોટી કાર્યવાહી

૧૨ નક્સલવાદી ઠાર

બીજાપુરઃ છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેના એન્કાઉન્ટરમાં ૧૦ નક્સલવાદીને ઠાર મારવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ મંગળવારે આ જાણકારી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્સલવાદી ગતિવિધિઓની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોને સોમવારે નક્સલ વિરોધી અભિયાનમાં મોકલવામાં આવ્યા હતા. આ ટીમમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની કોબ્રા બટાલિયનના જવાનો સામેલ હતા.

(જુઓ પાનું ૨) ▶▶

મધ્ય પ્રદેશના બાલાઘાટમાં એન્કાઉન્ટરમાં બે નક્સલી ઠાર

બાલાઘાટઃ મધ્ય પ્રદેશના બાલાઘાટ જિલ્લામાં એક એન્કાઉન્ટર દરમિયાન પોલીસે બે નક્સલીઓને ઠાર માર્યા હતા. એક પોલીસ અધિકારીએ મંગળવારે આ જાણકારી આપી હતી.

અધિકારીએ જણાવ્યું કે સોમવારે રાત્રે નવ વાગ્યાથી ૧૦ વાગ્યાની વચ્ચે કેરાઝરીના જંગલોમાં ફાયરિંગ શરૂ થયું હતું. અધિકારીએ જણાવ્યું કે પોલીસે બાદમાં વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને બે નક્સલવાદીઓના મૃતદેહ મળી

(જુઓ પાનું ૨) ▶▶

NEW BEGINNING
Sheetal Diamonds Ltd.
now becomes
New Name : Rajnish Retail Ltd.
(A Rajnish Group Company)
All set to cater all India Retail Market
BSE Listing Code : 530525 | Scrip ID : RRETAIL
Rajnish Retail LTD.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

પન્નુન મુદ્દે ભારતનું વલણ નિરસ કેમ?

અમેરિકામાં રહીને ભારત વિરોધી પ્રવૃત્તિ કરતા ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાના કહેવાતા કાવતરાનો મામલો ફરી ચર્ચામાં આવી ગયો છે. તેનું કારણ ભારતમાં અમેરિકી રાજદૂત એરિક ગારસેટ્ટીએ પન્નુન કેસ મુદ્દે આપેલું નિવેદન છે. ગારસેટ્ટીનો દાવો છે કે, અમેરિકાની ધરતી પર પન્નુનની હત્યાના કરવા માટે ઘડાયેલા કાવતરાના કેસની ભારત અને અમેરિકા સંયુક્ત રીતે તપાસ કરી રહ્યા છે. એટલું જ નહીં પણ ભારત સરકારને પન્નુનની હત્યાના કાવતરાના કેસમાં જે પણ કરવાનું કહેવાયું એ બધું કર્યું છે.

એરિક ગારસેટ્ટીએ ડહાપણ પણ ડહોળ્યું છે કે, કોઈએ પણ બે દેશો વચ્ચેના સંબંધો મુદ્દે રેડ લાઈન ઓળંગવી ન જોઈએ અને કોઈપણ દેશ કે સરકારનો કર્મચારી વિદેશી નાગરિકની હત્યાના કાવતરામાં સામેલ ન હોવો જોઈએ.

ગારસેટ્ટનું નિવેદન આશ્ચર્યજનક જ નહીં પણ આઘાતજનક પણ છે કેમ કે તેમણે આડકતરી રીતે પન્નુનની હત્યાના કાવતરામાં ભારત સરકારનો કર્મચારી સંડોવાયેલો છે એવું કહી દીધું છે. તેના કરતાં પણ વધારે આઘાતજનક વાત એ છે કે, ભારત સરકાર અમેરિકાના ઈશારે વર્તી રહી છે એવો ગારસેટ્ટીનો દાવો છે.

ગારસેટ્ટીના દાવા પ્રમાણે, ભારતે અમેરિકામાં પન્નુનની હત્યાના કાવતરાની તપાસ કરવા માટે એક તપાસ પંચ રચ્યું છે કે જેમાં કાયદાના પાલનમાં અનુભવી લોકોને મૂકાયા છે. આ પંચ પન્નુનની હત્યાના કાવતરામાં ભારત સરકારનો કોઈ અધિકારી સામેલ છે કે નહીં તેની તપાસ કરી રહ્યું છે. કોઈને પન્નુનની હત્યાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો કે નહીં એ અમેરિકા જાણવા માંગે છે અને અત્યાર સુધી ભારત પાસેથી જે પણ સહકાર માંગ્યો છે તે અમને મળ્યો છે એવો ગારસેટ્ટીનો દાવો છે.

પન્નુનનો આ દાવો આંચકાજનક છે કેમ કે અમેરિકાની ધરતી પર પન્નુનની હત્યાના કાવતરામાં ભારતની સંડોવણી હોવાનો આક્ષેપ અમેરિકાએ કર્યો ત્યારે ભારત સરકારે આપેલા રીએક્શન કરતાં સરકાર અલગ રીતે જ વર્તી રહી હોય એવું લાગી રહ્યું છે.

ભારત સરકારે પન્નુનની હત્યાના કાવતરામાં ભારત સરકારનો કોઈ અધિકારી સામેલ છે કે નહીં તેની તપાસ માટે માત્ર પંચ જ નથી રચ્યું પણ આ પંચ અમેરિકાના કહેવા પ્રમાણે કામ પણ કરી રહ્યું છે. ગારસેટ્ટીની વાત સાચી હોય તો તેનો અર્થ એ થાય કે, પન્નુનના મુદ્દે અમેરિકા સામે ભારતે સાવ શરણાગતિ સ્વીકારી લીધી છે.

ગયા વર્ષે બ્રિટિશ અખબાર ફાઇનાન્સિયલ ટાઇમ્સે ધડાકો કરેલો કે, પન્નુનની હત્યા માટે અમેરિકામાં કાવતરું ઘડવામાં આવ્યું હતું અને આ કાવતરાને અમેરિકાએ નિષ્ફળ બનાવ્યું હતું. આ કેસમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા પન્નુનની હત્યાનું કાવતરું ઘડવાનો સૂત્રધાર હોવાનો દાવો કરીને અમેરિકી અધિકારીઓએ આક્ષેપ મૂક્યો હતો કે નિખિલ ગુપ્તાએ ન્યૂ યોર્ક સિટીમાં રહેતા પન્નુનને મારવા માટે એક હત્યારાને એક લાખ અમેરિકન આપવાની ખાતરી આપી હતી અને તેમાંથી ૧૫ હજાર ડૉલરનુ એડવાન્સ પેમેન્ટ નવ જૂન ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. નિખિલે જેને સોપારી આપી હતી એ અમેરિકન એજન્સીનો સીક્રેટ એજન્ટ હતો તેથી તેણે ભાંડો ફોડી દીધો તેમાં ગુપ્તા ભરાઈ ગયો

નિખિલ ગુપ્તા હાલમાં ચેક રિપબ્લિકની જેલમાં બંધ છે અને અમેરિકાને ગમે ત્યારે સોંપી દેવાશે. અમેરિકન અધિકારીઓનો આક્ષેપ છે કે નિખિલ ગુપ્તાએ એક અજાણ્યા ભારતીય સરકારી કર્મચારીના આદેશથી અમેરિકામાં પન્નુનની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. અમેરિકાની સરકારે વિનંતી કરતાં ૩૦ જૂને નિખિલની ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી.

અમેરિકાએ આ મામલો ભારત સરકાર સમક્ષ ઉઠાવ્યો ત્યારે આક્રમક વલણ અપનાવ્યું હતું. અમેરિકાની ધરતી પર કોઈ અમેરિકન નાગરિકની હત્યાનું કાવતરું ઘડાય એ નહીં ચલાવી લેવાય એવો હુંકાર અમેરિકાએ કરેલો. તેની સામે ભારતે પણ પોતાને આ કાવતરા સાથે કશી લેવાદેવા નહીં હોવાનું કહેલું. નરેન્દ્ર મોદીએ પોતે ગયા વર્ષે ફાઈનાન્સિયલ ટાઈમ્સને ઈન્ટરવ્યુ આપ્યો તેમાં કહેલું કે, વિદેશમાં છુપાયેલા કેટલાક આતંકવાદી જૂથો અભિવ્યક્તિની સ્વતંત્રતાની આડમાં લોકોને અને હિંસા ભડકાવવામાં લાગેલા છે ત્યારે આવાં પરિબળોને નાથવાં જોઈએ.

આ પહેલાં કેનેડામાં હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીનો મુદ્દો ગાજ્યો ત્યારે ભારતે આક્રમક વલણ અપનાવીને કેનેડા સાથેના રાજદ્વારી સંબંધો મર્યાદિત કરી નાંખેલા. ભારતના વલણને જોતાં લાગતું હતું કે, પન્નુનના મામલે પણ ભારત એવો જ મર્દાના મિજાજ બતાવશે પણ તેના બદલે આપણે તો અમેરિકાના પગમાં આળોટી ગયા છીએ.

આઘાતજનક વાત એ છે કે, પન્નુન હજુય અમેરિકાની ધરતી પર રહીને ભારત સામે લવારા કરી રહ્યો છે, ભારતના ટુકડા કરવાની વાત કરી રહ્યો છે. તેની સામે અમેરિકા કશું કરવા તૈયાર નથી. ગારસેટ્ટીને પન્નુનના લવારા અંગે પણ સવાલ પૂછાયેલો. જવાબમાં ગારસેટ્ટીએ ડહાપણ ડહોળ્યું છે કે, અમેરિકામાં વાણી સ્વાતંત્ર્ય છે અને તેની રક્ષા કરવામાં આવે છે. અમેરિકા પોતાના કાયદા મુજબ કોઈપણ આરોપીને બીજા દેશને સોંપીએ છીએ અને અમેરિકાના કાયદા પ્રમાણે પન્નુનની ધરપકડ કરી શકાય તેમ નથી. ગારસેટ્ટીના કહેવા પ્રમાણે, માત્ર કોઈની વિરુદ્ધ બોલવા બદલ કોઈની ધરપકડ થવા લાગે તો પરિસ્થિતિ ખતરનાક બની જશે.

ગારસેટ્ટીનું નિવેદન અમેરિકાનાં બેવડાં ધોરણોનો પુરાવો છે. પન્નુન માત્ર ભારત વિરુદ્ધ બોલતો નથી પણ ભારતને ધમકીઓ આપે છે. ભારતીટોની હત્યા કરવાની વાત કરે છે, ભારતના ટુકડા કરવાની વાત કરે છે, ભારતમાં અરાજકતા અને અંધાધૂંધી સર્જવાની વાત કરે છે. વાણી સ્વાતંત્ર્યના નામે કોઈની ટીકા કરી શકાય પણ બીજા દેશમાં હિંસા ફેલાવવાની કે લોકોને મારવાની વાત ના જ કરી શકાય. અમેરિકા બીજા કોઈ દેશ સામેનાં નિવેદનોને વાણ સ્વાતંત્ર્યમાં ખપાવે એ અમેરિકાના દંભનો નાદાર નમૂનો છે.

કમનસીબે ભારત સરકારમાં અમેરિકાના દંભ સામે પડવાની હિંમત નથી. પન્નુનના મામલે મોટી મોટી વાતો કર્યા પછી આપણે પાણીમાં બેસી ગયા છીએ. અમેરિકાની ધરતી પર કાવતરું ઘડાયું હોય તો અમેરિકા તેની તપાસ કરે, આપણે શું લેવાદેવા? આપણો કોઈ કર્મચારી પન્નુનની હત્યામાં સામેલ નથી જ ને અમે કહીએ છીએ તેમાં ફેરફારને કોઈ અવકાશ નથી એવું કડક વલણ લેવાના બદલે આપણે અમેરિકાને પન્નુનની હત્યાના કહેવાતા કાવતરાની તપાસમાં સહકાર આપીને માટીપગા સાબિત થયા છીએ. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), બુધવાર, તા. ૩-૪-૨૦૨૪, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૪, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૧-૪૭ સુધી, પછી શ્રવણ.
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : રાત્રે ક.૧૯-૫૯,
- ઓટઃ બપોરે ક.૧૨-૧૫ ,મધ્યરાત્રિ પછી ક.૦૨-૧૯(તા.૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - નવમી. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા,રિક્તા તિથિમાં લગ્ન મુહૂર્ત ગ્રાહ્ય છે. ધ્રૂવદેવતાનું પૂજન,વિસ્વદેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન,શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન,કથા વાંચન,તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રીસુક્ત, પુરુષ સુક્ત,શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક,શ્રી દેવીસુક્ત પાઠ વાંચન. સપ્તશતી પાઠ વાંચન, સપ્તશતી હવન, બીલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા,માંગલિક લગ્ન મુહૂર્તમાં નવા વસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવી.નિત્ય થતાં દસ્તાવેજ, નોકરી,વેપારનાં નિત્ય થતાં કામકાજ, ઉત્તરાભાદ્રપદામાં શુક્ર તા.૩ થી તા.૧૪ સુધી રહે છે. રૂ, કપાસ, ચૌખા, મીઠું. સોનું,ચાંદી, મોતી,ગોળ, ખાંડ,કપૂર વગેરેમાં મંદી દર્શાવે છે.ફળ,મૂળ વાળા શાકભાજીમાં તેજી આવે.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ ચાલાક સ્વભાવ, શુક્ર-નેપ્ચૂન યુતિ પ્રેમસંબંધોમાં અનિશ્ચિત વલણ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ , શુક્ર-નેપ્ચૂન યુતિ, શુક્ર ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ,વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

પ્રજામત

કેવળ કાયદાથી જ આવા બનાવો બનતા અટકાવી નહીં શકાય

મહિલાઓ ઘરેલુ હિંસા, બળાત્કાર, છેડતી સહિતની સમસ્યાનો સતત ભોગ બનતી હોય છે. તાજેતરના એક અખબારી અહેવાલ અનુસાર ગુજરાતમાં પ્રતિ પાંચ મિનિટે એક મહિલા ઘરેલુ હિંસાનો ભોગ બને છે. ગુજરાત સરકારે અભયમ મોબાઈલ એપ્લિકેશન બનાવી છે. આ હેલ્પલાઈનમાં મહિલાઓને ઘરેલુ હિંસા ઉપરાંત દુર્વ્યવહાર કે છેડતીના કિસ્સામાં બચાવ અને સલાહ તેમજ કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી તેમજ અન્ય પ્રશ્નોનું નિરાકરણ આપે છે. વર્ષ ૨૦૨૩માં મહિલાઓની આ હેલ્પલાઈનને ૯૮૮૩૦ કોલ્સ આવ્યા હતા. વર્ષ ૨૦૧૯ની સરખામણીએ મહિલાઓ માટે ઘરેલુ હિંસાના કોલ્સમાં ૬૧ ટકાનો જ્યારે ૨૦૨૨ની સરખામણીએ ૨૨ ટકાનો વધારો થયો છે. કેવળ કાયદાથી જ મહિલા ઘરેલુ હિંસાના અને અન્ય બનાવો બનતા અટકાવી નહીં શકાય. કાયદાની સાથે મહિલાઓ પ્રત્યેની માનસિકતામાં બદલાવ લાવવાની અને મહિલાઓ પ્રત્યે સમાજમાં આદરભાવ વધે તે માટે જાગૃતિ ફેલાવવાની જરૂર છે. આ માટે સરકારે અને સામાજિક તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓએ કટિબદ્ધ થવાની જરૂર છે.

-મહેશ વી. વ્યાસ, પાલનપુર

લાંચ-રુશ્વત માટેના કાયદા

હમણા ૩-૪ મહિના પહેલા હાસ્યસ્પદ બનાવ વાંચવા મળ્યો. ૨૦૦૩માં લાંચના કેસમાં પકડાયેલા સર્કલ ઓફિસરને ૨૦૦૩માં ૩ મહિનાની સજા. ઓફિસર ૨૦૨૦માં રીટાયર થઈ ગયા છે. બ્રિટિશ કાયદા પ્રમાણે લાંચમાં પકડાયેલા અધિકારીને ૧૫ દિવસનો પગાર ચાલુ રહે છે અને ૬ મહિનાના અંતે અન્ય સ્થળે બદલી કરવામાં આવે છે.

હવે આ કાયદા તાત્કાલિક બદલવા જોઈએ. સાક્ષીની હાજરીમાં પુરાવા સાથે પકડાયેલા આરોપીને રકમ સજા ૮ દિવસમાં કરવી જોઈએ. ધરપકડ કરાયેલા વ્યક્તિને પોતે નિર્દોષ છે તે ૧૫-૨૦ દિવસમાં પુરવાર કરવાનું કહેવું જોઈએ. આવા કડક કાયદાથી આરોપીઓમાં ફડક પેસી જશે.

સરકારને નમ્ર વિનંતી આવા અર્થ વગરના કાયદાઓમાં ફેરફાર અસરકારક તાત્કાલિક કરવો જોઈએ.

-મહેશ વેદાંત, વલસાડ

સિનિયર સિટિજન ગ્રૂપે મોજમસ્તી... ધીંગામસ્તી...

હમણા હમણા આપણા મુંબઈ શહેરમાં, પરાંઓમાં ''સિનીયર સિટીઝન ગ્રૂપો' અસ્તિત્વમાં આવ્યા છે જેમાં મહિને એકવાર કોઈ સભાગૃહમાં ભેગા થઈ કાર્યક્રમોની મોજ-મજા માણવાની... છેલ્લે અલ્પાહાર કે સાંજનું ભોજન બધા મળીને માણવામાં આવી રહ્યું છે. કાર્યક્રમોમાં સંગીતના, કરાઓકે, અંતાક્ષરી, ગેમ્સ, કોઈ વિષય પર જાણકારનું પ્રવચન ખાસ પેપરોમાંથી જ લેસન રૂપી સ્ટેજ પર કાર્યક્રમની રજૂઆત કરાય છે. લગભગ ત્રણેક કલાકના આ સળંગ કાર્યક્રમમાં મેમ્બરો એટલા બધા જુવાનવયના હોય તેવાં ભાગ ભજવે... હસીખુશી... ચહેરા પર આનંદની છોળો ઉડતી નજરે પડે... વાહ... ધન્ય છે આવા સિનિયર સિટીઝન ગ્રૂપોને કે એક મજબૂત આનંદિત થવાના કાર્યક્રમો યોજી બધાને વધુ જોમ પૂરો પાડે છે. આવા અસંખ્ય ગ્રૂપોમાંથી ઘાટકોપર સ્થિત સિનિયર સિટીઝન ફોરમ ગ્રૂપનો ઉલ્લેખ કરવો રહ્યો જેમાં બધા જ રાહ જોતા હોય કે બીજો કાર્યક્રમ કેમ જલ્દી જલ્દી આવી જાય.

-શ્રી હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ)

વરિષ્ઠ નાગરિકોની જરૂરિયાત

સુલભ શૌચાલય અથવા કોઈ પણ સાર્વજનિક સુવિધા હોય ત્યાં દરેકે દરેક જમીન પર બેસીને ટોઈલેટમાંથી ઊભા થવા ખૂબજ તકલીફ પડે છે.

દરેક ટોઈલેટમાં બંને દીવાલો પર ઊભા થવા માટે ગ્રેબ રોડ મજબૂત બેસાડવા જોઈએ જેથી બંને હાથે પકડીને ઊભા થવાય. અત્યંત જરૂરી યુદ્ધ ધોરણે હાથમાં લેવું જોઈએ.

-ગૌતમ દેસાઈ, મુંબઈ

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

કૉંગ્રેસને બધેથી સાફ કરી નાખોઃ વડા પ્રધાન મોદીની ઉત્તરાખંડમાં હાકલ

રૂદ્રપુરઃ ભાજપ દેશમાં ત્રીજી વખત સત્તા પર આવશે તો આખા દેશમાં આગ ફાટી નીકળશે એવું સૂચવતા કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ટિપ્પણી પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે અત્યંત આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

ઉત્તરાખંડમાં ઉધમસિંહ નગર જિલ્લામાં આવેલી રૂદ્રપુરથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરતાં તેમણે કહ્યું હતું કે સત્તાથી વંચિત રહેવાને કારણે કૉંગ્રેસ પાર્ટી અત્યંત હતાશ થઈ ગયા છે અને તેમણે આ પાર્ટીને બધેથી ભૂસી નાખવાની હાકલ કરી હતી.

કૉંગ્રેસના શાહજાદાએ ધમકી આપી છે કે મોદી વધુ એક વખત ચૂંટાઈ આવશે તો આગ લાગશે. સત્તાની બહાર રહીને તેઓ કેટલા હતાશ થઈ ગયા છે કે તેઓ હવે બધે આગ લગાડવાની વાતો કરી રહ્યા છે. શું તમે એ લોકોને આવું કરવા દેશો? શું તમે તેમને સજા નહીં આપો? એમ વડા પ્રધાન મોદીએ પુછ્યું હતું. તેમણે કૉંગ્રેસ પર દેશને અસ્થિરતા અને અરાજકતામાં ધકેલવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો.

રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જો ભાજપ મેચ-ફિક્સિંગ દ્વારા ચૂંટણીઓ જીતી જશે તો બંધારણમાં ફેરફાર કરશે તો આખા દેશમાં આગ લાગશે અને તેઓ બચી શકશે નહીં.

વડા પ્રધાને મંગળવારે ભારપૂર્વક કહ્યું હતું કે ભ્રષ્ટાચારીઓ સામેની કાર્યવાહી ચાલુ રહેશે.

તમને નથી લાગતું કે ભ્રષ્ટાચારીએ જેલમાં જવું જોઈએ? ભ્રષ્ટાચારીઓ મને ધમકી આપે છે અને ગાળો આપે છે. પરંતુ તેઓ મને રોકી શકશે નહીં. દરેક ભ્રષ્ટાચારી સામે કાર્યવાહી ચાલુ જ રહેશે, એમ મોદીએ કહ્યું હતું.

મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની ધરપકડ બાદ વિપક્ષી પાર્ટીઓ દ્વારા તેમના પર થઈ રહેલી ટીકાના સંદર્ભમાં તેમણે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

લોકોને વધુ શક્તિ આપવાની હાકલ કરતાં તેમણે કહ્યું હતું કે મોદીની ગેરેન્ટી એટલે વચનપૂર્તિની ગેરેન્ટી. વિકાસ ત્યારે જ થાય છે જ્યારે ઈરાદાઓ સાચા હોય. સાચા ઈરાદાઓ સારા પરિણામ લાવે છે, એમ પણ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ) ■

દારૂ નીતિ કૌભાંડમાં સંજય સિંહને છ મહિને જામીન મળ્યા

નવી દિલ્હીઃ દિલ્હી સરકારની દારૂ પરની આબકારી જકાતના કૌભાંડ સંદર્ભે પકડાયેલા આમ આદમી પક્ષના નેતા સંજય સિંહને છ મહિને જામીન મળ્યા હતા.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે સંજય સિંહની જામીન અરજીનો વિરોધ નહિ કરતા સર્વોચ્ચ અદાલતે તેમને જામીન આપ્યા હતા.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ને સવાલ કર્યો હતો કે શું દિલ્હીમાંની દારૂ પરની આબકારી જકાત નીતિમાંની કહેવાતી ગેરરીતિના સંદર્ભે પકડાયેલા આમ આદમી પક્ષ (આપ)ના નેતા સંજય સિંહની વધુ કસ્ટડી જોઇએ છે?

ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ દીપંકર દત્તા અને ન્યાયાધીશ પી. બી. વારલેની બનેલી બેન્ચે ઇડી વતી અદાલતમાં હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુને પૂછ્યું હતું કે સંજય સિંહે જેલમાં છ મહિના વિતાવ્યા છે. શું ઇડીને તેમની વધારે પૂછપરછ કરવા માટે વધુ સમય કસ્ટડી જોઇએ છે?

સર્વોચ્ચ અદાલતે સંજય સિંહ દ્વારા પોતાની ધરપકડ અને કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિના કેસમાંની રિમાન્ડને પડકારતી કરાયેલી અરજીની સુનાવણી હાથ ધરી હતી.

બેન્ચે એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુને જણાવ્યું હતું કે સંજય સિંહની પાસેથી કાળાં નાણાંની કોઇ રકમ નહોતી મળી, તો પછી શું તેમની હજી પૂછપરછ જરૂરી છે?

સંજય સિંહની ઇડી દ્વારા ગયા વર્ષે ચોથી ઑક્ટોબરે ધરપકડ કરાઇ હતી. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

૧૨ નક્સલવાદીઓ ઠાર

પોલીસ મહાનિરીક્ષક (બસ્તર રેન્જ) સુંદરરાજ પીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લેન્દ્રા ગામની નજીકના જંગલમાં સવારે લગભગ છ વાગ્યે ઓપરેશન થયું હતું.

તેમણે કહ્યું હતું કે જ્યારે ટીમ લેન્દ્રા ગામના જંગલમાં પહોંચી ત્યારે નક્સલવાદીઓએ આજે સવારે લગભગ છ વાગ્યે સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કર્યું હતું. આ પછી જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે થોડીવાર સુધી બંને તરફથી ફાયરિંગ થયા બાદ નક્સલવાદીઓ ત્યાંથી ભાગી ગયા હતા. બાદમાં, જ્યારે સ્થળની તપાસ કરવામાં આવી ત્યારે ૧૦ નક્સલવાદીઓના મૃતદેહ, એક ઓટોમેટિક લાઇટ મશીનગન, 'બેરલ ગ્રેનેડ લોન્ચર' અને અન્ય હથિયારો મળી આવ્યા હતા.

તેમણે કહ્યું કે માર્યા ગયેલા નક્સલવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના સાથે આ વર્ષે અત્યાર સુધીમાં બીજાપુર જિલ્લા સહિત બસ્તર ક્ષેત્રમાં સુરક્ષા દળો સાથે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૪૧ નક્સલવાદીઓ માર્યા ગયા છે. સુકમા જિલ્લો બસ્તર લોકસભા ક્ષેત્રમાં છે જ્યાં ૧૯ એપ્રિલે સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થશે. ■

પાંચ રાજ્યના બે આઈજી, આઠ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, ૧૨ એસપીની બદલી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણીને ટાણે જ દેશના પાંચ રાજ્ય - બિહાર, ઓડિશા, ઝારખંડ, આસામ અને આંધ્ર પ્રદેશના બે પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ (આઇજી), આઠ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને ૧૨ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (એસપી)ની બદલી કરવાનો આદેશ આપ્યો હતો.

ઓડિશાના બે જિલ્લા-અધિકારી, પાંચ પોલીસ અધીક્ષક અને એક પોલીસ મહાનિરીક્ષકની ટ્રાન્સફર કરાઇ હતી.

કટકના જિલ્લા-અધિકારી અને ચૂંટણી અધિકારી વિનીત ભારદ્વાજ, જગતસિંહપુરનાં જિલ્લા-અધિકારી પારુલ પટવારી, આંગુલના પોલીસ અધીક્ષક (એસપી) સુધાંશુ શેખર મિશ્રા, બરહામપુરના એસપી સર્વણ વિવેક એમ., ખુર્દાના એસપી જુગલકિશોર બનોથ, રાઉરકેલાના એસપી મિત્રભાનુ મહાપાત્ર, સુંદરગઢના એસપી કંવર વિશાલ સિંહ, પોલીસ મહાનિરીક્ષક આશિષકુમાર સિંહની ટ્રાન્સફર કરવા ચૂંટણી પંચે આદેશ આપ્યા હતા.દેશભરમાં લોકસભાની ચૂંટણી અને કેટલાક રાજ્યોમાં વિધાનસભાની પેટાચૂંટણીઓ સાત તબક્કામાં યોજાવાની છે. (એજન્સી) ■

સિરિયામાં ઇરાનની એલચી કચેરી પર ઇઝરાયલનો હુમલોઃ આઠનાં મોત

દમાસ્કસ (સિરિયા): અહીં આવેલી ઇરાનની એલચી કચેરી પર ઇઝરાયલના એફ-૩૫ યુદ્ધવિમાનોએ કરેલા મિસાઇલ હુમલામાં રિવોલ્યુશનરી ગાર્ડના કમાંડર ઝાહિદી સહિત ઓછામાં ઓછા આઠ જણ માર્યા ગયા હતા અને ઇમારત નાશ પામી હતી.

દરમિયાન, ઇઝરાયલના આ હુમલાથી ગુસ્સે થયેલા ઇરાને બદલો લેવાની ધમકી આપી હતી.

યુદ્ધ પર નજર રાખતા અને માનવ-અધિકારની લડત ચલાવતા બ્રિટનસ્થિત સંગઠન - સિરિયન ઑબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સે મંગળવારે દાવો કર્યો હતો કે ઇઝરાયલ દ્વારા દમાસ્કસમાંની ઇરાનની એલચી કચેરી પર છોડાયેલા મિસાઇલોએ ભારે વિનાશ વેર્યો હતો.

આ હુમલામાં ઇરાનનો જનરલ ઝાહિદી અને કેટલાક રાજદૂત પણ માર્યા ગયા હતા.

સિરિયાના દમાસ્કસમાં છેલ્લાં આઠ દિવસમાં આ પાંચમો હુમલો કરાયો હતો.

રિવોલ્યુશનરી ગાર્ડનો કમાંડર ઝાહિદી સિરિયા અને લેબેનોનના યુનિટ સંભાળતો હતો અને ઇરાનના લશ્કરની હિઝબોલ્લાહ સાથેની વાટાઘાટમાં તેણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

ઇઝરાયલ અને પેલેસ્ટાઇન વચ્ચે છેલ્લાં એક વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં અંદાજે ૪૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. આ લડાઇમાં આસપાસના આરબ દેશો પણ જોડાયા હોવાથી તે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો વિષય બની છે. આ યુદ્ધને લીધે ખનિજ તેલના વૈશ્વિક પુરવઠા સામે પણ જોખમ ઊભું થયું છે. (એજન્સી) ■

ઈસ્તંબુલમાં નાઈટક્લબમાં લાગેલી આગમાં પચીસનાં મોત, સાત ગંભીર

ઈસ્તંબુલઃ ઈસ્તંબુલસ્થિત એક નાઈટક્લબમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું ત્યારે લાગેલી આગમાં ઓછામાં ઓછા પચીસ જણના મૃત્યુ થયા હોવા ઉપરાંત અનેક જણ ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા આઠ જણ ઘાયલ થયા હતા જેમાંથી સાતને ગંભીર હાલતમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. ઘટનાનો ભોગ બનેલા લોકો રિનોવેશનનું કામ કરતા હોવાનું માનવામાં આવે છે. જોકે આગને કાબુમાં લઈ લેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ઘટનાને મામલે પુછપરછ કરવા ક્લબના મેનેજર સહિત પાંચ જણને અટકાયતમાં લેવામાં આવ્યા હોવાનું ન્યાય ખાતાના પ્રધાન યિલ્મેઝ ટન્કે કહ્યું હતું. (એજન્સી) ■

વિસ્તારાને ફ્લાઈટ કેન્સલેશનનો દૈનિક અહેવાલ સુપરત કરવા જણાવાયું

નવી દિલ્હીઃ ઉડ્ડયન નિયામક ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ વિસ્તરાને ફ્લાઈટ કેન્સલેશન અને ફ્લાઈટના ઉડ્ડયનમાં થતા વિલંબ અંગેનો દૈનિક અહેવાલ સુપરત કરવા જણાવ્યું છે.

પ્રવાસીઓને ઓછામાં ઓછી અગવડ પડે ત

વિરારની હૉસ્પિટલમાં આગની દુર્ઘટના: ત્રણ વર્ષ પછી પાલિકાના અનેક અધિકારી દોષી

વસઈ: વિરાર સ્થિત વિજય વલ્લભ હોસ્પિટલમાં લાગેલી આગનો ગુપ્ત અહેવાલ ત્રણ વર્ષ પછી જાહેર કરવામાં આવ્યો છે. જિલ્લાધિકારીઓએ તૈયાર કરેલા આ અહેવાલમાં હૉસ્પિટલના વ્યવસ્થાપકો ઉપરાંત પાલિકાના અનેક વરિષ્ઠ અધિકારીઓને દોષી ઠેરવવામાં આવ્યા છે. એ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાના નિર્દેશ આપવા છતાં કોઈની પણ સામે કામ નહોતું ચલાવવામાં આવ્યું એ ચોંકાવનારી બાબત છે. આ મુદ્દે પ્રહાર પક્ષ દ્વારા આ અધિકારીઓને તાત્કાલિક બરતરફ કરી સંપૂર્ણ મામલાની એસઆઈટી દ્વારા તપાસ કરવાની માંગણી કરવામાં આવી છે.

૨૩ એપ્રિલ, ૨૦૨૧ના રોજ પરોઢિયે સવાત્રણની આસપાસ વિરાર સ્થિત વિજય વલ્લભ હોસ્પિટલના બીજા માળ પર આવેલા ઈન્ટેન્સિવ કેર યુનિટમાં આગ લાગી હતી. આ આગમાં ૧૬ દર્દીઓ બળીને મૃત્યુ પામ્યા હતા. આ આગના મામલામાં તપાસ કરવા માટે પાલઘર જિલ્લા અધિકારીના અધ્યક્ષતા હેઠળ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. સમિતિએ એક જ મહિનામાં અહેવાલ સુપરત કર્યો હતો. જોકે, એ અહેવાલ ગુપ્ત રાખવામાં આવ્યો હતો. પ્રહાર પક્ષે ત્રણ વર્ષની કોશિશ પછી રાજ્ય સરકાર પાસેથી એ અહેવાલ મેળવ્યો છે. આગની દુર્ઘટના બદલ હૉસ્પિટલના વ્યવસ્થા તંત્ર ઉપરાંત વસઈ-વિરાર શહેર મહાનગરપાલિકાના વધારાના આયુક્ત (અગ્નિશમન અને આપત્તિ વ્યવસ્થાપન), અતિરિક્ત આયુક્ત (વૈદ્યકીય આ આરોગ્ય અને વીજળી), ક્ષેત્રીય ઉપાયુક્ત, ઉપાયુક્ત (આરોગ્ય), ઉપાયુક્ત (વિદ્યુત), ઉપાયુક્ત (અગ્નિશનમન) અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને જવાબદાર ગણવામાં આવ્યા છે. ■

ક્લિનઅપ માર્શલ હવે વસૂલશે ઓનલાઈન દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ફરી એક વખત ક્લિનઅપ માર્શલને તહેનાત કરવામાં આવવાની છે, જેની શરૂઆત મુંબઈ શહેરના 'એ' વોર્ડથી કરવામાં આવી છે. મંગળવારથી પ્રાયોગિક ધોરણે ક્લિન અપ માર્શલની શરૂઆત કરવામાં આવી છે. તો બુધવારથી પાલિકાના 'સી' વોર્ડમાં ચાલુ થશે. જોકે દંડ વસૂલવાને લઈને અગાઉ થયેલો વિવાદ ફરી જાગે નહીં તે માટે હવે તમામ પ્રકારની દંડાત્મક કાર્યવાહી ઓનલાઈન પદ્ધતિએ કરવાનો પાલિકાએ નિર્ણય લીધો છે.

પ્રાયોગિક ધોરણે ફરી એક વખત ક્લિનઅપ માર્શલ મુંબઈના રસ્તાઓ પર જોવા મળવાના છે. જોકે આ વખતે પાલિકાએ દંડ વસૂલવાની સત્તા માર્શલને આપવાને બદલે પોતાની પાસે રાખી છે. ઓનલાઈન પદ્ધતિએ દંડ વસૂલવાનો પાલિકાએ નિર્ણય લીધો છે, તે માટે દરેક કૉન્ટ્રેક્ટર દ્વારા વોર્ડમાં પ્રશિક્ષિત ક્લિનઅપ માર્શલની નિમણૂક કરવામાં આવી છે. પાલિકાના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (આઈટી) વિભાગે ઓનલાઈન ઍપ દ્વારા દંડાત્મક પગલા લેવા માટેની સિસ્ટમ ઊભી કરી છે. તે માટે ક્લિનઅપ માર્શલ પાસે મોબાઈલમાં બ્લૂ ટૂથ પર ચાલનારું નાનું પ્રિન્ટર આપવામાં આવ્યું છે. આ પ્રિન્ટર દ્વારા દંડ માટે અલાયદી પાવતી છાપીને આપવામાં આવવાની છે. તેથી સામાન્ય નાગરિકોને દંડ માટે ક્લિનઅપ માર્શલ તરફથી કોઈ પણ પ્રકારની હેરાનગતીનો સામનો કરવો પડશે નહીં. તેમ જ અન્ય કોઈ પણ પ્રકારની છાપેલી પાવતીનો પણ ઉપયોગ કરવામાં આવશે નહીં. તે મુજબ દંડની રકમ પણ ક્લિનઅપ માર્શલ સંસ્થા દ્વારા બૅન્ક ખાતામાં જમા કરવામાં આવશે. તેથી કામમાં સંપૂર્ણરીતે પારદર્શકતા રહેશે એવો દાવો પાલિકાના અધિકારીએ કર્યો છે.

દંડની રકમ બાબતે પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે હાલની પદ્ધતિ મુજબ ઓછામાં ઓછો ૧૦૦ રૂપિયા અને વધુમાં વધુ ૧,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવાનો અધિકાર ક્લિનઅપ માર્શલને રહેશે. ■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે



૧૦ હજારનું ચિલ્લર ગણતા એસીમાં પણ આવ્યો પસીનો

બુલઢાણાના ઉમેદવારે ચિલ્લરમાં ભરી ડિપોઝિટ

બુલઢાણા: ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીની ઘોષણા થયા પછી ઉમેદવારો સક્રિય થઈ રહ્યા છે. વિવિધ પક્ષ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારો મતવિસ્તારમાં ઉમેદવારી નોંધાવી રહ્યા છે. દર વર્ષની જેમ આ વખતે પણ અનેક લોકોએ અનામત રકમ માટે ચિલ્લરમાં ચૂકવણી કરી છે. બુલઢાણા જિલ્લાના મહા લોકશાહી વિકાસ મોરચાના ઉમેદવાર અસલમ શાહ હસનએ તો અનામત રકમ ૧૦ હજાર રૂપિયાના ચિલ્લર સ્વરૂપમાં ભરી છે. આ ઉમેદવાર બાકીના ૧૫ હજાર રૂપિયા નોટના સ્વરૂપમાં લાવ્યો હતો. તેણે ૧૦ હજાર રૂપિયાનું ચિલ્લર ટેબલ ઉપર મૂકતા અધિકારી અને કર્મચારી ચોંકી ગયા હતા. ડિપોઝિટ રકમ સંદર્ભે કોઈ નિયમો ન હોવાથી ૧૫ હજારની નોટ અને ૧૦ હજારનું ચિલ્લર લીધા વિના છૂટકો નહોતો.

આ પૈસા ગણતા ગણતા એર કન્ડિશન્ડ ઓફિસમાં કર્મચારીઓને પરસેવો વળી ગયો હતો. આખી ગણતરી ૪૦ મિનિટ ચાલી હતી. ત્યારબાદ ઉમેદવારની અરજી જિલ્લા અધિકારી સમક્ષ રજૂ થઈ હતી. ચિલ્લરમાં એક અને બે રૂપિયાના ઘણા સિક્કા હતા. સોમવારે યવતમાળ - વાશિમ લોકસભા મતદાર સંઘના અપક્ષ ઉમેદવાર મનોજ ગોડામે ઉમેદવારી નોંધાવતી વખતે ૧૨૫૦૦ રૂપિયાનું ચિલ્લર આપ્યું હતું. ■

રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે 'સેવન ઇન વન' ઉત્સવનું અનોખું આયોજન

મુંબઇ: પારસધામ એવમ અર્હમ યુવા સેવા ગ્રૂપના ઉપક્રમે સાતમી એપ્રિલ રવિવાર, સાંજે ૭કલાકે યોજાનારા 'સેવન ઇન વન - સેવન સ્ટેપ્સ ઓફ સકસેસ ઉત્સવ' અંતર્ગત પરમ ગુરુદેવના બ્રહ્મનાદે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સંકલ્પ સિદ્ધિ જપ સાધના, પ્રેરક પ્રવચન, હૃદયસ્પર્શી દૃશ્યાંકન અને જિજ્ઞાસુઓના મનમાં ઉઠતાં પ્રશ્નો અને પરમ ગુરુદેવની વિઝનરી દૃષ્ટિથી પ્રગટ થતાં સમાધાન સ્વરૂપ અનોખો ટોક શો યોજાશે.

ઐતિહાસિક અખંડ ૧૦૦૮ આયંબિલ તપની આરાધના કરનાર પરમ ગુરુદેવના સુશિષ્યા મહાતપસ્વી પરમ સૌમ્યાજી મહાસતીજીના તપની અનુમોદનાના આ અવસરે ભારત જૈન મહામંડળ, જૈન જાગૃતિ સેન્ટર, જૈન સોશિયલ ગ્રૂપ, મુંબઈભરના ૧૦૮થી વધુ જૈન સંઘો, ઝાલાવાડ જૈન સભા, પિનાકલ એકેડેમી, અરિહંત એકેડેમી તેમજ જે. કે. શાહ ક્લાસિસની સાથે હજારો ભાવિકો મહાતપસ્વી મહાસતીજીનું સન્માન કરશે. ■

શેર ટ્રેડિંગ કૌભાંડ

૩૩ લાખની છેતરપિંડી આચરવા બદલ ખાનગી બેન્કના અધિકારી, ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ

થાણે: શેર ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચે રૂ. ૩૩ લાખની છેતરપિંડી આચરવા બદલ અગ્રણી ખાનગી બેન્કના વરિષ્ઠ અધિકારી અને તેના ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

નવી મુંબઈ પોલીસની સાયબર વિંગ દ્વારા ગયા સપ્તાહે ખાનગી બેન્કની ઉલ્હાસનગર બ્રાન્ચના અધિકારી અને તેના ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ કરાઇ હતી, એમ સાયબર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ગજાનન કદમે જણાવ્યું હતું.

આરોપીઓએ પીડિતને શેર ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપી હતી અને તેમના કહેવાથી પીડિતે રૂ. ૩૩ લાખ ઓનલાઇન ચૂકવ્યા હતા. તેણે બાદમાં રોકેલી રકમ અને વળતરની માગણી કરતાં આરોપીઓ તેને ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા.

આથી તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો, જેને પગલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તપાસ માટે સાયબર પોલીસે જુદી જુદી ટીમ તૈયાર કરી હતી.

પોલીસ ટીમે બેન્ક ખાતાં શોધી કાઢ્યાં હતાં, જ્યારે પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત ખાતાંઓ સાથે જોડાયેલી વ્યક્તિઓને પણ તેમણે ઓળખી કાઢી હતી.

પોલીસે બાદમાં પ્રવીણકુમાર રમેશ મિશ્રા (૨૬) નામના આરોપીને તાબામાં લીધો હતો. મિશ્રાએ પૂછપરછમાં જણાવ્યું હતું કે તેણે ખાનગી બેન્કમાં કાર્યરત અશોક શ્યામલાલ ચોહાણ (૨૭)ની મદદથી પીડિત સાથે છેતરપિંડી આચરી હતી.

આરોપી મિશ્રા રોકાણ પર સારા વળતરની લાલચ આપીને પીડિતોને અશોક પાસે મોકલતો હતો. અશોક પીડિતોના બેન્ક ખાતાં ખોલાવતો અને તેમના ડેબિટ કાર્ડ, ચેકબૂક વિગેરે પોતાની પાસે રાખતો અને તેનો ઉપયોગ છેતરપીંચ આચરવા કરતો હતો.

આરોપીઓ પાસેથી ચાર મોબાઇલ, આઠ સિમકાર્ડ, બેન્કના સાત ડેબિટ કાર્ડ, બે ચેકબૂક, ત્રણ પાસબૂક અને છ રબર સ્ટેમ્પ જપ્ત કરવામાં આવ્યાં હતાં. પૂછપરછમાં બંનેએ કબૂલ કર્યું હતું કે તેમણે ભારતમાં અન્યત્ર પણ આવા ગુના આચર્યા છે. તેમની વિરુદ્ધ દિલ્હીમાં પણ ગુના નોંધાયેલો છે. (પીટીઆઇ)■

'યુવાનોના લગ્ન કરાવીશ'

સોલાપુરના ઉમેદવારનો ગજબનો ચૂંટણી પ્રચાર

સોલાપુર: લોકસભાની ચૂંટણી યોજાવાને હવે થોડા જ દિવસોનો સમય છે અને બધા જ ઉમેદવારો પોતપોતાની રીતના પ્રચાર કરી રહ્યા છે. ચૂંટણી આવતા જ ઉમેદવારો પોતાના મતવિસ્તારના લોકોને વિવિધ વાયદા કરે છે અને અન્ય લ્હાણીના સપનાં પણ દેખાડતા હોય છે.

જોકે, સોલાપુરની માઢા બેઠકના એક ઉમેદવારે પોતાના ચૂંટણી પ્રચાર માટે કંઇક જુદા જ પ્રકારનો વાયદો કર્યો છે, જેના કારણે તેમનું નામ ચર્ચામાં છે.

માઢા તાલુકાના વંચિત બહુજન આઘાડીના ઉમેદવાર રમેશ બારસકરે મહારાષ્ટ્રના યુવાનોના લગ્ન કરાવવાનો વાયદો કર્યો છે. પત્રકારો સાથે વાત કરતા બારસકરે જણાવ્યું હતું કે માઢા તાલુકામાં અનેક સમસ્યાઓ છે, જેમ કે ખેતી ઉત્પાદનને યોગ્ય ભાવ ન મળવા, મહિલાઓને કામ નથી મળતું.

આ ઉપરાંત યુવાનોના લગ્નની પણ મોટી સમસ્યા છે. લગ્નની ઉંમર થઇ ગઇ હોવા છતાં યુવાનોના લગ્ન નથી થઇ રહ્યા. યુવાનોના લગ્ન ન થવાની સમસ્યા આખા મહારાષ્ટ્રમાં છે. આ સમસ્યા દૂર કરવા માટે હું કામ કરીશ, એમ બારસકરે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે માઢા બેઠક ઉપરથી મહાયુતિએ રણજીતસિંહ નાઇક નિંબાળકરને ઉમેદવારી આપી છે, જ્યારે મહાવિકાસ આઘાડીએ અત્યાર સુધી આ બેઠક ઉપર પોતાનો ઉમેદવાર જાહેર કર્યો નથી. જોકે, બારસકર દ્વારા યુવાનોના લગ્નની સમસ્યાના નિવેદનની ખૂબ ચર્ચા થઇ રહી છે. ■

આચારસંહિતાને કારણે મ્હાડાની દુકાનોની લિલામી લંબાઈ

ઈચ્છુકોએ હવે ૬ઠ્ઠી જૂન સુધી રાહ જોવી પડશે

મુંબઈ: મ્હાડાના મલાડ, ગોરેગાંવ, પવઈ અને ચારકોપ ખાતે ૧૭૩ દુકાન માટે થનારી ઈ-લિલામી હવે બે મહિના લંબાઈ છે. હાલમાં લોકસભા ચૂંટણીની આચારસંહિતા ચાલી રહી હોવાને કારણે મુંબઈ ઝોને દુકાનોની લિલામી આગળ ધકેલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આથી હવે ઈચ્છુકોએ ૬ જૂન સુધી રાહ જોવી પડશે. ઘર સાથે મ્હાડા તરફથી દુકાનો પણ બાંધવામાં આવી છે. વિવિધ યોજના અંતર્ગત બાંધવામાં આવેલી ૧૭૩ દુકાનનું વેચાણ કરવા માટે હાલમાં જ મ્હાડાના મુંબઈ બોર્ડ તરફી જાહેરાત આપવામાં આવી હતી. આમાં મલાડ, માલવણી ખાતે સૌથી વધુ ૫૭ ગાળાનો સમાવેશ થાય છે. પ્રતીક્ષાનગર, સાયન ખાતે દુકાન માટે ૨૫.૫૦ લાખથી ૪૫.૫૦ લાખ સુધીની દુકાનો, જ્યારે ગોરેગાંવ પૂર્વના બીંબીસાર ખાતે આવેલી દુકાનો માટે રૂ. ૮૦ લાખથી ૧૩.૧૩. કરોડ સુધીની બોલી નિશ્ચિત કરવામાં આવી છે. દુકાનો માટે મ્હાડાએ નિશ્ચિત કરેલી બોલીથી વધુ બોલી લગાવનારા અરજીકર્તાને દુકાન આપવામાં આવશે. જોકે દુકાનોની લિલામી કંઇ પહેલી વાર લંબાઈ નથી. આ પહેલાં પણ દુકાનોની બોલી નિશ્ચિત કરવામાં આવેલી તારખીથી લંબાવવામાં આવી હતી. આ પહેલાં ૧૯મી માર્ચે બોલી થવાની હતી. તેને પાંચમી એપ્રિલ સુધી લંબાવવામાં આવી હતી. ■

સાસુની વિકૃતતા: પુત્રવધૂની અશ્લીલ તસવીરો પાડી

પનવેલ: સાસુ અને પુત્રવધૂ વચ્ચે વિવાદ થવાની અનેક ઘટના સાંભળવા મળતી હોય છે, પણ બે દિવસ અગાઉ ખાંદેશ્વર પોલીસ સ્ટેશનમાં શિક્ષિકાએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેની સાસુની વિકૃતતા સામે આવી હતી. ચુનાભટ્ટી વિસ્તારમાં આ ઘટના બની હતી.

૩૩ વર્ષની પીડિતાનાં લગ્ન બે વર્ષ અગાઉ ચુનાભટ્ટી વિસ્તારમાં રહેનારા યુવક સાથે થયાં હતાં. પીડિતા લગ્ન બાદ પતિ અને સાસુ-સસરા સાથે રહેતી હતી.

પીડિતાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે તેની ઇચ્છા વિરુદ્ધ પતિએ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું અને તેને ત્રાસ આપ્યો હતો, જ્યારે આનાથી પણ ભયાનક કામ સાસુએ કર્યું હતું. સાસુએ એ સમયે તેની અશ્લીલ તસવીરો પાડી હતી.

દરમિયાન પતિ અને સાસુના વારંવારના ત્રાસથી કંટાળીને પુત્રવધૂ પિયર જતી રહી હતી અને બાદમાં તેણે પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. પુત્રવધૂની વાતો સાંભળી પોલીસ પણ અવાક થઇ ગઇ હતી. ખાંદેશ્વર પોલીસ સ્ટેશનમાં ૩૦ માર્ચે ફરિયાદ નોંધાઇ હતી અને કેસ મુંબઈ પોલીસને ટ્રાન્સફર કરાયો હતો. ■

એટીએમમાં સિનિયર સિટિઝનોના રૂપિયા કાઢી લેનારા બે પકડાયા

થાણે: નવી મુંબઈમાં એટીએમ સેન્ટરોમાં સિનિયર સિટિઝનોને ટાર્ગેટ કરીને મદદ કરવાને બહાને તેમના ખાતામાંથી રૂપિયા કાઢી લેનારા બે આરોપીને પોલીસે ઝડપી પાડી લોકઅપભેગા કરી દીધા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

નવી મુંબઈ અને થાણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આ ઘટનાઓ બની હતી. ક્રાઇમ યુનિટ-૨ (પનવેલ)ના અધિકારીઓએ ઝડપી પાડેલા બંને આરોપીની ઓળખ સયેન કમલુદ્દીન ખાન અને મોહંમદ શબાન ઇલિયાસ ખાન તરીકે થઇ હતી. નવી મુંબઈના કામોઠે વિસ્તારમાં એટીએમ સેન્ટરમાં સિનિયર સિટિઝન સાથે રૂ. એક લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ પોલીસને મળી હતી. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં શંકાસ્પદ ગતિવિધિ નજરે પડી હતી. પોલીસે શકમંદોના વાહનને ઓળખી કાઢ્યું હતું અને બાદમાં પોલીસ બંને આરોપીને પકડવામાં સફળ રહી હતી. (પીટીઆઇ)■

સાંગલીમાં માર્ગ અકસ્માતમાં ચાર મજૂરનાં મોત

મુંબઈ: સાંગલી જિલ્લામાં ટ્રેક્ટર સાથે ટ્રક ભટકાતાં ચાર મજૂરનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય ૧૦ જણને ઇજા પહોંચી હતી.

કવઠે મહાંકાળ ખાતે મિરજ-પંઢરપુર માર્ગ પર મંગળવારે આ અકસ્માત થયો હતો. શેરડી લઇ જતા ટ્રેક્ટરના એન્જિનનો પટ્ટો ક્ષતિગ્રસ્ત થતાં તેને હાઇવે પર ઊભું રાખવામાં આવ્યું હતું.

એન્જિનનો પટ્ટો બદલવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે પુરપાટ વેગે આવી રહેલી ટ્રક રસ્તાને કિનારે ઊભેલા ટ્રેક્ટર સાથે ભટકાઇ હતી.

આ અકસ્માતમાં ચાર મજૂરનાં ગંભીર ઇજાને કારણે મોત થયાં હતાં, જ્યારે ૧૦ જણને ઇજા પહોંચી હતી, જેમને સારવાર માટે મિરજની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અકસ્માતમાં મૃત્યુ પામેલા ચારેય મજૂરનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગ્રામીણ હોસ્પિટલમાં મોકલાયા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. (પીટીઆઇ)■

હત્યાની શંકા વ્યક્ત કરાયા બાદ બાળકનો દફનાવાયેલો મૃતદેહ બહાર કઢાયો

જાલના: જાલના જિલ્લામાં ૧૧ વર્ષના બાળકનું મૃત્યુ થતાં તેને દફનાવવામાં આવ્યો હતો, પણ બાળકની તેના પિતાએ હત્યા કરી હોવાની માતાએ શંકા વ્યક્ત કર્યા બાદ મંગળવારે તેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. બાળકની ઓળખ અરિયાન ભાટસોડે તરીકે થઇ હોઇ તે જાલનાના માલેગાંવ ગામમાં ૩૦ માર્ચે તેનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું.

ઇન્સ્પેક્ટર સુરેશ ઉનવાનેએ કહ્યું હતું કે અરિયાનની માતા સિંદુબાઇએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં અરિયાનના મૃત્યુમાં તેનો પતિ રાવસાહેબ ભાતસોડે સંડોવાયેલો હોવાનો આક્ષેપ કર્યો હતો અને દફનવિધિ ઉતાવળે કરાઇ હોવાનું જણાવ્યું હતું.

સિંદુબાઇ અને તેના પતિ વચ્ચે વિવાદ થયા બાદ તે પતિને છોડી બુલઢાણા જિલ્લામાં રહેવા લાગી હતી. પિતા રાવસાહેબ તાજેતરમાં અરિયાનને માલેગાંવ ખાતે લાવ્યો હતો.

૩૦ માર્ચે સિંદુબાઇને જાણ કરવામાં આવી હતી કે તેના પુત્રને અકસ્માત નડ્યો છે. તે માલેગાંવ પહોંચી ત્યારે બાળકનો મૃતદેહ તેણે જોયો હતો. તેના શરીર પર અમુક નિશાન હતા.પરિવારજનોએ પોલીસને જાણ કર્યા વિના ઉતાવળે દફનવિધિ કરી દીધી હતી.

વધુ તપાસ માટે બાળકના મૃતદેહને બહાર કાઢવા સ્થાનિક અદાલતની પરવાનગી લેવામાં આવી હતી અને બાળકના પિતાને પૂછપરછ માટે તાબામાં લેવાયો હતો. (પીટીઆઇ)■



શ્રધ્ધાંજલી

જન્મ : ૦૫-૦૪-૧૯૩૭

શ્રીજીચરણ : ૦૩-૦૪-૨૦૧૪

સ્વ. પ્રિતમભાઈ ભીખાલાલ પરીખ

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સસ્મરણ વધુ યાદગાર બને છે.
જેમાં પ્રીતમ આપની સ્મૃતિ એક વરદાન છે.
તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે.
શ્રીજી આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
દસમી પૂણ્ય તિથી
નિમીત્તે પરીખ પરીવાર ની સ્મરણાંજલી.

NIMIT KRAFTPACK INDUSTRIES - KILLA PARDI

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સંસ્થા સમાચાર

મુંબઈની સુશીલાબેન મહેતા અને સર કીકાભાઈ હૉસ્પિટલની અનુપમ સેવાને સહુએ બિરદાવી

મુંબઈ-સાયનની માતુશ્રી સુશીલાબેન આર. મહેતા અને સર કીકાભાઈ હૉસ્પિટલની રજત જયંતી ઉજવણી પ્રસંગે દીપ પ્રાગટ્ય અરૂણાબેન મનુભાઈ શાહ અને રસેલભાઈ અરૂણભાઈ મહેતાના હસ્તે કરવામાં આવેલ.

૨૫ વર્ષની અનુપમ સેવાને બિરદાવતા સર્વશ્રી રસેલ મહેતા, ડૉ. ભટ્ટાચાર્ય, ઘનશ્યામભાઈ ધોળકિયા, અજયભાઈ શેઠ, ડૉ. અશોક શ્રોફ, ચેરમેન હિરેનભાઈ શાહ વગેરેએ હૉસ્પિટલના ફાઉન્ડર ટ્રસ્ટી આજીવન સેવાના ભેખધારી શ્રી મનુભાઈ શાહ (વેકરીવાળા)ની દીર્ઘદૃષ્ટિ અને ડૉક્ટરો, કર્મચારી, દાતાઓની સેવા ભાવનાને સહુએ બિરદાવી હતી. વધુમાં જ્યારે જરૂર પડે ત્યારે સહયોગી બનવા આહ્વાન કરતાં સહુ ભાવવિભોર બન્યા હતા.

કોલકાતામાં પૂ.શ્રી ધીરગુરુદેવનો નવલખા ઉપાશ્રયે રવિવારે નગર પ્રવેશ

ગોંડલ સંપ્રદાયના પૂ.શ્રી ધીરગુરુદેવ આયંબિલ ઓળી પર્વ પ્રસંગે કમાણી જૈન ભવનના આંગણે પધારતાં હોઈ ભાવિકોમાં અનેરો ઉમંગ છવાયો છે.

તા. ૭-૪-૨૪ને રવિવારે સવારે ૭.૩૦ કલાકે હાવડા બ્રીજ અને ૮ કલાકે નંદારામ મારકેટથી સ્વાગત સામૈયું ૨૭ પોલોક સ્ટ્રીટ, નવલખા ઉપાશ્રયે નગર પ્રવેશ કર્યા બાદ ૯.૩૦ કલાકે સ્વાગત સમારોહ શ્રેષ્ઠિવર્ય ચંદ્રવદનભાઈ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલ છે. સાધર્મી ભક્તિનો લાભ ઉષાબેન વિનોદરાય પુનાતર પરિવારે લીધેલ છે.

જ્યારે તા. ૧૪-૪ને રવિવારે સવારે ૮.૩૦ કલાકે તારાબેન જેઠાલાલ મોદી પરિવારના બિંદુબેન હરેશભાઈ મોદીના નિવાસેથી ૮.૩૦ કલાકે આયંબિલ ઓળી પર્વ પ્રસંગે સ્વાગત યાત્રા ૯.૦૦ કલાકે તેરાપંથ ભવનમાં પહોંચ્યા બાદ ૯થી ૧૧ કલાકે Who controls your life – તમારા જીવનને કોણ નિયંત્રણ કરે છે? વિષય પર પ્રવચન મધ્યે પ્રેરણાના તંત્રી અજયભાઈ શેઠ વક્તવ્ય આપશે. તા. ૧૫-૪ને સોમવારથી નવપદ આયંબિલ ઓળીની આરાધના અહિંસાભવનમાં ઉજવાશે. દરરોજ ૯.૦૦થી ૧૦.૧૫ કલાકે પ્રવચનશ્રેણીનું લાઈવ પ્રસારણ બીનાબેન અજયભાઈ શેઠ – મુંબઈ તરફથી યુટ્યૂબમાં 'ધીર પ્રવચન ધારા' ચેનલમાં કરાશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રમણીકભાઈ ખારા, અતુલભાઈ દોશીના માર્ગદર્શનમાં સંઘકમિટી જહેમત ઉઠાવી રહેલ છે. વૈયાવચ્ચ પ્રેમી ભાવિન અને આરતી દોશીનું (સુગલ ઍન્ડ દામાણી ગ્રૂપ) સન્માન ભાવના શેઠના હસ્તે કરાયું હતું.

પકડાયેલા સાત ચાંચિયાઓની ઉંમરની તપાસ કરોઃ કોર્ટ

મુંબઈઃ ભારતીય નૌકાદળ દ્વારા અરબી સમુદ્રમાં દિલધડક ઓપરેશનમાં પકડવામાં આવેલા સોમાલિયાના ૩૫ ચાંચિયામાંથી સાત ચાંચિયાઓની ઉંમરની તપાસ કરવાનો આદેશ સ્પેશિયલ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. ૩૫માંથી સાત ચાંચિયાઓની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોવાની એટલે કે તે સગીર હોવાની શંકા હોવાને પગલે કોર્ટે ઉક્ત આદેશ આપ્યો છે. સાતેય ચાંચિયાઓએ પોતે જ તેઓ સગીર હોવાનો દાવો કર્યો છે. કોર્ટે તેમના જન્મનો દાખલો, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ વગેરે મેળવી તેમના દાવાની તપાસ કરવાનું જણાવ્યું હતું.

મુંબઈમાં ગરમી વધતા એસી ટ્રેનમાં ભીડ વધી

મુંબઈઃ મુંબઈમાં તાપમાનનો પારો ઊંચો જઈ રહ્યો હોવાથી ગરમીનું પ્રમાણ ખાસ્સું વધી ગયું છે. આ પરિસ્થિતિમાં પશ્ચિમ રેલવેની એર કન્ડિશન્ડ લોકલ ટ્રેનોની ટિકિટ વેચાણમાં ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે. પહેલી એપ્રિલે પશ્ચિમ રેલવેએ એસી ટ્રેન માટે ૩,૫૬૧ સીઝન પાસ અને ૨૩,૬૨૩ દૈનિક ટિકિટ જારી કર્યા હતા. આ વર્ષના ફેબ્રુઆરી અને માર્ચ મહિનાની સરખામણીએ દૈનિક સ્તરે આ માંગણી ઘણી વધારે હતી એમ રેલવે પ્રવક્તાએ જણાવ્યું હતું. ફેબ્રુઆરીમાં એસી ટ્રેન માટે માસિક ૧,૪૩૧ પાસ જારી થયા હતા જ્યારે દરરોજ સરેરાશ ૧૭,૯૨૨ ટિકિટનું વેચાણ થયું હતું. માર્ચ મહિનામાં માસિક પાસની સંખ્યા ૧,૪૫૨ હતી જ્યારે ૧૭,૮૯૧ ટિકિટ આપવામાં આવી હતી. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

ગણેશભક્તોએ

ટ્રેનોનું આરક્ષણ ખૂલું મુકાવાનું છે. આને કારણે નોકરી કરનારાઓએ ગણપતિ માટે ગામ જવાનું આયોજન કરવું ઘણું સહેલું રહેશે. નિયમિત ટ્રેનોની સાથે ગણપતિ સ્પેશિયલ ટ્રેનોનું રિઝર્વેશન પણ થોડી જ મિનિટોમાં ફુલ થઇ જતું હોય છે. આને કારણે નોકરી કરનારાઓનું નામ હંમેશાં વેઈટિંગ લિસ્ટમાં જ રહેતું હોય છે. ગણેશોત્સવમાં ગયા વર્ષની માફક કોંકણ લાઈન પર દીવા-ચિપલુણ અને દીવા-રત્નાગિરિ મેમુ સ્પેશિયલ ચલાવવાની દૃષ્ટિએ રેલવે પ્રશાસને અત્યાર સુધી ભાર આપ્યો હોવાથી પ્રવાસીઓની અડચણો દૂર થતી હોય છે.

મહારાષ્ટ્રમાં ૧૦મીથી

આવશે. આ બેઠકોમાંથી રામટેક બેઠક ઉપર હાલ શિંદે જૂથના સાંસદ છે જ્યારે ચંદ્રપુરમાં કૉંગ્રેસના સાંસદ છે. બાકીની ત્રણેય બેઠક ઉપર હાલ ભાજપના સાંસદ છે. એટલે કે ચંદ્રપુર બેઠક ઉપર મહાયુતિનો વિજયી પરચમ લહેરાવવા માટે કમર કસવામાં આવી રહી છે. જ્યારે બાકીની બેઠકો ઉપર જીત હાંસલ કરવા માટે વધુ શ્રમ કરવો પડે તેવી જરૂર ન હોવાનું હાલ જણાઇ રહ્યું છે.

વિદર્ભને ભાજપનો ગઢ માનવામાં આવે છે ત્યારે મહારાષ્ટ્રમાં 'મિશન-૪૫' એટલે કે ઓછામાં ઓછી ૪૫ બેઠકો ઉપર વિજય મેળવવા માટે વિદર્ભની તમામ બેઠકો જીતવાનું મહાયુતિના પક્ષોનું લક્ષ્ય છે.

નાશિકમાં શિંદેને

છે. જો ગોડસે અપક્ષ ચૂંટણી લડે તો મહાયુતિ તરફથી એનસીપીના છગન ભુજબળ, મહાવિકાસ આઘાડી તરફથી રાજાભાઉ વાઝે અને અપક્ષ હેમંત ગોડસે આમ ત્રિપક્ષી જંગ નાશિકમાં જોવા મળી શકે છે.

આ જ મામલે ચર્ચા કરવા માટે હેમંત ગોડસે અને શિંદે જૂથના અમુક નેતાઓ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મુલાકાત લે અને ચર્ચા કરે તેવી માહિતી મળી છે.

આ પૂર્વે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ મહાયુતિમાં ફક્ત અમુક બેઠકો બાબતે મતભેદ હોવાની વાત કબૂલી હતી. આ બેઠકમાં નાશિક બેઠકનો પણ સમાવેશ થાય છે. જો મનસેની મહાયુતિમાં એન્ટ્રી થાય તો મનસે પણ નાશિક બેઠક ઉપરથી લડવા ઇચ્છુક હોવાની શક્યતા છે.

મેઈન્ટેનન્સ

આવ્યો છે. આ અધિકાર સોસાયટી પાસેથી છીનવી લેવો એ અયોગ્ય છે. એને તમે આંચકી ન શકો, એવું ન્યાયાધીશ અમિત બોરકરની એક જજની બનેલી ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું.

લિગસી હાઉસિંગ સોસાયટીએ આ અરજી કરી હતી. ૧૨ સભ્યની આ સોસાયટી છે. તેમાંનો એક સભ્ય વર્ષોથી મેઈન્ટેનન્સ ભરતો નહોતો. તેની મેઈન્ટેનન્સની રકમ રૂ. ૩૦ લાખ પહોંચી ગઇ હતી. એ રકમ વસૂલ કરવા માટે હાઉસિંગ સોસાયટીએ ડેપ્યુટી રજિસ્ટ્રારને અરજી કરી હતી. વસૂલી માટે પ્રોપર્ટીને જપ્ત કરવા માટેની કાર્યવાહીને મંજૂરી આપવા માટેની વિનંતી સોસાયટીએ કરી હતી, પણ રજિસ્ટ્રારે સોસાયટીની વિનંતીને નકારી દીધી હતી. રજિસ્ટ્રારના ફેંસલાને સોસાયટીએ હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. હાઈ કોર્ટે આ બાબતે રજિસ્ટ્રારના કાન આમળ્યા હતા અને સોસાયટીને રાહત આપતો ફેંસલો સંભળાવ્યો હતો.

ક્રિકેટ રમવા આવેલા

માટે ટ્રેન પકડી હતી. ત્યાં તેના મોબાઇલ પર બેન્કમાં વ્યવહાર થયા હોવાના મેસેજ આવ્યા હતા. તેના બેન્ક એકાઉન્ટમાંથી રૂ. એક લાખ કાઢી લેવાયા હતા, જ્યારે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ચાર દુકાનમાંથી રૂ. પાંચ લાખથી વધુની કિંમતના દાગીના ખરીદવામાં આવ્યા હતા.

એફઆઇઆર અનુસાર વિવેક દવે ક્રોસ મેદાનમાં ત્રણ કલાક સુધી ક્રિકેટ રમતો હતો. એ સમયે તેના પાકીટમાંથી ક્રેડિટ અને ડેબિટ કાર્ડ ચોરવામાં આવ્યાં હતાં. તેના આધારે ગઠિયાએ એટીએમમાંથી એક લાખ ઉપાડી લીધા હતા, જ્યારે જ્વેલર્સની દુકાનમાંથી ખરીદી કરી હતી. દરમિયાન વિવેકે તેને આવેલા મેસેજને આધારે એક દુકાનનો સંપર્ક કર્યો હતો, જ્યાં તેના કાર્ડનો ઉપયોગ કરાયો હતો. દુકાનના માલિકે તેને આરોપીનું સીસીટીવી કેમેરાના ફૂટેજ મોકલ્યું હતું. આ ફૂટેજ બાદમાં પોલીસને સોંપાયું હતું. (પીટીઆઇ)

રાજ ઠાકરેને

મહાયુતિમાં સામેલ થાય તેની ચર્ચાને અસર થાય તેવી શક્યતા છે. કેન્દ્રીય પ્રધાન તેમ જ રિપબ્લિકન પાર્ટી ઑફ ઇન્ડિયા(આરપીઆઇ)ના અધ્યક્ષ રામદાસ આઠવલેએ મનસેને મહાયુતિમાં સામેલ કરવાથી કોઇ ફાયદો નહીં થાય, તેવું નિવેદન આપ્યું છે. આઠવલેએ મનસે વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મનસેને મહાયુતિમાં સામેલ કરીને મત મેળવવાની બાબતે ફાયદો થાય તેવું જણાતું નથી. રાજ ઠાકરે સાથે મારા વૈચારિક મતભેદ ભલે હોય પણ તે મારા મિત્ર છે. તે રાજ્યના નામદાર નેતા છે અને ઉત્તમ વક્તા પણ છે. રાજ્યમાં મોટી સભાઓનું આયોજન કરવું અને ઇવેન્ટ મેનેજમેન્ટ કરવું તે તેમની ઉત્તમ કળા છે. તેમની સભાને લોકોનો મોટો પ્રતિસાદ પણ મળે છે. જોકે, મનસેને ચૂંટણીમાં મતો નથી મળતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહાયુતિમાં એનસીપીમાંથી અજિત પવાર, શિવસેનામાંથી એકનાથ શિંદે, કૉંગ્રેસમાંથી અશોક ચવ્હાણ અને બાબા સિદ્દીકી જેવા નેતાઓ આવ્યા છે ત્યારે હવે મહાયુતિને રાજ ઠાકરેને સામેલ કરવાની જરૂર નથી.

આઠવલેના આ નિવેદનથી રાજ ઠાકરે સાથે મહાયુતિની થતી ચર્ચા ઉપર અવળી અસર થાય તેવી શક્યતા દેખાઇ રહી છે.

ટિકિટ ન મળતા

મોટા સાંસદ ઠાકરે જૂથમાં પ્રવેશ કરશે, એવા સમાચારથી ફરી એક વખત રાજકારણ ગરમાવાનું શરૂ થયું છે.

મહાયુતિ ગઠબંધન દ્વારા આગામી ચૂંટણીમાં ૪૦૦ કરતાં વધુ બેઠક જીતવા માટે પ્રચારની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે, પણ મહાયુતિ વચ્ચે સીટોની વહેંચણીને લઈને હજુ સુધી કોઈ પણ નિવારણ આવ્યું નથી. આવી પરિસ્થિતિમાં જળગાવ ભાજપના વર્તમાન સાંસદ ઉન્મેષ પાટીલ ઉદ્ધવ ઠાકરે જૂથમાં પ્રવેશ કરીને શિવબંધન બાંધશે એવી જોરદાર ચર્ચા ચાલી રહી છે. ઉન્મેષ પાટીલનું લોકસભા ચૂંટણીમાં પત્તું કપાતા ભાજપ દ્વારા જળગાવની બેઠક પર સ્મિતા વાઘને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે, જેથી ઉન્મેષ પાટીલ આ સીટ પરથી ચૂંટણી લડવા માટે ઠાકરે જૂથમાં પ્રવેશ કરી શકે છે, એવી માહિતી સૂત્રોએ આપી હતી.

ઉન્મેષ પાટીલના ઉદ્ધવ જૂથમાં પ્રવેશ બાબતે ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે ઉન્મેષ પાટીલ ભાજપથી નારાજ હોઈ શકે છે અને તેમણે અમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ઉન્મેષ પાટીલ શિવસેનામાં જોડાશે કે નહીં તે બાબતે હજી સુધી કોઈ પણ માહિતી મારી પાસે નથી.

એક અહેવાલ મુજબ ભાજપના ઉન્મેષ પાટીલ સાથે નાશિકથી શિંદે જૂથના સાંસદ હેમંત ગોડસેને પણ ટિકિટ ન મળતા તેઓ તેમના પક્ષથી નારાજ હોવાની ચર્ચા છે. હેમંત ગોડસેને ઉમેદવારી આપવા માટે ભાજપ અને અજિત પવાર જૂથે વિરોધ કર્યો હતો, જેથી હેમંત ગોડસે પણ પક્ષ પલટો કરશે એવી ચર્ચા શરૂ થઈ છે. માત્ર સંજય રાઉતે આ બાબતે કહ્યું હતું કે ગદ્દારો માટે અમારા પક્ષના દરવાજા હંમેશા માટે બંધ રહેશે. રાઉતે કહ્યું હતું કે સાંસદ ગોડસે શિંદે જૂથમાં હતા તો પણ અમે તેમને ચૂંટીને લાવ્યા હતા, પણ હવે તેઓ કેટલી પણ અરજી કરે કે અમારા પક્ષનો દરવાજો ખખડાવે તો પણ તેમની માટે પક્ષનો દરવાજો બંધ જ રહેશે. અમે નિષ્ઠાવાન, પ્રામાણિક, સ્વાભિમાની લોકો અને શિવસૈનિકોને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં સાથે લાવ્યા છે, પણ ગદ્દારોને સામેલ કરવાથી નિષ્ઠાવાન લોકોનું અપમાન થશે, એવું રાઉતે કહ્યું હતું.

દક્ષિણ મુંબઈમાં

છે. તેથી બેસ્ટની બસ નંબર ૧૬૮ની ડાઉન દિશાની બસ આઝાદ નગર જંકશનને બદલે રઘુનાથ સખારામ મહાડિક માર્ગે, સખ્ખર પંચાયત ચોક (રફી અહમદ કિડવાઈ માર્ગ)નો ઉપયોગ કરશે. તેથી બસ નંબર ૧૬૮નો રફી અહમદ કિડવાઈ માર્ગ પરનો માધવનગર એ ડાઉન દિશાનો બસ થાંબલો રદ કરવામાં આવ્યો છે. એ પ્રમાણે જ બસ નંબર ૬૩ અને એ-૧૭૪ આ ડાઉન દિશાની બસ આઝાદ નગર જંકશનથી રફી અહમદ કિડવાઈ માર્ગે, સખ્ખર પંચાયત ચોકથી યુ ટર્ન લઈને રફી અહમદ કિડવાઈ માર્ગ, આઝાદનગર જંકશન પર ડાઈવર્ટ થશે. આ ફેરફાર બે એપ્રિલ, ૨૦૨૪થી આગામી બે મહિના સુધી રહેશે.

પાંચ માર્ચથી

બેઠકોની વહેંચણીની ચર્ચા 'ફાઈનલ' સુધી પહોંચી હતી.

પ્રારંભિક તબક્કામાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ) અને એનસીપી (અજિત પવાર જૂથ) દ્વારા લોકસભાની બેઠકો માટે વધુ બેઠકોની માગણી કરવામાં આવી હતી અને તેને કારણે બેઠકોની વહેંચણીમાં ભારે અવરોધ ઊભો થયો હતો અને આખરે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા બેઠકોની વહેંચણીની ચર્ચામાં હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. પાંચમી માર્ચે રાતે ૧૦.૧૫ વાગ્યે અમિત શાહની હાજરીમાં ફડણવીસ અને અજિત પવારની ચર્ચા થઈ હતી. ૩૦ મિનિટ સુધી આ ચર્ચા ચાલ્યા પછી ફડણવીસ અને પવારને રવાના કરી દેવામાં આવ્યા હતા અને પછી મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અમિત શાહ વચ્ચે લગભગ ૫૦ મિનિટ સુધી ચર્ચા થઈ હતી. આ બેઠકો બાદ નેતાઓ દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે બેઠકોની વહેંચણીની મડાગાંઠ ઉકેલાઈ ગઈ છે.

જોકે, ત્યારબાદ પણ વાટાઘાટોના અનેક દોર ચાલ્યા હતા અને કેટલીક બેઠકોને કેન્દ્રમાં રાખીને ચર્ચા થઈ હતી. આખરે ૧૮ માર્ચે શિવસેનાના સંસદસભ્ય રાહુલ શેવાળેએ કહ્યું હતું કે મહાયુતિની ૪૨ બેઠકો પર નિર્ણય થઈ ગયો છે અને હવે ફક્ત છ બેઠકો પર ચર્ચા બાકી છે. અત્યારે મળતી માહિતી અનુસાર શિવસેના ૧૩ બેઠક પર, એનસીપી છ બેઠક પર અને ભાજપ ૨૬ બેઠક પર ચૂંટણી લડવાની છે. કેટલીક બેઠકો મનસેને આપવાની પણ વિચારણા થઈ રહી છે. ૨૮ તારીખે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે એવી જાહેરાત કરી હતી કે બેઠકોની વહેંચણીની ચર્ચા ફાઈનલ તબક્કા પર પહોંચી ગઈ છે અને ૯૯ ટકા બેઠકોની વહેંચણી થઈ ગઈ છે. આ સમયે ઘટક પક્ષોના બધા જ સિનિયર નેતાઓ હાજર હતા. બેઠકોની વહેંચણી અંગેની છેલ્લી જાહેરાત નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કરી હતી અને તેમાં તેમણે પણ એવો દાવો કર્યો હતો કે બેઠકોની વહેંચણી ફાઈનલ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં તેની જાહેરાત કરવામાં આવશે.

ક્યાં છે અવરોધ?

મહાયુતિની બેઠકોની વહેંચણીમાં પાંચ બેઠકો પર મામલો ગુંચવાયો છે. આ બેઠકોમાં થાણે, પાલઘર, નાશિક, ધારાશિવ અને માવળ બેઠકનો સમાવેશ થાય છે. છઠી રત્નાગિરિ-સિંધુદુર્ગની બેઠક હતી જેના પરથી નારાયણ રાણેને લડવાનો રસ્તો ખુલી ગયો છે. ભંડારા-ગોંદિયા અને ધારાશિવની બેઠક પરથી વર્તમાન સાંસદોને ભાજપે ઉમેદવારી જાહેર કરી દીધી હોવાથી હવે તે બેઠકોની પણ સમસ્યા રહી નથી. શિરૂરની બેઠક પરથી એનસીપીએ ઉમેદવાર આપી દીધો છે.

મુંબઈ-પુણે

એક્સપ્રેસ હાઈવે (યશંવતરાવ ચવ્હાણ એક્સપ્રેસ) પર ગૅન્ટ્રી બેસાડવાનું કામ કરવામાં આવવાનું છે. આ કામ સતત બે દિવસ બુધવાર અને ગુરુવારના બપોરના બાર વાગ્યાથી બે વાગ્યા દરમિયાન કરવામાં આવવાનું છે.

ગૅન્ટ્રી બેસાડવા માટે બપોરના આ બે કલાક દરમિયાન મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર તમામ પ્રકારના હલકા અને ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. આ સમય દરમિયાન વાહનચાલકોને પર્યાયી માર્ગ પરથી પ્રવાસ કરવાનો રહેશે.

ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ એક્સપ્રેસ હાઈવે પરથી પુણેથી મુંબઈ તરફ જનારા તમામ પ્રકારનો વાહનોને કિવળે બ્રિજ પરથી જૂના મુંબઈ-પુણે હાઈવે પરથી મુંબઈ તરફ વાળવામાં આવશે. મુંબઈથી પુણે તરફ જનારા તમામ પ્રકારના વાહનો કુસગાવ ટોલનાકા (લોનાવાલા એક્ઝિટ) પરથી જૂના મુંબઈ-પુણે હાઈવે પરથી પુણે દિશા તરફ જઈ શકશે.

હિન્દુ મરણ

કોળી પટેલ

ગામ સાલેજ હાલ મીરા રોડના નિર્મળાબેન (ચીનુબેન) ઈશ્વરલાલ પટેલ (ઉ.વ. ૬૩) શુક્રવાર, તા. ૨૯-૩-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. ઈશ્વરલાલના પત્ની. પંકજ, અલ્પેશના માતુશ્રી. ટીના (મેઘના), હિનાના સાસુ. રચિત, તનયના દાદી. બેસણું ગુરુવાર, તા. ૪-૪-૨૪ના ૩ થી ૫ તથા પુચ્છપાણી બુધવાર, તા. ૧૦-૪-૨૪ના ૩ થી ૪ તેમના નિવાસસ્થાનઃ બી વિંગ, ૮૦૨, સેરિનિટિ સોસાયટી, પૂનમ ગાર્ડન, એસ. કે. સ્ટોન, મીરા રોડ (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે).

કોળી પટેલ

ગામ ગંઘોરના સ્વ. મણીબેન તથા સ્વ. લલ્લુભાઇ લક્ષ્મણભાઇ પટેલના પુત્રવધૂ અ. સૌ. પુષ્પાબેન જીવણભાઇ પટેલ (ઉ. વ. ૬૭) શનિવાર, તા. ૩૦-૩-૨૪ના રોજ દેવલોક પામ્યા છે. તે ગૌતમ, રાજેશ્રી (રીના)નાં માતા. લક્ષ્મીબેન, ઠાકોરભાઇ, નિર્મળાબેન, સ્વ. પ્રવીણભાઇના ભાભી. દમયંતીબેન, સ્વ. કાંતાબેનના જેઠાણી. સ્વ. નિર્મળાબેન તથા મગનભાઇ જીવણજી પટેલના દીકરી. ભરત, ભાવિકા, પ્રિયા, ભાવના, માધુરીના કાકી-કાકી સાસુ. બેસણુ તા. ૧-૪-૨૪ના ૨થી ૫. તેમ જ બારમાની પુષ્પપાણીની ક્રિયા બુધવાર, તા. ૧૦-૪-૨૪ના, ૩થી ૫. ઠે. જીવણભાઇ લલ્લુભાઇ પટેલ, એ. એન્ડ.ઓ. પ્લાઝિયો, ફલેટ નં. ૧૦૭, નટવર નગર, રોડ નં.૧. જોગેશ્વરી (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

દમણીયા દરજી

વસઇ નિવાસી કીરીટ દમણીયા (ઉ. વ. ૫૬) તે સ્વ. મંજુલાબેન તથા સ્વ. મોહનલાલ કલ્યાણજીના સુપુત્ર જયંતીલાલ કલ્યાણજીના ભત્રીજા, ગીતા પરમારના પતિ. નીતા અને નીતીનના ભાઇ. તા. ૨૬-૩-૨૪ના દેવલોક પામેલ છે. તેમનું બેસણું તા. ૬-૪-૨૪ના ઠે. વિષ્ણુ મંદિર, મહાજન વાડી, મીરા રોડ, (ઇ), વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, ૩થી ૫.

નવગામ ભાટિયા

ધ્રોલ નિવાસી હાલ ભાંડુપ ચુનીલાલ વલ્લભદાસ વેદ (ઉ. વ. ૯૮) તે સ્વ. રૂક્ષ્મણીબેનના પતિ. મહેન્દ્ર, સ્વ. વિજય, અ. સૌ. કિરણ મનહર શ્રોફ તથા વિણા હર્ષદ સંપટના પિતાશ્રી. સ્વ. લાલજી ભાણજી નેગાંધીના જમાઇ. અ. સૌ. ઉષા,ગીતા તથા આશાના સસરા. અ. સૌ. શ્વેતા જીવંત આશર તથા પ્રજ્ઞેશના દાદા. સ્વ. કાકુ ભાઇ, સ્વ. ચરણદાસભાઇ, સ્વ. મુકતાબેન તથા સ્વ. પુષ્પાબેનના ભાઇ તા. ૧-૪-૨૪ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૪-૨૪ના ૫-૩૦થી ૭. ઠે. ગીતા હોલ, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ

નિર્મળાબેન પંડ્યા (ઉં. વ. ૭૯) તે સ્વ. કનૈયાલાલ રણછોડદાસ પંડ્યાના પત્ની સ્વ. દુર્લભજી બાળાશંકર જાનીના દિકરી. મહેશ, જીતેન, પ્રીતિના માતા. બીના, કૃપાલી, કિરણકુમારનાં સાસુ. જય, આદિત્ય, અદિતિ, અંજલી, પ્રાચીના દાદી-નાની, શુક્રવાર તા. ૨૯-૩-૨૪ના કૈલાસવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૧૮, સીટી આર્ચ સોસાયટી, માનપાડા રોડ, ડોમ્બિવલી (પૂર્વ).

ભાવનગરી મોચી

હમીરપરા હાલ બોરીવલી મથુરભાઇ સીબાભાઇ સોલંકી તા. ૩૧-૩-૨૪ના રવિવારે રામચરણ પામ્યા છે (ઉં. વ. ૮૭) સ્વ. અંજવાળીબેન સોલંકીના પતિ. સ્વ. મગનભાઇ, સ્વ.નાનુભાઇ, સ્વ. બાબુભાઇ, નર્મદાબેન, રંભાબેન, સ્વ. પ્રેમબેન, સ્વ. કાંતુબેન, સ્વ. હિરાબેનના ભાઇ. ભરત, અરવિંદ, જગદીશ, વિજય, સ્વ. મધુબેન, રસીલાબેન, રમીલાબેનના પિતાશ્રી. મંજુલા, કલ્પના, મિનાક્ષી, રેખા નાથાભાઇ, સ્વ. સંતોષકુમાર રમેશકુમારના સસરા. સગાપરા ભવાનભાઇ સુખાભાઇ મકવાણાના જમાઇ. કેવલ, ભાવિકા, ભૂમિકા, રેશ્મા, હિમાંશુ, કૃપાલી, ધાર્મિક, હર્ષ, રૂહીના દાદા. પ્રાર્થનાસભા તા.૪-૪-૨૪ ગુરુવારે ૪થી ૬. ઠે. શ્રી બોરીવલી કપોળ સમાજ વાડી, એમ. જી. રોડ નં-૧, જી. એચ. હાઇસ્કૂલની સામે, બોરીવલી (પૂ).

ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ

મહુવા નિવાસી હાલ ઘાટકોપર મુંબઇ સ્વ. બાબુલાલ કેશવજી શેઠના ધર્મપત્ની ગં. સ્વ. કાંતાબેન શેઠ (ઉં. વ.૯૫) તા. ૧-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતરાય શેઠ, મુકેશ શેઠ, સુરેશ શેઠ, પ્રતાપ શેઠ, બિપીન શેઠ, જયોત્સના નવનીત શાહ તથા સ્વ. આશા અનિલ લાખાણીના માતુશ્રી. ગં.સ્વ. ચંદ્રિકા ગુણવંતરાય શેઠ, સ્વ. હંસા મુકેશ શેઠ, ભદ્રા સુરેશ શેઠ, ઉષા પ્રતાપ શેઠ, સ્વ. રીટા બિપીન શેઠના સાસુ. પ્રાર્થનાસભા તા.૪-૪-૨૪ના ગુરુવારે ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

કપોળ

મહુવાવાળા હાલ કાંદિવલી સ્વ. ખુશાલદાસ ત્રિભોવનદાસ ગાંધીના ધર્મપત્ની જયાબેન (જેકીબેન) (ઉં. વ. ૮૮) રવિવાર તા. ૩૧-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જયેશભાઇ, નીરૂબેન જયંતકુમાર સંઘવી, દક્ષાબેન શિરીષકુમાર મહેતા, જયોતિબહેન પિયુષકુમાર મહેતાના માતા. પ્રજ્ઞાના સાસુ. નિશીતના દાદી. તે જીવણલાલ (જીકુભાઇ)ના નાનાભાઇની પત્ની. પિયર પક્ષે જાફરાબાદવાળા સ્વ. હરીલાલ હરગોવિંદદાસ મહેતાની દિકરી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૪-૨૪ના પથી ૭. ઠે. લોહાણા મહાજનવાડી, ૨જે માળે, શંકરના મંદિરની બાજુમાં, એસ. વી.રોડ, કાંદિવલી (વેસ્ટ). લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

કચ્છી માહેશ્વરી વણિક

રંજનબેન મુંદ્રા (દહીંસર) (ઉં. વ. ૬૭) તે સ્વ. ક્રાંતિલાલ ખીમજી મુંદ્રાનાં ધર્મપત્ની સંદિપ અને કિરણનાં માતૃશ્રી. આશાબેનનાં સાસુ. ધ્રુવ અને નીલનાં દાદી. શીવજી ભાણજી ભુતડા, પનવેલનાં સુપુત્રી. ૦૧.૪.૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી બુધવાર ૩.૪.૨૪ના ૪.૩૦થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, સર્વોદય હોલ, બીજા માળે, એલ.ટી રોડ, ગ્રયમંડ ટોકિઝની સામે, બોરીવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

હાલાઇ બ્રહ્મક્ષત્રિય

અ. સૌ. ત્રીવેણી કાટબામણા માંગરોળવાળા હાલ મુંબઇ (ઉ.વ. ૬૮) તે વલ્લભદાસ જગજીવન કાટબામણાના ધર્મપત્ની. તે હર્ષિકા, પ્રજ્ઞા નિમેશકુમાર વિંછી તે યાસીતા બકુલકુમાર જોગી, તે ગિતેશનાં માતુશ્રી. પરમાણંદ ડાયાલાલ મચ્છર (જેતપુર)ના દીકરી. તે સ્વ. રતનબેન, તરુબેન, કલાબેન, ઇન્દુબેન, તે હકુબેનની ભાભી. તે ઇશા, નિહારના નાની તા. ૧-૪-૨૪ના શ્રીરામશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છ

હાલાઇ ભાટિયા (વીરજિયાણી)

પ્રતાપસિંહ લક્ષ્મીદાસ સંપટ (ઉં. વ. ૮૫) તે ૩૧/૩/૨૪ના શ

ઇન્ટરવલ

કવર સ્ટોરી_

નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.cc



સોના કરતાં શેરમાં વધુ બખ્ખાં

સોનામાં ફરી અગઝરતી તેજી અને આસમાને પહોંચતા ભાવની ચર્ચા ચગડોળે ચઢી છે. બજારમાં અને પ્રસાર માધ્યમોમાં સોનાચાંદીના ભાવમાં ભલતા જ ઊંચા ભાવ સંભળાઇ રહ્યાં છે. આ તરફ ઇક્વિટી માર્કેટમાં સેન્સેક્સ અને નિફ્ટી નવા વિક્રમી શિખરો સર કરી રહ્યાં છે, જોકે પ્રોફિટ બુકિંગને કારણે તેમાં પીછેહઠ પણ જોવા મળી છે. આપણે આ મામલામાં જોકે ગ્રાહક દૃષ્ટિકોણને બાજુએ મૂકીને જો રોકાણકારોની દૃષ્ટિએ જોઇએ તો પાછલા વર્ષ સોનાચાંદીએ રોકાણકારોને નિરાશ કર્યા છે. આની સામે ઇક્વિટી માર્કેટમાં રોકાણકારોને રાજીના રેડ કરી દીધા છે.

અમેરિકાના ફેબ્રુઆરી મહિનાના ફુગાવાના ડેટા અપેક્ષિત કમ્ફર્ટ લેવલની નીચે રહ્યાં હોવાના ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલના કથન બાદ અમેરિકાની આ બેન્કિંગ ક્ષેત્રની નિયામક જૂન મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકશે એવો આશાવાદ જાગવાને કારણે આંતરરાષ્ટ્રીય બુલિયન માર્કેટ અને તેની પાછળ સ્થાનિક સ્તરે હાજર અને વાયદા બજારમાં સોનાચાંદીના ભાવમાં તેજીનો ચમકારો જોવા મળ્યો છે.

એક તરફ વૈશ્વિક પરિબળોને કારણે સોનાચાંદીના ભાવ વધ્યા છે, તો બીજી તરફ સ્થાનિકમાં લગ્નસરાની મોસમની ઘરાકીને કારણે માગ વધુ રહેતા બંને કિંમતી ધાતુના ભાવમાં ચમકારો આવ્યો છે. જોકે આ ચમકારો તાત્કાલિક ધોરણનો છે અને તે કેટલો લાંબો ટકી શકે એનો અંદાજ લગાવી શકાય એમ નથી.

સોનું હંમેશા સેફ ઇન્વેસ્ટમેન્ટ ગણાય છે, પરંતુ વાત જ્યારે રિસ્ક એન્ડ રિટર્ન આવે છે ત્યારે રોકાણકારો હંમેશા મોટા જોખમ સામે સારા રોકાણને પસંદ કરતા હોય છે. અલબત્ત સલામતીને પ્રાધાન્ય આપતા ઇન્વેસ્ટર્સ સેફ હેવન પસંદ કરે છે. આપણે પાછલા નાણાકીય વર્ષનું સરવૈયું જોઇએ તો શેરબજારે વર્ષ રોકાણકારોને વર્ષ ૨૦૧૦ પછીનું સૌથી વધુ રિટર્ન આપ્યું છે.

રોકાણકારોએ પાછલા નાણાંકીય વર્ષમાં મેળવ્યું સારું વળતર

એ સાથે સોના અને ચાંદીમાં પણ ઇન્વેસ્ટર્સ વર્ગને સતત બીજી વર્ષે કમાણી થઇ છે, પરંતુ મુદ્દો એ છે કે સોનાની તુલનાએ સેન્સેક્સમાં બમણું રિટર્ન મળ્યું છે. એકંદરે રોકાણકારો માટે વિદાય લેતું વર્ષ સારું રહ્યું છે.

સરવાળે શેરબજાર, સોના અને ચાંદીમાં સારા વળતર સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ વિદાય લીધી છે. વાર્ષિક ધોરણે ગણતરી કરીએ તો રોકાણકારોને શેર અને સોનામાં જબરદસ્ત વળતર મળ્યું છે. જોકે એ નોંધવું રહ્યું કે, રોકાણના અન્ય સ્ત્રોતની તુલનામાં ચાંદીમાં ઓછું વળતર મળ્યું છે. શેરબજારમાં ઊથલપાથલના અનેક દોર વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ ૨૫ ટકાથી વધુ રિટર્ન જોવા મળ્યું છે.

આર્થિક અનિશ્ચિતતાના પડકારો વચ્ચે શેરબજારે રોકાણકારોને એકંદરે આકર્ષક દેખાવ સાથે એક વર્ષ બાદ ફરી પોઝિટિવ રિટર્ન અપાવ્યું છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંતિમ ટ્રેડિંગ સેશનમાં ૨૮ માર્ચ, ૨૦૨૨૪ના રોજ સેન્સેક્સ ૬૫૫ પોઇન્ટ ઉછળી ૭૩,૬૫૧ પોઇન્ટના સ્તરે બંધ થયો છે. તો વર્ષ પૂર્વે ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ સેન્સેક્સ ૫૮,૯૯૧ પોઇન્ટની સપાટીએ

(જુઓ પાનું ૬) ▶▶

ગુજરાત ડાયરી મનોજ મ. શુકલ

feedback@bombaysamachar.com

ગુજરાતીનો દરિયા કિનારો પૂરતી સુરક્ષા વ્યવસ્થાનાં અભાવે સાવ રેઢો પડ્યો છે?

ગુજરાત રાજ્ય પાસે ૧૬૦૦ કિલોમીટરનો સમૃદ્ધ દરિયા કિનારો છે.પરંતુ તેનાં રક્ષણ કે સંરક્ષણ અંગે ગુજરાત સરકાર સંપૂર્ણ બેદરકારી દાખવી રહી છે એવું દેખાય છે.આનો પુરાવો એ છે કે ગુજરાત સરકારે તાજેતરમાં જ વિધાનસભામાં માહિતી આપી હતી કે છેલ્લા ૩ વર્ષમાં ગુજરાતના દરિયાઇ વિસ્તારમાંથી રુ.૨૧૦૦૦/-કરોડથી પણ વધુ રકમનું ડ્રગ્સ પકડાયું છે. ગુજરાતના લાંબા અને સમૃદ્ધ દરિયા કિનારાના રક્ષણ માટે ગુજરાત મરીન પોલીસનું એક અલગ દળ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ કમનસીબી એ છે કે એ દળ પાસે દરિયાનાં રક્ષણ માટે જરુરી એવી બોટ જ પ્રાપ્ય નથી.આ અંગે ચોંકાવનારી વિગતો એવી છે કે ગુજરાતમાં ૨૨ મરીન પોલીસ સ્ટેશન છે અને તેમની પાસે કુલ ૩૦ પેટ્રોલીંગ બોટ છે.તે પૈકીની એક સળગી ગઈ છે એટલે હવે માત્ર ૨૯ બોટ સેવારત છે.

આ પૈકીની અડધોઅડધ સમારકામના અભાવે બંધ પડી છે.તેનુ કારણ એ છે કે તા.૧૫ મે થી તા.૩૧ જુલાઈ સુધીમાં સમારકામ કરાવવાનું હોય છે પરંતુ મેઇન્ટેસનો કોન્ટ્રાકટ જે કંપનીને અપાયો હતો તેની મુદત જુલાઈ -૨૦૨૨મા પુરી થઈ ગઈ હતી અને નવો કોન્ટ્રાકટ અપાયો નહોતો.આના પરીણામે આજે એવી સ્થિતિ છે કે નવા બંદર મરીન પોલીસ સ્ટેશનની ૩મા થી ૧બોટ કાર્યરત છે, સલાયા તથા હજીરા મરીન પોલીસની ૨ બોટ બંધ છે, સોમનાથ અને પોરબંદર મરીનની ૩માં થી ૨ બોટ બંધ છે,વાડીનાર અને ભાવનગરની ૨માં થી ૧ બોટ બંધ છે, જ્યારે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનની ૨બોટ છે અને બન્ને ચાલુ છે.દરિયાઈ જળસીમાની સુરક્ષા એ અત્યંત નાજુક અને સંવેદનશીલ મામલો છે અને તે અંગે ગુજરાત સરકાર સંપૂર્ણ સંવેદનહીન છે એવું નથી લાગતુ?

ગુજરાતનાં કલાક્ષેત્રે અત્યારે માહોલ સાવ જુદો અને આઘાતજનક બની ગયો છે

ગુજરાતનાં રાજકારણમાં જેમ નવા દ્રશ્યો જોવા મળે છે એ રીતે અત્યારે ગુજરાતના રંગમંચલક્ષી કલાનાં ક્ષેત્રનો માહોલ પણ સાવ જુદો ને આઘાતજનક બની ગયો છે.આ અંગે વાત જાણે એમ છે કે ગુજરાતનાં લોકસાહિત્યના યુવાન,લોકપ્રિય અને તેજસ્વી કલાકાર રાજભા ગઢવી અને પાલીતાણાના કોઈ રામભા ગઢવી વચ્ચે થયેલી ટેલિફોનીક વાતચીતનો ઓડિયો આજકાલ ગુજરાતમાં ભારે વાઈરલ થયો છે.આ ઓડિયોમાં કોઈ પ્રવીણદાન ગઢવીનો નામોલ્લેખ પણ થયો છે અને એ પ્રવીણદાને રાજભાને ફોન કરીને અગાઉ ખૂબ ગાળો આપેલી એવી પણ વાતો સાંભળવા મળી.આ રાજભા અને રામભા વચ્ચે થયેલી ટેલિફોનીક વાતચીત તાર સ્વરે થતી સંભાળાય છે અને તેમાં દેવીપુત્રોને શોભે એવી વાણી કે વિવેકનો સદંતર અભાવ જણાય છે.રામભા ગઢવી આમાં બીભત્સ શબ્દોનો ઉપયોગ એકથી વધુ વાર કરે છે એવું સંભળાયું છે! કલાક્ષેત્રમાં કીર્તિ ને કલદાર

કમાયેલો ઉંચા ગજાનો કલાકાર રાજભા આવા વિવાદમાં સપડાય એ મોટી કમનસીબી છે! તેમના પુરોગામી ભીખુદાન ગઢવી,લાખાભાઇ ગઢવી, રામભાઇ ગઢવી અને બચુભાઈ ગઢવી જેવા કલાકારોએ ડાયરાના સ્ટેજ પર ૩૦- ૪૦-૫૦ વર્ષ પસાર કર્યા પણ કોઈ દિવસ એક પણ વિવાદમાં નથી આવ્યા.આ સંસ્કાર વારસો જો નવી પેઢી ન સાચવી શકે તો એ ગુજરાતનાં કલાક્ષેત્રની કમનસીબી જ ગણવી રહી, બીજુ શું?

બનાસકાંઠામાં કોંગ્રેસી ઉમેદવાર ગેનીબહેન ઠાકોર આક્રમક પ્રચાર કરી રહ્યા છે

ગુજરાતમાં કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટે જે ઉમેદવારો જાહેર કર્યા છે તે પૈકીના એક ઉમેદવાર બનાસકાંઠાનાં ગેનીબેન ઠાકોર છે.હાલ ધારાસભ્ય તરીકે પણ સેવા આપતા આ ગેનીબહેન પોતાનો પ્રચાર બહુ આકર્ષક અને આક્રમક તરીકે કરે છે. કોઈકવાર કોક વિસ્તારમાં સાડીના છેડાથી ગળા સુધી લાજ કાઢીને સભાને સંબોધે છે અને પુત્રવધૂ તરીકે મત માંગે છે તો કોક જગ્યાએ બહેન બનીને ભાઈઓ પાસે વીરપસલીરુપે મત માંગે છે.હમણાં વળી ગરીબ કોંગ્રેસના

(જુઓ પાનું ૬) ▶▶

સાયબર સાવધાની

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

ગંદા હૈ પર ધંધા હૈ, ચોરી હૈં પર ચાંદી હૈ

સમય સાથે બધું બદલાય છે, બદલાવું પડે છે. પરિવર્તન જ સંસારનો નિયમ છે. સાયબર ક્રાઇમનું પાટનગર પૂછો એટલે સૌથી પહેલા નામ આવે જામતારા, હિન્દીમાં જામતાડા, પરંતુ જામતારા ખૂબ છાપે ચડયું, બદનામ થયું. એના પર વેબ સિરીઝ પણ બની ગઇ.

એ બધું તો ઠીક, પણ ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર દ્વારા ચલાવાતા સાયબર ફોરેન્સિકસના રડારમાં ય જામતારા આવી ગયું. અહીંના મોબાઇલ ફોન ટાવર પર સાયબર ક્રાઇમ અમલદારોની બાજ નજર રહેવા માંડી.

ઝારખંડના જામતારામાં શિક્ષણનો અભાવ, વિકાસનો અભાવ અને નોકરી-ધંધાનો ય અભાવ. એવામાં સૌને મોબાઇલ દેવની કૃપાથી મલાઇદાર ધંધો મળી ગયો. સૌ માલામાલ થવા માંડયા. પણ 'ધંધાની ભારે પ્રગતિ'થી પોલીસવાળા પાછળ પડી ગયા. કરવું શું? ખબર કે ગંદો પણ ધંધો કરે છે ને ચોરી પણ ચાંદી છે. પાછું બીજું કંઇ આવડે નહીં. વગર મહેનતે ફટાફટ થોકબંધ રૂપિયા મેળવી લેવાની આદત પણ પડી ગઇ.

વિકલ્પો માટે નજર દોડાવતા ધ્યાનમાં આવ્યું આસનસોલ. જામતાડાથી ૪૦ કિ.મિ.ના અંતરે આવેલું પશ્ચિમ બંગાળ રાજયનું નગર. એક સમયે ઔદ્યોગિક નગર



તરીકે જાણીતું હતું પણ. હવે એ ભવ્ય ભૂતકાળના ખંડેરો સિવાય કંઇ બચ્યું નહીં.

જામતારાના 'વ્યાપાર સાહસિકો' માટે આસનસોલ અનેક કારણોસર ઉમદા વિકલ્પ બની રહ્યું. એક, જામતારાથી નજીકમાં હતું. બે ત્યાં સગા-સંબંધી હતા જેના પર થોડો-ઘણો વિશ્વાસ મૂકી શકાય. ત્રણ, પોતાના 'ધંધા'માં જોડાવા બેકાર યુવાનો તત્પર હતા. ચાર, આસનસોલમાં ઘણાં મોબાઇલ ફોન ટાવર હોવાથી કનેકટીવીટીનો પ્રોબ્લેમ નહોતો.

બસ, પોલીસના દબાણ અને સાયબર ક્રાઇમ એજન્સીઓની નજરથી બચવા માટે 'ધંધો' આસનસોલ સ્થળાંતરિત થવા માંડયો. આમેય આસનસોલ મોટા ઉદ્યોગ બંધ થયા બાદ ખાસ કંઇ નવું શરૂ થયું નહોતું. સરકારી નોકરીઓમાં પણ ભરતી થઇ નહોતી. ઉપરાંત ભૂતકાળમાં ધમધમતી ફેકટરીઓ અને ગોદામ હવે સાવ અવાવરા પડયાં હતાં. જેનો ભાડા વગરની ઑફિસ માટે ઉપયોગ થઇ શકે. આનાથી વધુ વેપારની સરળતા-સુવિધા શું હોઇ શકે?

આસનસોલમાં 'ધંધો' જામવા માંડયો. જોતજોતામાં યુવાનો મોંઘાદાટ ટુ વ્હિલર દોડાવતા થઇ ગયા. કારણકે જમીન-ફેકટરીમાં મૂડી રોકાણ નહીં. માણસોનાય પગાર નહીં. મૂડીરોકાણ માત્ર સ્માર્ટ ફોન અને જથ્થાબંધ સિમ કાર્ડ મેળવવા પૂરતું હોય. આ ખર્ચો તોતિંગ પ્રમાણમાં સાવ નહિવત્ ગણાય.

એક નગરની 'વિકાસ-ગાથા'માં કેવો અકલપ્ય વળાંક આવ્યો? હા, શરૂઆતમાં જામતારામાં 'આપનું ડેબિટ / ક્રેડિટ કાર્ડ બ્લોક થઇ ગયું છે, ના મેસેજ મોકલતા હતા, તો અહીં 'આપની ઇલેકટ્રીસીટી/વૉટર લાઇન કપાઇ જશે'ની પોકળ ધમકી આપીને લિન્ક પર ક્લિક માટે મજબૂર કરાતા હતા. ■



પ્રાસંગિક___અમૂલ દવે

feedback@bombaysamachar.com

પુતિનની જવલંત જીતનો નશો ઊતરી ગયો ....

...કારણ કે આંતિરક હરીફોને તો ખતમ કર્યા, પરંતુ બાહ્ય શત્રુઓ એને હંફાવે છે !

વ્લાદિમીર પુતિને તાજેતરમાં રશિયાની ચૂંટણીમાં સોવિયેત સંઘનું અસ્તિત્વ ખતમ થયા પછીની ઐતિહાસિક અને વિક્રમી જીત તો મેળવી, પરંતુ જીતની ઉજવણી પણ ન કરી શક્યા.

ચૂંટણીની જીત પછી સાત દિવસની અંદર જ એક સાંજે મોસ્કોમાં યુરોપની ધરતી પરનો સૌથી મોટો આતંકવાદી હુમલો થયો હતો, જેમાં ૧૩૭ લોકો માર્યા ગયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે.

એ સાંજે, એસોલ્ટ રાઇફલ્સ સાથે સજ્જ હુમલાખોરો મોસ્કોની બહારના કોન્સર્ટ હોલમાં પ્રવેશ્યા પછી આડેધડ લગભગ એક કલાક સુધી ગોળીબાર કર્યો ત્યારે ગભરાયેલા લોકોએ ભાગી જવા માટે નાસભાગ શરૂ કરી હતી. આંધળા ગોળીબાર પછી હુમલાખોરોએ સ્થળને આગ ચાંપી દીધી હતી. મૃત્યુઆંક ૨૦૧૫ના વિનાશક પેરિસ હુમલા કરતાં થોડો વધારે છે.

આ હુમલાથી રશિયનો, પ્રમુખ પુતિન અને આખી દુનિયા ચોંકી ગઈ હતી. આનું સ્પષ્ટ અને સચોટ કારણ એ છે કે રશિયામાં આવા મોટા આતંકવાદી હુમલા થતા નથી. રશિયા અને મુસ્લિમો વચ્ચે કોઈ સીધો ખટરાગ નથી. સરમુખત્યાર પુતિનનું તો નાક કપાઈ ગયું છે. અમેરિકાએ હુમલાની એલર્ટ અને ગુપ્ત બાતમી આપી હોવા છતાં પુતિન અને એમનું તંત્ર આ હુમલાને નાકામયાબ બનાવવામાં વિફળ ગયા છે. એમનું ગુપ્તચર તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે. પોતાની નિષ્ફળતા છુપાવવા પુતિને આનો દોષનો ટોપલો બિચારા યુક્રેન પર ઢોળવાની કોશિશ કરી છે. હુમલો રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને નુકસાન પહોંચાડી શકે છે . પુતિન આ હુમલાનો ઉપયોગ યુક્રેન સામેના યુદ્ધને વેગ આપવા માટે કરવા માગે છે. કુખ્યાત આતંકવાદી જૂથ 'ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા' (આઈએસઆઈએસ)એ રાત્રે કોન્સર્ટ હોલમાં ઘૂસીને ઓછામાં ઓછા ૧૩૭ લોકોની બંદૂકો, છરીઓ અને બોમ્બથી હત્યા કર્યા પછી જવાબદારી સ્વીકારી છે. દેશમાં સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં પુતિનનું નેતૃત્વ અત્યાર સુધી સફળ રહ્યું હતું એટલે એમના માટે આ હત્યાકાંડ ભયંકર શરમજનક છે. કેટલાક નિષ્ણાતો કહે છે કે આવો હુમલો થઈ શકે તેવી અમેરિકન ચેતવણીઓ એમણે ફગાવી દીધી હોવાથી એમની રશિયા પરની લોખંડી પકડ નબળી પડી શકે.

જ્યારે વાસ્તવમાં ઘરની નજીક અન્ય જોખમો છે ત્યારે યુક્રેન સામેના યુદ્ધ વિશે રશિયા અને પુતિન આટલા બધા આડંબરી કેમ છે,? એ પણ કોઈનું ધ્યાન ગયું નથી કે પુતિને એના દેશને સંબોધિત કરવા માટે હુમલા પછી લગભગ ૨૦ કલાક રાહ જોઈ હતી. એ પછી એમણે માત્ર પાંચ મિનિટનું ભાષણ આપ્યું ત્યારે પુતિને 'આઈએસઆઈએસ'નો ઉલ્લેખ કેમ ન કર્યો ? આ સંગઠનના અફઘાન સહયોગી, આઈએસઆઈએસ-કે એ હુમલાની જવાબદારી સ્વીકારી છે, પુતિને હુમલાને રોકવામાં ગુપ્તચર સેવાઓની નિષ્ફળતા અથવા સુરક્ષા સેવાઓને નિષ્ફળ બનાવવાનો ઉલ્લેખ કર્યો નહોતો. એમણે માત્ર એટલું જ સૂચવ્યું કે યુક્રેને હુમલાખોરોને ભાગી જવાની યોજના બનાવવામાં મદદ કરી હતી.

આઈએસઆઈએસ-કે લાંબા સમયથી રશિયાને મુખ્ય દુશ્મન તરીકે માને છે. ૨૦૧૭ માં સીરિયાની ઓચિંતી મુલાકાત પર, પુતિને આઈએસઆઈએસ- પર ''સંપૂર્ણ વિજય''ની જાહેરાત કરી હતી.

હકીકત તો એ છે કે આ હુમલામાં યુક્રેનિયનની કોઈ સંડોવણી નહોતી. ચાર કથિત બંદૂકધારી તાજિકિસ્તાનના નાગરિકો છે, જે મધ્ય એશિયામાં એક ભૂતપૂર્વ સોવિયેત પ્રજાસત્તાક છે જે મુખ્યત્વે મુસ્લિમ છે અને અફઘાનિસ્તાનની સરહદે છે. ૧.૫ મિલિયન જેટલા તાજિકોએ રશિયામાં કામ કર્યું છે અને ઘણાની પાસે રશિયન નાગરિકતા છે.

નવ વર્ષ પહેલાં, સીરિયામાં ફ્રેન્ચ અને બેલ્જિયન ભરતીના જૂથને કારણે બંને દેશોમાં હુમલાઓનું મોજું ફરી વળ્યું હતું. છેલ્લા ૧૮ મહિનામાં, આઈએસઆઈએસએ તેની અફઘાન શાખા દ્વારા મધ્ય એશિયાઈ આતંકવાદીઓની ભરતી કરવા માટે એક નક્કર પ્રયાસ કર્યો છે, જે ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રાંત તરીકે ઓળખાય છે. રશિયન બોલતા, અથવા તો રશિયન નાગરિકો હોવાને કારણે, આ ભરતી કરનારાઓ સરળતાથી મોસ્કોમાં લક્ષ્ય સુધી પહોંચી શકે છે, હુમલા માટે ઘણી નવી તક પ્રદાન કરે છે. રશિયા ઘણાં વર્ષોથી આઈએસઆઈએસને નારાજ કરતું આવ્યું છે. આઈએસઆઈએસના નેતાઓ, ઘણા ઇસ્લામિક આતંકવાદીઓની જેમ, સીરિયામાં બશર અલ-અસદના શાસન માટે રશિયન સમર્થનથી વાકેફ છે.

પાકિસ્તાનથી નાઇજીરિયા સુધી આઈએસઆઈએસના પ્રચાર દ્વારા કરવામાં આવેલો એક મુખ્ય મુદ્દો એ છે કે મોસ્કોએ ઇસ્લામ વિરુદ્ધ અસ્તિત્વની, ૧,૪૦૦ વર્ષ જૂની લડાઇમાં રોકાયેલા ખ્રિસ્તી અથવા પશ્ચિમી દળોના વ્યાપક ગઠબંધનનો એક ભાગ છે. હુમલાની જવાબદારી સ્વીકારતા આઈએસઆઈએસનાં નિવેદનોમાં ખ્રિસ્તીઓની 'હત્યા' ની બડાઈ ફૂંકવામાં આવી છે. આઈએસઆઈએસના નેતાઓ રશિયાને તાલિબાનના શાસનના સતત સમર્થક તરીકે પણ જોઈ રહ્યા છે. ૧૯૯૯ માં ચેચન્યામાં રશિયાનું લોહિયાળ યુદ્ધ પણ એક પરિબળ હોઈ શકે છે.

શંકાસ્પદોની રશિયન સત્તાવાળાની પૂછપરછ વિશેષ ઘાતકી હોવાનું જણાય છે.એમની પૂછપરછના ફરતા વીડિયો સૂચવે છે કે પુરુષોને ત્રાસ આપવામાં આવ્યો હતો.... પુતિને પુરાવા વિના દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલ ચાર બંદૂકધારીએ યુક્રેન ભાગી જવાની યોજના બનાવી હતી. યુક્રેનના પ્રમુખ, વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું છે કે પુતિન અને તેમની નજીકના અન્ય લોકો રશિયન ગુપ્તચર નિષ્ફળતાઓથી દોષ દૂર કરવા માગે છે. યુએસએ કહ્યું છે કે તેને બાતમી મળી છે કે આઈએસઆઈએસ-કેએ એકલા હાથે કામ કર્યું છે.

પુતિને સત્તા પર પહેલેથી જ ચુસ્ત પકડ રાખી છે. ૭૧ વર્ષના પુતિને નવી છ વર્ષની મુદતની શરૂઆત કરી છે જે જોસેફ સ્ટાલિનને પાછળ છોડી દેશે. જો એ આ મુદત પૂર્ણ કરે તો ૨૦૦ વર્ષથી વધુ સમય સુધી રશિયાના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર નેતા બનશે. પુતિને ૮૭.૮% વોટ મેળવ્યા, જે રશિયાના સોવિયેત પછીના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી ભવ્ય વિજય છે...

ગયા મહિને આર્કટિક જેલમાં મૃત્યુ પામેલા વિપક્ષી નેતા એલેક્સી નવાલનીથી પ્રેરિત, હજારો વિરોધીઓએ રશિયાની અંદર અને વિદેશમાં મતદાન મથકો પર પુતિન સામે વિરોધ કર્યો હતો. પુતિન રશિયાની ચૂંટણીને લોકશાહી ગણે છે અને જણાવ્યું હતું કે એમની સામે નવાલની પ્રેરિત વિરોધની ચૂંટણીના પરિણામ પર કોઈ અસર થઈ નથી.

યુક્રેન પર આક્રમણ કરવાનો આદેશ આપીને બીજા વિશ્વયુદ્ધ પછીના સૌથી ભયંકર યુરોપિયન સંઘર્ષને ઉત્તેજિત કર્યાના

(જુઓ પાનું ૬) ▶▶

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

A	B
Bar	ફળ
Bare	સહન કરવું
Bear	ઉઘાડું
Bray	પ્રતિબંધ
Berry	ભૂંકવું

ઓળખાણ રાખો

બેડમિન્ટનની રમતમાં ક્રાંતિ લાવનારા ઈન્ડોનેશિયન ખેલાડીની ઓળખાણ પડી? ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં તેણે આઠ વખત વિજેતાપદ મેળવ્યું હતું.

અ) લિન ડેન બ) રુડી હાર્ટોનો ક) કેવિન સંજયા ડ) રાશિદ સિદેક

ગયા વખતનો ઉકેલ

૧ સુ	૨ ના	૩ વ	ણી		૪ વે	૫ ર	૬ વિ	ખે	૭ ર
૮ ત	રા	૫		૯ ધ		૧૦ સી	સુ		મ
રા		૧૧ રા	ચ	ર	૧૨ ચી	લું		૧૩ સા	ઝ
૧૪ ઉ	૧૫ જા	શ		૧૬ પ	ક્કા		૧૭ ખૂ	સ	ટ
	મ		૧૮ સા	ક	ર			ર	
	૧૯ ગ	ર	બ	ડ		૨૦ સ	૨૧ હ	વા	૨૨ સ
૨૩ સૂ	રી		ર		૨૪ શ		૨૫ સ	સ	લા
ફિ		૨૬ પ		૨૭ સ	ર	૨૮ હ	દ		હ
૨૯ યા	દ	ગા	૩૦ ર		૩૧ બ	ર		૩૨ ટાં	કા
ણી		૩૩ ર	હે	મ	ત		૩૪ સા	ગ	ર

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨	૩		૪		૫		૬
		૭			૮	૯			
૧૦					૧૧			૧૨	
			૧૩	૧૪					
૧૫	૧૬			૧૭	૧૮				૧૯
૨૦				૨૧				૨૨	
	૨૩	૨૪			૨૫		૨૬		
૨૭				૨૮			૨૯	૩૦	
			૩૧			૩૨		૩૩	
૩૪					૩૫				

આડી ચાવી

૧. ઘણીવાર, વારંવાર (૬)
૫. શિખામણ, અભિપ્રાય (૩)
૭. તિરાડ (૨)
૮. રિવાજ (૩)
૧૦. કોઈપણ તોતિંગ ચીજ કે ઘટના (૨)
૧૧. હસ્તાક્ષરમાં પોતાનું નામ લખવું (૨)
૧૨. --- કાપવું એટલે ઈજ્જતલેવી (૨)
૧૩. બધે જ શરતો --- પડે (૨)
૧૫. જીવલેણ (૩)
૧૭. લાભ અને નુકસાન (૪)
૨૦. કિનારો (૨)
૨૧. ઘોડાની --- ખેંચવી પડે (૩)
૨૨. તદ્દન, બિલકુલ, સંપૂર્ણ પણે (૨)
૨૩. દશ વર્ષ જૂનો બૌદ્ધ સાધુ (૩)
૨૫. કપડાના બે ભાગ કરે (૩)
૨૮. નદીના કિનારાનો ભાગ (૨)
૨૯. બગલાં (૩)
૩૧. કાબૂમાં લેવું તે (૨)
૩૩. વર્તણૂક, રિવાજ, ચાલી (૨)
૩૪. નખરાં કરનારી (૪)
૩૫. ભ્રષ્ટ વર્તન, દુરાચાર, પાપ (૪)

ઊભી ચાવી

૧. પોતાની વાતનું પોતે જ ખંડન કરવું (૬)
૨. વાવાઝોડું (૩)
૩. રૂઆબ, આબરૂ, ટેક (૨)
૪. પ્યાસ (૩)
૫. સોગંદ, શપથ (૨)
૬. કંઠ, સૂર, શોભા (૩)
૯. સુરક્ષિત (૬)
૧૨. સંજ્ઞા, યાદગીરી, કીર્તિ (૨)
૧૪. હોળી ઉપર ઊડાડાય (૩)
૧૬. કિનારે રહેનાર (૩)
૧૮. ભાગવું તે (૪)
૧૯. આજનું ભવિષ્ય (૫)
૨૪. જાણકાર (૨)
૨૬. પરમેશ્વર, પરવરદિગાર (૨)
૨૭. બીજાની જવાબદારી લઈ કબૂલાત આપનાર (૩)
૨૮. બંધન (૨)
૩૦. વિવશ (૩)
૩૧. વધારામાં, ઉપરાંત (૨)
૩૨. નકલ, અંગચેષ્ટા, અડપલાં (૨)

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'જીવનમાં અનેક લોકોની અનેક અભિલાષા હોય છે' પંક્તિમાં અભિલાષા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અબીલ બ) ભીલ ક) આકાંક્ષા ડ) મહેનત

ગુજરાત મોરી મોરી રે

'જેનું ભોજન આરોગ્યું હોય એની સાથે જ બેવફાઈ કરવી' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઇ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ધણીનું ગાવાં ખાવું ધાન વીરાનાં ગીત

માતૃભાષાની મહેક

પલક એટલે આંખનો પલકારો. પલકવારમાં એટલે થોડી વારમાં. પલક શબ્દ સાથે મળી જાતજાતના અને ભાતભાતના શબ્દો બન્યાં છે. જેમ કે પલકદરિયા એટલે વાદળાં. થોડી વારે તેજ થાય અને થોડી વાર પછી ઝાંખો પડી જાય એ પલકદીવડો તરીકે ઓળખાય છે. પલકમતીસંગમ નર્મદાના દક્ષિણ તટ પર આવેલું સ્થળ છે. અહીં વનવાસના સમયે પાંડવોએ યજ્ઞ કર્યો હતો.

ઈર્શાદ

એની બહુ નજીક જવાની આ સજા છે,
મળતો હતો જે દૂરથી એ સહકાર પણ ગયો.

– મરીઝ

માઈન્ડ ગેમ

એક ચતુષ્કોણના ચાર ખૂણા પૈકી જો ત્રણ ખૂણાનું માપ અનુક્રમે ૮૫ અંશ, ૧૦૮ અંશ, ૭૬ અંશ હોય તો બાકી રહેલા ચોથા ખૂણાનું માપ ગણતરી કરીને જણાવો.

અ) ૬૫ અંશ બ) ૮૦ અંશ
ક) ૮૫ અંશ ડ) ૯૧ અંશ

સુડોકુ-૫૦૫૪

૭	૫				૪		૧	
૩	૮	૧			૭			૬
	૪		૫	૩		૮		૨
		૪	૧	૭			૫	
	૬			૨	૮	૪		
૧		૬		૫	૨		૮	
૯			૪			૬	૨	૫
	૨		૮				૩	૭

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૫૦૫૩

૫	૬	૯	૩	૨	૧	૭	૪	૮
૩	૪	૧	૫	૭	૮	૬	૯	૨
૮	૨	૭	૯	૪	૬	૩	૧	૫
૯	૭	૫	૮	૧	૨	૪	૬	૩
૪	૮	૬	૭	૩	૯	૨	૫	૧
૧	૩	૨	૬	૫	૪	૯	૮	૭
૨	૯	૮	૧	૬	૩	૫	૭	૪
૬	૫	૩	૪	૮	૭	૧	૨	૯
૭	૧	૪	૨	૯	૫	૮	૩	૬

ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

A	B
CLOUD	વાદળું
CLOUGH	ઊંડી ખીણ
CLOVE	લવિંગ
CLOWN	વિદૂષક
CLOG	નડતર

ગુજરાત મોરી મોરી રે
છાણના દેવને કપાસિયાની આંખ

ઓળખાણ પડી?
બોબી ફિશર

માઈન્ડ ગેમ
હરિપ્રસાદ વ્યાસ

ચતુર આપો જવાબ
ઉખાણું ઉકેલો
કપાળ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રદ્ધા આશર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) ડૉ. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જયશ્રી બુચ (૧૧) મહેન્દ્ર લોઢાવીય (૧૨) વિભા મહેશ્વરી (૧૩) નીતા દેસાઈ (૧૪) મહેશ સંઘવી (૧૫) લડજીતા ખોના (૧૬) પુષ્પા પટેલ (૧૭) મહેશ સંઘવી (૧૮) હર્ષા મહેતા (૧૯) હર્ષા મહેતા (૨૦) જ્યોતી ખાંડવાલા (૨૧) નિખીલ બંગાળી (૨૨) અમીષી બંગાળી (૨૩) મીનળ કાપડિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) સુરેખા દેસાઈ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) કલ્પના આશર (૨૯) મહેશ દોશી (૩૦) અરવિંદ કામદાર (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અંજુ ટોલીયા (૩૩) નિતીન જે. બજેરીયા (૩૪) અલકા વાણી (૩૫) સુભાષ મોમાયા (૩૬) પ્રતીમા પામાની (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) પુષ્પા ખોના (૩૯) પ્રવીણ વોરા (૪૦) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૪૧) રજનીકાંત પટવા (૪૨) સુનીત પટવા (૪૩) ભાવના કર્વે (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) રમેશભાઈ દલાલ (૪૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૮) શિલ્પા શ્રોફ (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી

કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

જીવનમાં જ્ઞાનનું મહત્ત્વ બતાવે છે ચોવક

ચોવક છે : '' સિજ છાબડે ઢક્યો ન રે'' એવાજ અર્થ વાળી ગુજરાતીમાં પણ કહેવત છેઃ સૂરજ છાબડે ઢાંક્યો ન રહે! ચોવકમાં પહેલો શબ્દ છેઃ 'સિજ' જેનો અર્થ થાય છે : સૂરજ અને 'છાબડે'એટલે છાબડીએ 'ઢક્યો' નો અર્થ થાય છેઃ ઢાંક્યો અને 'ન રે' એ બે એકાક્ષરી શબ્દનો અર્થ થાય છે : ન રહે. સૂરજ છાબડીએ ઢાંક્યો ન રહે તેમ ઘણી બાબતો એવી હોય છે જે છુપાવી શકાતી નથી! એવો શબ્દાર્થ છે આ ચોવકનો પણ ગર્ભિત અર્થ ઘણા થઈ શકે છે. જેમકે : શૂરવીર પુરુષ, જ્ઞાની વ્યક્તિ કે સુંદર નારી ઓળખાયા વગર ન રહે.

એક બહુ સરસ ચોવક છેઃ ''સિકલ ચૂડેલ જી, મિજાજ પરી જો''સિકલ શબ્દનો અર્થ છેઃ દેખાવ કે ચહેરો અને 'ચૂડેલજી' એટલે ચૂડેલની. મિજાજનો અર્થ થાય છેઃ મિજાજ, સ્વભાવ કે વર્તણૂક! શબ્દાર્થ સ્પષ્ટ છે કે, દેખાવ ચૂડેલ જેવો અને મિજાજ પરી જેવો! પણ ચોવક જે કહેવા માગે છે તે એ છે કે, દેખાવ અને હકીકતમાં ઘણો ફેર હોવો! જેમકે દેખાવે તો રૂપાળાં 'ત્રુ' (એક કડવું ફળ) પણ હોય પરંતુ સ્વાદ તેનો ખૂબજ કડવો હોય છે. ગુજરાતીમાં આપણે ઘણીવાર કોઈને કહેતાં હોઈએ કે, રૂપાળા હોવું એ દેખાવ જરૂર છે, પરંતુ સ્વભાવે ગધેડા જેવા ડફોળ હોઈએ તો, રૂપની કિંમત શું? ખરું ને?

આજે સારાપનો જમાનો નથી આવું આપણે બોલતાં કે સાંભળતા હોઈએ છીએ. કચ્છીમાં ચોવક પણ એવોજ અર્થ બતાવે છે કે ''સાર માંસાઈ જો જમાનૂં નાંય'' અહીં 'સાર' શબ્દનો અર્થ છેઃ સારાપણું કે સારપ 'માંસાઈ' નો અર્થ થાય છેઃ માણસાઈ 'જો' એટલે 'નો', 'જમાનૂ' અર્થ થાય છેઃ જમાનો અને 'નાંય' એટલે નથી. મતલબ કે, સારમાણસાઈનો જમાનો નથી, પરંતુ આટલો જ અર્થ ચોવકનો નથી થતો. જ્યારે કોઈના ગુણ ધ્યાનમાં ન લેવાય ત્યારે આવો નિરાશાવાદી સૂર સાંભળવા મળે છે.

સારપનો સમાવી લેતી બીજી પણ એવી ચોવક પ્રચલિત છેઃ '' સારો સૂડીયેં ચડે'' 'સારો' શબ્દનો અર્થ થાય છેઃ સજ્જન 'સૂડીયેં' એટલે ફાંસીએ અને 'ચડે' નો અર્થ છેઃ ચડે. શબ્દાર્થ છેઃ સજ્જન વ્યક્તિ જ ફાંસીએ ચડે. અને ભાવાર્થ છે : સારપનો બદલો ખરાબ... મતલબ કે સજ્જનતા દાખવવા જતાં બદનામ થવું પડે તેવી સ્થિતિ.

ગુણ, જ્ઞાન અને સાધનાને પ્રમાણિત કરતી એક ચોવક છે. '' સાધે સે વાધે'' 'સાધે' એટલે કે જે સાધના કરે તે અને 'વાધે' એટલે આગળ વધે, ભણતરને મહત્ત્વ આપતી આ ચોવકનો સ્પષ્ટ અર્થ જ એ છે કે, લક્ષ્યને વેધવું! એટલે જ તે અર્થની બીજી ચોવકમાં કહ્યું છેઃ ''સામીં વે સે સિધ વે'' 'સામીં' એટલે સ્વામી કે ગુરૂ, 'વે સે' આ પણ એકાક્ષરી બે શબ્દો છે, જેનો અર્થ થાય છેઃ હોય તે. 'સિધ' એટલે જ્ઞાન. અને જો કોઈ વ્યક્તિ માટે તેનો ઉપયોગ થતો હોય તો તેનો અર્થ થાય છે : જાણકાર. શબ્દાર્થ છેઃ જે સ્વામી હોય ને જ્ઞાન સેધડા જ હોય. ચોવક જે કહેવા માગે છે તે એટલું જ છે કે, જ્ઞાનનું ખૂબજ મહત્ત્વ હોય છે.

એક કહેવત છે : સમજને માર હોય' એ જ વાત ચોવક પણ કહે છેઃ ''સમજ કે માર આય'' અર્થ સ્પષ્ટ છે એટલે શબ્દાર્થ ન કરતાં ભાવાર્થ માણીએ 'સમજ' હોવી એ ગુણ છે, જે સફળતા અપાવે છે અને 'સમજ' હોવી એ ઘણીવાર દુઃખ પણ પેદા કરાવે છે'

ટૂંકી વાર્તા (સાતમા પાનાનું ચાલુ)

સોનાલીએ આ જોયું ને એ ફફડી ગઈ. એણે નોકરીથી હાથ ધોવા પડે એવું તો નહિ બને ને?

થોડા દિવસ પછી કોને ખબર ક્યાંથી ઓફિસમાં વાત વહેતી થઈ કે વરસાદ પડ્યો તે રાત્રે મોડા સુધી સોનાલી કોઈની સાથે ઓફિસમાં હતી. પટ્ટાવાળા વિઠ્ઠલે એને રંગે હાથ પકડી. કોઈએ કહ્યું અમે તો પહેલેથી જ એના શિથિલ ચારિત્ર્ય વિષે જાણતા હતા. કર્ણોપકર્ણ વાત ફેલાતી ગઈ. એમાં મસાલો ઉમેરાતો ગયો અને સૌ સીસકારા લઈ એનો સ્વાદ માણતા રહ્યા. વાતનું વતેસર થતું રહ્યું. લોકો આવી મજાને એમ જલદી જતી કરવા તૈયાર ન હતા. કોઈ સોનાલીને સીધું કઈ કહેતું ન હતું પણ એની પીઠ પાછળ કાદવ ઊડી રહ્યો હતો એનાથી એ અજાણ ન હતી. છતાં પણ એણે એવું જ રાખ્યું કે એ કઈ જાણતી નથી. ઘણીવાર એને થતું કે એ કાદવથી નખશિખ ખરડાઈ ગઈ છે અને ગંધાય છે. લોકો એનાથી દૂર ભાગી રહ્યાં છે એને ચીસ પાડીને કહેવાનું મન થતું હતું કે આ બધું જૂઠ્ઠું છે, ઉપજાવી કાઢેલું છે. પણ તેમ કરતાં એ પોતાને બળપૂર્વક રોકી રાખતી. કોઈ વાતનો ખુલાસો કરવો એનો અર્થ એ કે બધા જે કહે છે તે પોતે સ્વીકારે છે. એણે શા માટે કે આ વિષે કઈ બોલવું જોઈએ? છેવટે જે સત્ય છે તે એક દિવસ જરૂર બહાર આવતું હોય છે.

પણ સત્ય બહાર આવે તે પહેલાં વાત ઊડતીઊડતી પ્રતીક પાસે પહોંચી. એને સોનાલી પર વિશ્વાસ હતો. એ માનવા તૈયાર ન હતો કે સોનાલીને અન્ય કોઈ પુરુષ સાથે સંબંધ હોય પણ વરસાદની રાતે સોનાલી ઓફિસમાં રોકાઈ હતી ને એની સાથે કોઈ પુરુષ હતો એ જાણ્યા પછી પ્રતીક પણ વિચારતો થઈ ગયો કે લોકો આટઆટલું કહે છે તો વાતમાં સાવ જ કઈ ન હોય એવું કેમ બને? ધુમાડો છે તો આગ પણ હોવી જોઈએ.

આ સાચું છે? પ્રતીકે પૂછ્યું.

સોનલી સ્તબ્ધ થઈ ગઈ. એ પ્રતીકના ચહેરા સામે તાકી રહીઃ પ્રતીક, તું પણ? પરસ્પર વિશ્વાસના આધારે તો આપણે જીવવાનું છે ને તું પણ.. એની આંખોમાં ભીનાશ તગતગવા લાગી. નિરાધાર વાત પર ખુલાસો આપવાનું એને ક્યાં ફાવતું હતું? એટલીસ્ટ, પ્રતીકને એનામાં ભરોસો હોવો જોઈએ. કાલે કોઈ એને એમ કહે કે કોઈ યુવતી સાથે પ્રતીકને અવૈધ સંબંધ છે તો પોતે એ માની લેશે? તે માટે એની પાસે જવાબ માગશે? એ ચૂપચાપ બેસી રહી. પણ ફફડતી રહી કે જેના આધારે એ ટકી રહી છે એ ટેકો પણ ખસી જશે?

તેં મને જવાબ ન આપ્યો. પ્રતીકે જાણે ઊલટતપાસ આદરી.

કાણેકરે પણ એની પાસે પ્રશ્નનો જવાબ માગ્યો હતો ને હવે પ્રતીક પણ એની પાસે જવાબ માગી રહ્યો છે. પ્રશ્ન પૂછવાવાળા અનેક છે ને સોનાલી એક.

શું જવાબ આપું? સોનાલી ઓશિયાળી નજરે પ્રતીકની સામે જોઈ રહી, તારો પ્રશ્ન જવાબ આપવા જેવો હોય તો આપું ને?

પ્રતીકે ચર્ચા લંબાવી નહિ. એને એ અર્થહીન લાગ્યું.

પ્રતીક સાથે આ મુલાકાત સોનાલી માટે અંતિમ બની રહી. પ્રતીકે સગાઈ ફોક કરી નાખી. સગાઈ તૂટી એનું દુઃખ સોનાલી કદાચ પચાવી જાત પણ એના માટે પ્રતીકે જે કારણ આપ્યું એ અસહ્ય હતું. સગાઈ તૂટી એ જાણીને કેટલાક પોતાને મનગમતો અર્થ તારવશે. જે કાંઈ નથી બન્યું એની પર એ લોકો થપ્પો મારી દેશે ને કહેશે કે એ જરૂર બન્યું હશે. એવું ન હોય તો સગાઈ તૂટે? હવે એણે ડાઘ લઈને એણે જીવવાનું?

સોનાલીને કામ કરવામાં એકાગ્રતા ટકતી ન હતી. આખ્ખું વિશ્વ જાણે એની સામે આંગળી ચીંધી રહ્યું હતું. રસ્તા પર ચાલની ત્યારે પણ એને સતત એવું થયા કરતું કે બધાં એની સામે જુએ છે ને એની વાત કરી રહ્યાં છે. એનાં પપ્પા અને મમ્મીના ચહેરા પર પણ હતાશા વ્યાપી ગઈ હતી. પ્રગટ રીતે કશું ન બન્યું હોય એવી રીતે એ રહેતાં હતાં પણ અંદરથી એ વેરવિખેર થઈ ગયાં હતાં. સોનાલી ખોતરાઈ રહી હતીઃ પપ્પા-મમ્મી પણ પ્રતીક જેવું વિચારતાં હશે? એમની સ્થિતિ એને અકળાવી રહી હતી. સોનાલી પોતાની અંદર ઊંડી ઊતરતી જતી હતી તેમતેમ એ બહારની દુનિયાથી અલગ થતી જતી હતી. ક્યારેક એને નોકરીમાંથી રાજીનામું આપી ક્યાંક દૂરદૂર ચાલ્યા જવાની ઈચ્છા થઈ આવતી પણ એ પણ ક્યાં શક્ય હતું? તો શું શક્ય હતું?

એક સવારે સોનાલીએ પોતાનું અસ્તિત્વ મિટાવી દીધું. એ દૂરદૂર એવી જગ્યાએ ચાલી ગઈ જ્યાં એની તરફ કોઈ આંગળી ચીંધી શકે તેમ ન હતું. પોલીસે કહ્યું કે આત્મહત્યા છે પણ એ હત્યા હતી ને હત્યારાઓ ખુલ્લેઆમ ફરી રહ્યા હતા. આવા કેટકેટલા હત્યારા સમાજમાં ખુલ્લા ફરતા હશે? એ કેટકેટલી સોનાલીઓની હત્યા કરતા હશે? ક્યાં સુધી?

મગજ મંથન (આઠમા પાનાનું ચાલુ)

રીતે બનાવો છો?' સકડાલે નમ્ર ભાવે કહ્યું, 'ભગવાન પ્રારંભમાં સીમમાંથી માટી ખોદી લાવું છું. માટીને સાફ કરી, ખૂંદી પછી તેના પીન્ડ તૈયાર કરું છું. પછી આ પીન્ડને ચાકડા પર ચડાવી હાથથી તેને જેવો ઘાટ આપવો હોય તે આપું છું. છેલ્લે નિંભાડામાં અગ્નિથી તપાવીને પાકા કર્યા પછી બજારમાં વેચું છું, પણ આ બધું ભાગ્યને આધીન થાય છે.આપણે તો માત્ર નિમિત્ત છીએ.'

ભગવંતે પૂછ્યું, 'ધારો કે કોઈ માણસ ડાંગના પ્રહારે તમારા વાસણ તોડી નાખવા પ્રયાસ કરે તો તેને પણ તમારું દુર્ભાગ્ય સમજીને તેને તમારા વાસણો તોડવા દો ખરા?'

'એમ ઈરાદાપૂર્વક કોઈ વાસણ તોડવા આવે તો તેને વાસણ તોડવા કેમ દેવાય!' સકડાલે જવાબ આપ્યો.ભગવાને તેને વળી પૂછ્યું :

'તમારા સ્ત્રી - બાળકો ઉપર કોઈ હુમલો કરવા આવે તો શું કરો?' સકડાલે છાતી તાણી ને કહ્યું, 'એમ તો કાંઈ ચૂપ રહેવાય? ઈશ્વરે શક્તિ આપી છે.હાથ પગ આપ્યા છે. હું પૂરી તાકાતથી હુમલાખોરનો સામનો કરું.'

હવે મહાવીર સ્વામીએ મર્માળુ હસીને પછી ગંભીર સ્વરે કહ્યું, 'ભાઈ ! ઈશ્વરે તમને હાથ-પગ આપ્યા છે, શક્તિ આપી છે. વાસણ ઘડવાનો બીજાથીય વિશેષ સૂઝ અને હુન્નર આપ્યો છે. વિધાતાએ તો તમને આટલું બધું આપી દીધું છે. તેને વિધાતાના આશીર્વાદ સમજી તેનો યોગ્ય ઉપયોગ કરી તમારો ધંધો વિકસાવવાનો પ્રયત્ન કરવાની ફરજ તમારી છે. યાદ રાખો ભાગ્યનું બહાનું તો આળસની નિશાની છે. આ તમારી આળસને ઢાંકવા ભાગ્યને દોષ શા માટે આપો છો? મનુષ્ય યત્ન કરે તો જ ઈશ્વરની કૃપા મળે.'

સકડાલ ભગવાનના શબ્દનો મર્મ પારખી ગયો.તે દિવસથી જ એણે ભાગ્યવાદીપણું છોડી પૂરી મહેનત અને લગનથી ધંધાના વિકાસ તરફ ધ્યાન લગાવ્યું અને એના કર્મયોગે નસીબના દ્વાર ખોલી નાખ્યાં.

વ્યંગ (આઠમા પાનાનું ચાલુ)

પાર્ટીના મેન્ડેન્ટની પરવા કરવાની નથી. ચૂંટણીનું ફોર્મ ભરવાના અંતિમ દિવસ અને અંતિમ કલાકે તમે વાજતે ગાજતે ફોર્મ ભરવા ઘરેથી બાઇક પર નીકળો છે. જંગ જીતવા માટેનાં બ્યુગલો વાગે છે. રસ્તામાં, બાઇકનો કલચ વાયર તૂટે છે. કલચ વાયર રિપેર કરાવી કલેક્ટર કચેરી પહોંચો છો ત્યાં સુધીમાં ફોર્મ ભરવાના સમયનો 'ધી એન્ડ' થઇ ગયો છે....

આ ઘટના મુઝફ્ફરનગર બેઠક પર વ્યવસાયે વકીલ અપક્ષ આનંદ કુમાર સાથે થઈ છે.. વાસ્તવમાં કલચ વાયર એના જીવનની પ્રગતિ પરનો સજ્જડ બ્રેક વાયર પુરવાર થયો.

હવે આ આનંદકુમાર વિધાનસભાની આગામી ચૂંટણીમાં નામાંકન કરવાના છે કેમ કે, હાર્યો જુગારી જ નહીં પણ હાર્યો ઉમેદવાર પણ બમણું રમે છે. જો કે, આ વખતે એ કલચ, બ્રેક, ગિયર વાયર, પેટ્રોલની ટાંકી, ટાયરમાં હવા સુધ્ધાં એડવાન્સમાં ચેક કરાવે એવી ઢગલાબંધ સલાહ એમને અત્યારથી જ મળવા માંડી છે !

કવર સ્ટોરી (પાચમાં પાનાનું ચાલુ)

બંધ થયો હતો.

આ રીતે પાછલા એક વર્ષમાં સેન્સેક્સ ૧૪,૬૦૦ પોઇન્ટ વધ્યો છે અને ટકાવારીના ધોરણે સેન્સેક્સમાં ૨૫ ટકા રિટર્ન મળ્યું છે. એવી જ રીતે ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૦૩ પોઇન્ટ વધીને ૨૨,૩૨૬ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે. ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ ક્લોઝિંગ લેવલ ૧૭,૩૫૯ પોઇન્ટનું રહ્યું હતું.

આમ નાણાંકીય વર્ષ ૨૦૨૪માં નિફ્ટી ૪૯૬૮ પોઇન્ટ વધ્યો છે, તો ટકાવારીની રીતે નિફ્ટીમાં ૨૮ ટકા રિટર્ન મળ્યું છે. કોરોના મહામારીના વર્ષને બાદ કરતા આ વળતર, વર્ષ ૨૦૧૦ પછીનું સૌથી ઉંચુ વાર્ષિક રિટર્ન છે. ઉલ્લેખનિય છે કે, ૭ માર્ચ, ૨૦૨૪ના રોજ શેરબજાર બેન્ચમાર્ક સેન્સેક્સે ૭૪,૨૪૫ પોઇન્ટની ઐતિહાસિક ટોચ બનાવી હતી. વર્ષના છેલ્લા ટ્રેડિંગ સેશનના દિવસે બીએસઇની માર્કેટ કેપ ૩૮૬.૯૭ લાખ કરોડ રૂપિયા હતી.

એ જાણવું પણ રસપ્રદ રહેશે કે, અગાઉ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સેન્સેક્સ અને નિફ્ટીમાં નેગેટિવ રિટર્ન મળ્યું હતું. રોકાણકારો માટે નોંધવા જેવી એક મહત્ત્વની વાત એ પણ છે કે, પાછલા નાણાકીય વર્ષમાં શેરબજાર સેન્સેક્સ અને નિફ્ટી નવી ઉંચી સપાટીએ પહોંચ્યા છે. આ જોતા આગળ સાવધ વલણ અપનાવવું હિતાવહ રહેશે.

હવે આપણે બુલિયન માર્કેટ પર નજર ફેરવીએ તો સોનાએ રૂ. ૬૯૫૦૦ રેકોર્ડ હાઇ સાથે વર્ષમાં ૧૩ ટકા વળતર જેવું વળતર આપ્યું છે. આની સામે સેન્સેક્સમાં આપણે ૨૫ ટકા અને નિફ્ટીમાં ૨૮ ટકાનું વળતર જોયું છે. એ વાતમાં બે મત નથી કે, સોનું કિંમતી ધાતુ હોવાથી રોકાણ માટે શ્રેષ્ઠ અને સલામત વિકલ્પ માનવામાં આવે છે.

સોના અને ચાંદીમાં સતત બીજા વર્ષે પોઝિટિવ રિટર્ન મળ્યું છે. છેલ્લા છ મહિનામાં વૈશ્વિક અને સ્થાનિક બજારમાં સોનાના ભાવ ઐતિહાસિક ઉંચી સપાટીને સ્પર્શ્યા છે. જો વાર્ષિક ધોરણે ગણતરી કરીએ તો નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦ ગ્રામ સોનાની કિંમત ૮૦૦૦ રૂપિયા વધી છે. તો એક કિગ્રા ચાંદીના ભાવ ૨૦૦૦ રૂપિયા વધ્યા છે. આમ રોકાણકારોને વાર્ષિક ધોરણે સોનામાં ૧૩ ટકા અને ચાંદીમાં ત્રણ ટકા રિટર્ન મળ્યું છે. નોંધનીય છે કે, અગાઉ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સોનામાં ૧૫.૬ ટકા અને ચાંદીમાં ૬.૬ ટકા રિટર્ન મળ્યું હતું.

ગુજરાત ડાયરી (પાંચમાં પાનાનું ચાલુ)

આર્થિક રીતે રાંક ઉમેદવાર તરીકે ચૂંટણીની ડિપોઝિટ ભરવા માટે લોકો પાસે ચાંદલો માંગે છે.આ માટે સોશિયલ મીડિયામાં ક્યુ.આર.કોડ વાયરલ કર્યો છે.ગેનીબેન ઠાકોર ખૂબ ચતુરાઈપૂર્વક ઉમેદવારી કરવા માટેની ડિપોઝિટ ભરવા માટે લોકો પાસેથી ચાંદલા સ્વરૂપે રુ.૧૧/-થી શરુ કરીને યથાશક્તિ રકમ આપવા લોકોને વિનંતી કરે છે.

ગેનીબહેન લોકો દ્વારા આપવામાં આવેલા ચાંદલારૂપી લોકફાળામાથી ડિપોઝિટ ભરીને ચૂંટણી લડશે એવી પણ જાહેરાત કરી છે. ગેનીબહેનનો આ પ્રયોગ બનાસકાંઠા લોકસભા વિસ્તારના સોશિયલ મીડિયામાં આકર્ષણ અને ચર્ચાનો વિષય બની ગયો છે. દૂરથી અત્યારે એવું જણાય છે કે ગનીબહેન ઠાકોરને કોઈ સારા પ્રચાર સહાયક મળી ગયા છે કે જે ગનીબહેનની ઉમેદવારીને વિવિધ સ્વરૂપે લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે.જો કે ગનીબહેને પ્રચારની શરુઆત બહુ વહેલી કરી દીધી છે. આગળ જતાં હાંફી કે થાકી ન જાય તો સારું.

પ્રાસંગિક (પાંચમાં પાનાનું ચાલુ)

બે વર્ષ પછી રશિયન ચૂંટણી આવી છે. યુક્રેને રશિયામાં તેલ રિફાઇનરીઓ પર વારંવાર હુમલો કર્યો છે- રશિયન પ્રદેશો પર ગોળીબાર કર્યો છે અને પ્રોક્સી દળો સાથે રશિયન સરહદોને વીંધવાનો પ્રયાસ કર્યો છે . પુતિને કહ

ટૂંકી વાર્તા

બકુલ દવે
feedback@bombaysamachar.com

ક્યાં સુધી?

એપોઈન્ટમેંટ લેટર મળી ગયો. સોનાલીના એકધારા અને અર્થહીન જણાતા જીવનમાં જાણે નવો સંચાર થયો. જીવન એને જીવવા જેવું લાગવા માંડ્યું. સેલરીની રકમનો આંકડો અનેકવાર વાંચ્યો ને એ રોમાંચિત થઈ ઊઠી, આટલા બધા રૂપિયા! બાવીસ વર્ષની જિંદગીમાં ક્યારેય જોયા જ હતા એટલા રૂપિયા હવે એને દર મહિનાના અંતે મળવાના હતા. એને થયું, કોઈ હાથનો મેલ કહે કે કોઈ ભલે એને ભાગ્યનો ખેલ કહે પણ આ રૂપિયા છે અદ્‌ભુત ચીજ. એ માણસને નિરાશાના ઊંડા હવડ કૂવાનાં અંધકારમાંથી બહાર કાઢી શકે છે ને હજ્જારો સૂરજનાં અજવાળાંથી જિંદગીને ઝળાંહળાં કરી શકે છે.

આર્થિક ભીંસના કારણે સોનાલીએ કેટકેટલાં કામ મોકૂફ રાખ્યાં હતા અથવા તો પોતે એ કરી જ નહિ શકે એમ વિચારી પડતાં મૂક્યાં હતાં. પણ હવે એ બધાં કામ કરવાનું એના માટે ધીરે ધીરે શક્ય બની તેમ હતું. સૌથી પહેલી પ્રાથમિકતા હતી એના પપ્પા-કિશોરભાઈના દાંતનું ચોકઠું બનાવવાનું અને મમ્મી-રેખાબહેનના માટે હિઅરીંગ એઈડ એટલે કે સાંભળવાનું મશીન ખરીદવાનું.

દરમિયાનમાં બીજો પણ એક એવો બનાવ બન્યો. પ્રતીક સાથે એની સગાઈ થઈ. પ્રતીકમાં સોનાલીને પોતે ઈચ્છતી હતી એવો જ જીવનસાથી દેખાયો. એ જાણે વૃક્ષ બની ગઈ ને એને સુખની લીલીછમ કૂંપળો ફૂટી રહી છે. એક પ્રશ્ને એની ભીતરથી ડોકિયું કર્યું: ક્યારેક દુઃખ કરતાં પણ સુખ જીરવવું અઘરું નથી બની જતું?

ઓફિસ મોટી હતી. સોનાલીના અલ્ટીમેટ બોસ હતો સતીશ કાણેકર. મહારાષ્ટ્રીયન હતો. ગુજરાતી સરસ બોલી શકતો. ઉંમર પચાસની આસપાસ પણ દેખાતો માંડ ચાલીસનો. નોકરીના પહેલાં દિવસની સવારે સોનાલી કાણેકરની કેબિનમાં પ્રવેશી. એણે પોતાનો પરિચય આપ્યો. કાણેકરે એપોઈન્ટમેન્ટ લેટર પર એક સરસરી નજર નાખી ને પછી વાંચવાના ચશ્માં ઉતારી એનું પગથી માથા સુધી નિરીક્ષણ કર્યું. સંઘેડાઉતાર કાયાને આવરી લેતી ગુલાબી સાડીમાં સોનાલી હતી તે કરતાં પણ વધુ આકર્ષક અને સુંદર લાગી રહી હતી. કાણેકરને એંશીના દાયકાની એક જાણીતી અભિનેત્રીનું સ્મરણ થઈ આવ્યું.

ઈટ ઈઝ અવર પ્લેઝર ટુ વેલકમ યુ, મિસ સોનાલી...

થેન્ક યુ, સર..

કાણેકરે એની પર્સનલ સેક્રેટરી મિસ રીટાને બોલાવી. રીટા સહેજ સ્થૂળ અને નીચી છે એની નોંધ સોનાલીથી અનાયાસે જ લેવાઈ ગઈ. રીટાનો ઘઉંવર્ણ છે તો પણ એણે ડાર્ક રંગનો ડ્રેસ પસંદ કર્યો છે જે એને બિલકુલ સ્યુટ થતો નથી. હેવી મેકઅપે ચહેરાની રહીસહી સુંદરતાને પણ દબાવી દીધી છે. બોલતી વખતે એ બિનજરૂરી રીતે અંગ્રેજી શબ્દોનો પ્રયોગ કરે છે. રીટા, આ છે સોનાલી જોશી ન્યુલી એપોઈન્ટેડ લેડી. એને એનું કામ બતાવી દે.

યેસ સર..

સોનાલીએ શું કામ કરવાનું છે તે રીટાએ એને સમજાવી દીધું. દરમિયાનમાં એણે સોનાલીનું ફેમિલી બેકગ્રાઉન્ડ પણ જાણી લીધું. પોતાની સગાઈ થઈ છે તે વાત સોનાલીએ જણાવી ત્યારે એને ખબર પડી કે રીટા પ્રતીકને ઓળખે છે. રીટાએ પણ વાતાવાતમાં એ જણાવી દીધું કે એ ડિવોર્સી છે. ડિવોર્સ કેમ થયાં એવો પ્રશ્ન સોનાલીને જરૂર થયો, પણ એણે પૂછ્યું નહિ.

કોઈ સ્ત્રી માટે કુરૂપ હોવું ક્યારેક શાપરૂપ બની જાય છે તેમ એનું અતિશય સુંદર હોવું પણ એણે ઘણીવાર મુશ્કેલીમાં મૂકી દેતું હોય છે એવું સોનાલી છેક બાર વર્ષની હતી ત્યારથી અનુભવી રહી હતી. એ રોજ ઓફિસમાં પ્રવેશે ત્યારે અનેક પુરુષ કર્મચારીઓની આંખો એને વીંધવાનું શરૂ કરતી. એ લોકોની આંખોમાં સોનાલીની એક ઝલક પામવાની તરસ દેખાયા કરતી. કેટલાક પુરુષો તો અકારણ એની પાસે આવી ઘનિષ્ટતા અધારવા કોશિશ કરતા ત્યારે એને મૂંઝવણ થતી પણ કોનો એ શું કહે? ખુદ સતીશ કાણેકર પણ એની પાસે આવી પોતાની મદદની જરૂર હોય તો નિઃસંકોચ જણાવવાની ઓફર કરી જતો ત્યારે એમાં સોનાલીને મદદ કરવા કરતાં એ એની નજીક આવવા ઈચ્છે છે એવી ગંધ વધુ આવતી. કાણેકર એકલો જ રહેતો હતો. હજીયે કોઈ પાત્ર મળી જાય તો પરણવા માટે ઉત્સુક હતો એ બધું રીટાએ કહ્યું ત્યારે સોનાલીને થયું કે માણસો કેવી કેવી સમસ્યાઓ લઈને જીવતાં હોય છે! રીટા ડિવોર્સી છે. કાણેકર પાસે પૈસા અને હોદ્દો છે, પણ એકલો છે. એ પોતે પણ સમસ્યાઓમાંથી ક્યાં બહાર આવી છે?

એક દિવસ રીટા સોનાલી પાસે આવીઃ ડિઅર, મારે વહેલા ઘેર જવું પડે તેમ છે. તું મારું એક કામ કરીશ?

સોનાલી પ્રશ્નભરી નજરે એની સામે જોઈ રહીઃ શું કરવાનું છે?

આ બેલેન્સ મેળવવાનું છે. કરી દઈશ એટલું?

સોનાલીએ ઘડિયાળ સામે જોયું. પાંચ વાગ્યા હતા. એ વિચારમાં પડી. કામ એવું હતું કે થઈ જાય તો વાર ન લાગે પણ એ લંબાઈ જાય તો એને ઘેર જવા માટે બસ ન મળે. રિક્ષામાં ઘેર જાય તો સો રૂપિયાથી ઓછું ન લે.

શું થીંક કરે છે? પ્લીઝ ડુ ઈટ ફોર માઈ સેક.

રીટાએ પહેલી જ વાર કોઈ કામ સોંપ્યું હતું. એટલું જ નહિ, રીટા અને કાણેકર પરસ્પર ઘણાં નિકટ હતાં. એ કાણેકરબોસની ફેવરિટ હતી એટલે સોનાલી એને ના ન પાડી શકી. રીટાએ હસીને 'થેન્ક યુ' કહ્યું કે પર્સ હલાવતી જતી રહી. સોનાલી કોમ્પ્યુટર સામે



જોતી કામમાં એવી પરોવાઈ ગઈ કે ઓફિસમાંથી એક પછી એક સૌ ક્યારે ચાલ્યા ગયા એની પણ એને ખબર ન રહી. સમય પસાર થતો રહ્યો.

અચાનક આકાશમાં વાદળ ઘેરાવા લાગ્યાં ને ખાસ્સું અંધારું થઈ ગયું. વરસાદ કોઈ પણ ક્ષણે તૂટી પડે એમ હતું. કામ પૂરું કરવાની ઉતાવળમાં સોનાલીએ લાઈટની સ્વિચ ઓન કરવાનું ટાળ્યું. બેલેન્સ મળતું ન હતું. એણે ઊંડો શ્વાસ લીધો ને ઊંચે જોયું તો એ ચોંકી ગઈ. એનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો. કાણેકર એની પાસેની ખુરસી પર આવી ક્યારે બેસી ગયો?

નથી મળતું બેલેન્સ? કાણેકર હસ્યો. કોને ખબર કેમ, પણ એનું હાસ્ય સોનાલીને ડરાવી ગયું. એણે જોયું કે હવે ઓફિસમાં એના અને કાણેકર સિવાય બીજું કોઈ નથી. શાંત ઓફિસમાં ખાલી ખુરસીઓ એને ડરાવવા લાગી. એને પોતાની પર ગુસ્સો આવ્યો. રીટાનું કામ કરવાની એણે હા પાડવાની જરૂર ન હતી. પોતાની આ સ્થિતિ માટે એ પોતે જ જવાબદાર છે. ઘેરથી ફોન આવ્યો. સોનાલી પોતે જ પોતાને લઈને ચિંતિત હતી તો પણ એણે કિશોરભાઈને કહ્યું કે એ ચિંતા ન કરે.

વરસાદ વરસવો શરૂ થયો. પહેલાં ધીમી ધારે ને પછી ધોધમાર. વીજળી પણ ઝબૂકવા લાગી. એક ભયંકર મેઘગર્જના થઈ. સોનાલી ધ્રૂજી ઊઠી. હવે એ ઘેર કેમ પહોંચશે?

લાવ હું તમે મદદ કરું... કાણેકરે કહ્યું; હું તમારા માટે જ રોકાયો છું.

સહેજ આનાકાની કરી પછી સોનાલીએ નમતું જોખી દીધું. કાણેકરે થોડી જ મિનિટોમાં બેલેન્સ મેળવી દીધું. એક એન્ટ્રીમાં ભૂલ થતી હતી. સોનાલીને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહ્યુઃ થેન્ક યુ. તમે ન હોત તો...

કાણેકરે એને અટકાવીને કહ્યુંઃ આપણે એકબીજાનું કામ નહિ કરીએ તો બીજું કોણ કરશે?

લાઈટો ગઈ ને ચોમેર ઘોર અંધારું થઈ ગયું. નાના ગામમાં આ તકલીફ છે. વરસાદના બે ટીપાં પડે ને લાઈટ જાય. વીજળી અંધકારને ચીરતી વધુ તીવ્રતાથી ઝબૂકતી હતી ત્યારે બંને ક્ષણવાર માટે પરસ્પરના ચહેરા જોઈ શકતા હતા. અચાનક કાણેકર સોનાલીની સાવ નજીક આવ્યો ને અજવાળામાં એ જે નહોતો કહી શકતો તે એણે અંધારામાં કહી દીધુંઃ સોનાલી, તું ઓફિસમાં આવી ત્યારથી હું તારા પ્રેમમાં પડી ગયો છું. આઈ વોન્ટ ટુ મેરી યુ..

પણ..પણ.. મારી સગાઈ થઈ ગઈ છે..

સો વોટ? સગાઈ જ થઈ છે ને. લગ્ન ક્યા થયાં છે?

ના પાડી દે એ છોકરાને...

નહિ, એ શક્ય નથી..

અચ્છા એ શક્ય ન હોય તો બીજું ઘણું શક્ય છે..... કાણેકરે સોનાનો હાથ પકડ્યો, તું રીટાની ફ્રેન્ડ છે પણ રીટા પાસેથી કશું શીખી નહિ..

વીજળીનો તેજલિસોટો ખુલ્લી બારીમાંથી અંદર આવી ગયો. સોનાલીને થયું કે વીજળી એના માટે પડી કે શું? એણે કાણેકરના હાથમાંથી પોતાનો હાથ છોડાવી દોટ મૂકી. અંધારામાં માર્ગ કરતી ઓફિસમાંથી બહાર નીકળી ગઈ. પગમાં સ્ટૂલ અથડાયું પણ એની એણે દરકાર ન કરી. પટ્ટાવાળો ટોર્ચ લઈ અંદર આવ્યો, શું થયું મેમ?

કશું નથી થયું...શ્વાસ પર કાબૂ મેળવવા સોનાલીએ કહ્યું અને સડસડાટ નીકળી ગઈ બહાર. પાછળ જોયું પણ નહિ.

આ બનાવ પછી સોનાલી સાવચેત બની ગઈ. એણે નક્કી કર્યું કે હવે એ છૂટવાના સમય પછી રોકાશે નહિ. જરૂર પડશે તો એ સવારે થોડી વહેલી આવશે અથવા રિસેસમાં કામ કરશે. કાણેકર સાથે ઝાઝો સંપર્ક નહિ રાખે. રીટા સાથે પણ કામથી કામ રાખશે. જે કઈ બન્યું તે એ ભૂલી જવા પ્રયત્ન કરશે. છેવટે એણે આ લોકો સાથે રહીને જ એણે કામ કરવાનું છે. પાણીમાં રહી મગર સાથે વેશ રાખવું સારું નહિ. ને એને બે નાની બહેનો છે. વાતને ચૂંથવાથી ઊલટું એને જ નુકસાન જશે.

ફરી એકવાર મોડી સાંજે રીટાએ સોનાલીને કશું કામ સોંપ્યું. એણે સ્પષ્ટ ના પાડી દીધી. શરમમાં હા પાડી મુશ્કેલીમાં મુકાય તે કરતા એ ના પાડી દે તે વધુ સારું. રીટાનું મોં ઊતરી ગયું પણ એ તરફ એણે લક્ષ્ય ન આપ્યું. રીટાનો અહં ઘવાયો. આજકાલની આવેલી આ છોકરી સમજે છે શું?

કાણેકર જાણે કઈ ન બન્યું હોય તેમ સોનાલી સાથે વાત કરવાની તક શોધી લેતો પણ એ ટૂંકો ઉત્તર આપી એને ટાળી દેતી. પણ એકવાર હદ થઈ ગઈ. કાણેકર સોનાલીના ટેબલ સામે આવી ઊભો રહ્યો. એણે પૂછ્યુંઃ તેં મને મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો...

ક્યા પ્રશ્નનો?

વરસાદ આવ્યો એ દિવસે મેં તને પૂછ્યો હતો તે પ્રશ્નનો.

સોનાલી સમસમી ગઈ. એનો ચહેરો આક્રોશથી લાલ થઈ ગયો. ગતકડું કરી કાણેકર ચાલ્યો ગયો. જતાંજતાં એણે રીટા સામે ભદ્દું સ્મિત કર્યું. રીટા પણ હસી.

(જુઓ પાનું ૬) ▶▶

તસવીરની આરપાર - ભાટી એન.

feedback@bombaysamachar.com

ગુજરાતમાં ધાણાનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થયું છે

આપણા કવિએ વસંતને સપ્તરંગી ચૂંદડી ઓઢી હોય એવો ઉલ્લેખ સાંભળ્યો છે! પણ મેં વાંકાનેરથી રાજકોટ જતા સિંધાવદર રોડ ટચની વાડીમાં રંગબેરંગી ચૂંદડીઓથી બાંધેલ ભારા જોતા હું તસવીરકારનો જીવ ખરોને !? એટલે જાણવાની ઉત્સુકતા થઇને આવો રંગીન નજારાની તસવીર લેવા પ્રેરાયો...! આ ભારા છે ધાણાના આ અમૂલ્ય જણસ છે. ધાણાનો ભાવ વધારે મળે છે. જેથી તેનું જતન પણ કાળજીપૂર્વક થવું જોઇએ! કાઠિયાવાડમાં ધાણાની ખેતી મબલક થાય છે. તેનું એક ઉદાહરણ આપુ તો ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની વિપુલ પ્રમાણમાં આવક નોંધાઇ છે. હોળી, ધુળેટી, પહેલા ધાણાની આવક નોંધાઇ હતી!! ને ૧૪૦૦થી ૧૫૦૦ વાહનોની સાત કિ.મી. લાંબી લાઇનો લાગી હતી.! હરાજીમાં ધાણાના ૨૦ કિલોના ભાવ ૧૦૦૦થી ૨૦૨૬ સુધી બોલાયા હતા! જયારે ધાણીનો ૨૦ કિલોનો ભાવ રૂપિયા ૩૫૦૧માં હરાજી થતા સૌરાષ્ટ્રમાં ધાણાનું વાવેતર વિપુલ પ્રમાણમાં થાય છે.

ધાણા દ્વિદળી વર્ગમાં આવેલા એપ્રિયસી (અમ્બેલીફેરી) કુળની એક વનસ્પતિના ફળ તેના છોડ વૈજ્ઞાનિક નામ ઈજ્ઞશિફક્ષમીળ તફશિંદફક્ષ કશક્ષવ સંસ્કૃતમાં ધાન્ય, કુસ્તુમ્બરી, હિન્દીમાં ધનિયા, મ. કોથીંબર ધણે, બંગાળ ધને, ગુજરાતમાં ધાણા, કોથમીર, આ આપણી રસોઇમાં અભિવૃદ્ધિ કરે છે. ને ધાણા-જીરું આપણા રસોઇના રાજા છે. ધાણા ૩૦થી ૯૦ સેમી ઊંચો એક વર્ષાયુ છોડ છે. તેના પર્ણો પહોળા હોય છે. કુંઠદંતી (ઈયિક્ષફયિં) ખંડિત પૂર્ણ કિનારી ધરાવે છે! તેના ફળ ગોળાકાર ખાંચાવાળું પીળું બદામી અને ૨.૦-૩.૫ મિ. મી. વ્યાસ ધરાવે છે ફળને દબાવતા તે બે અર્ધભાગ (ફલાંશક)માં વહેંચાય છે! પ્રત્યેક અર્ધ ભાગ એક બીજ ધરાવે છે. પાક ૧૧૦થી ૧૨૦ દિવસનો થાય ત્યારે ધાણા પરિપકવ બને છે.

ધાણાનું ઉદભવસ્થાન ભૂમધ્ય પ્રદેશ ગણાય છે! તેનું વાવેતર ભારત ઉપરાંત રશિયા, પોલેન્ડ, મેક્સિકો, પાકિસ્તાન, ભારતમાં ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિળનાડુમાં ધાણાનું વાવેતર થાય છે. ગુજરાતમાં લીલાધાણા કે કોથમીરનું શહેરની ચારે બાજુ બારે માસ વાવેતર થાય છે. નદીના પટમાં પણ ઉનાળામાં વાવેતર થાય છે. સૂકા ધાણાનું ખેતર, વાડીમાં વાવેતર રવી ઋતુમાં થાય છે. કારણ કે ઠંડી આબોહવામાં ધાણાનો બેસારો અને વિકાસ વધારે થાય છે.! ધાણાની ખેતી માટે સારી નિતારશક્તિ અને પૂરતા પ્રમાણમાં સેન્દ્રિય તત્ત્વ ધરાવતી રેતાળ, ગોરાડુ અને મધ્યમ કાળી જમીન વધારે માફક આવે છે.

ધાણાના છોડને કાપણી બાદ છોડને હવાની સંપૂર્ણ અવરજવર થતી હોય તેવી છાંયાવાળી જગ્યાએ સૂકવવામાં આવે છે. એક હેકટરે ધાણાનું ૮૦૦થી ૧૦૦૦ કિ.ગ્રા. જેટલું ઉત્પાદન મળે છે! ધાણાના પાંદડામાં વિટામિન 'એ' અને વિટામિન 'સી' વધુ જોવા મળે છે. જેથી વ્યાપક પ્રમાણમાં પાવડર, સૂકાબીજ તેમ જ તાજા પાંદડાનો ઉપયોગ ચટણી તેમ જ વિવિધ રસોઇ બનાવટમાં કરવામાં આવે છે. ધાણા આપણા રસોડાની અંદર અતૃલ્ય માન ધરાવે છે.

-આલેખન તસવીર : ભાટીએન

ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

મસ્ત રહેવાનો વૈશ્વિક ઈલાજઃ નૃત્ય કરતાં રહો !

બાળકો માટે અને વાલીઓ માટે વેકેશન આવી રહ્યું છે. વેકેશનમાં ફરવા જવા સિવાય શું કરવું એ ચર્ચાનો વિષય છે. માણસ જાતની આધુનિક યુગમાં સૌથી ગંભીર સમસ્યા હોય તો એ છે તણાવ. તણાવને કારણે નાની-મોટી અનેક શારીરિક- માનસિક સમસ્યા ઊભી થતી હોય છે. આ સમસ્યાઓને રોકવી શક્ય નથી, પણ બીજા માર્ગ તરફ વાળવા માટે કળા સિવાય અન્ય કોઈ માર્ગ નથી. વ્યવસાયિક રીતે ઓફિસમાં કામકાજી મહિલાઓ પોતાના એક ધાર્યા નિયમિત કાર્યથી તથા સતત આઠ કલાક ઓછા શારીરિક હલનચલનથી બહાર નીકળવા, શાસ્ત્રીય નૃત્યોને પોતાના જીવનનું અભિન્ન અંગ બનાવી, શાસ્ત્રીય નૃત્ય શીખવાનુ ચલણ વધ્યું છે. આનાથી એ શારીરિક કસરત તંદુરસ્તીની સાથે સાથે ભારતીય કલા અને પરંપરાની સાથે જોડાવાનો લાભ મળવા લાગ્યો છે.

વિશ્વભરમાં નૃત્ય અને સંગીતની મન તથા શરીર પર થતાં અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે તે તણાવ ઘટાડી શકે છે. 'ન્યુયોર્ક યુનિવર્સિટી'માં નાના બાળકો પર સંગીત અને નૃત્યની અસરનો અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે બાળકોમાં નવું શીખવા માટેની તડપ તથા ખુશીઓનું પ્રમાણ સામાન્ય બાળકો કરતાં વધારે જોવા મળ્યું હતું. કળા જ માણસને સુખનો અનુભવ કરાવી શકે છે.

ભારતીય પરંપરામાં નૃત્ય અને સંગીતનું ખાસ મહત્વ છે. જન્માષ્ટમીથી માંડીને હોળી સુધીના ઉત્સવો અને સિનેમા સહિતના પ્લેટફોર્મ પર નૃત્યને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. નૃત્યમાં વ્યક્તિ માત્ર રજૂઆત કરતો નથી, પણ એ સંગીત અને સમૂહ સાથે તાલમેલ જમાવે છે. આપણા ગુજરાતીઓ જ્યાં જાય ત્યાં મોકો મળે તો ગરબા કરવામાં ક્યારેય કચાશ રાખતા નથી.

ભારતીય નૃત્યશૈલી શ્રેષ્ઠ છે એવું વાંચવું બધાને ગમે, પણ આપણા ક્લાસિકલ ડાન્સ વિશે શું જાણો છે કે ખબર છે એવું પૂછો એટલે ફ્યૂઝ ઊડી જાય...

ઇન્ડિયન ક્લાસિકલ ડાન્સ વિશે થોડું સમજવાની કોશિશમાં એટલું તો કહી શકાય કે એ આત્માને ઓળખવાનો માર્ગ છે. દરેકને ક્લાસિકલ ડાન્સ આવડવો જરૂરી નથી, પણ તેની સામાન્ય માહિતી દેવ- દેવીઓની સ્તુતિ સાથે આનંદ અને ભાવની અનુભૂતિ જરૂર કરાવે છે.

ક્લાસિકલ ડાન્સ શબ્દ આવે એટલે ભરતનાટયમથી જ વાત શરૂ થાય. મૂળ તમિલનાડુની હિન્દુ ભક્તિમય ભરતનાટયમ નૃત્યશૈલીના મૂળિયાં ભરતમુનિના નાટચશાસ્ત્ર તથા નદીકેશવર દ્વારા રચિત ''અભિનય દર્પણ'' સાથે જોડાયેલા છે. ભરતનાટયમ છેક ૧૯૩૦ સુધી માત્ર મંદિરમાં જ દેવદાસીઓ દ્વારા પ્રસ્તુત થતું. સંગતમાં વીણા, ગાયક અને મૃદંગના તાલ પર થાય, વાદકો અને ગાયક એકતરફ બેસે. આ બધાનું નેતૃત્વ નર્તકીના ગુરુ કરે. મૃદંગના તાલે પગને ઘુમતા રાખી નૃત્યના જોશમાં રાખી હાથ, ગળા અને ખભાના ઉપયોગ સાથે ઘણી બધી હસ્તમુદ્રા સાથે બે વેશભૂષા સાથે સળંગ બે કલાકનો પ્રયોગ કરતાં હોય.

કથક નૃત્ય ઉત્તર ભારતીય શૈલીનું નૃત્ય સત્તરમી સદીથી વિકાસ પામેલું છે. ક્લાસિકલ ડાન્સ શૈલીમાં ચક્કર ફરતા જુઓ એટલે સમજવું કે કથકનો પ્રયોગ છે. ચક્કર સાથે સુંદર શબ્દોની રચના કે જે 'તોડા' તરીકે ઓળખાય છે. રાધા અને કૃષ્ણ કથા પર થતાં આ નૃત્ય શૈલીમાં સ્ત્રી અને પુરુષ ભાગ લઈ શકે છે. કથકમાં મુખ્ય જયપુર અને લખનઊ ઘરાના છે. જયપુરમાં પગનો સુંદર ઉપયોગ અને લખનઊ ઘરાનામાં હાવભાવ થકી અભિવ્યક્તિ વ્યક્ત થાય. કથકમાં જે ગતિએ નૃત્ય પ્રારંભ થયું હોય એના કરતાં ચાર ગણી ઝડપે પૂરું થાય. આ ડાન્સ કરવા સાથે માણવા માટે પણ એનર્જી જોઈએ.

કથક દરમિયાન વારંવાર તાળીઓ પાડીને કલાકારોને બિરદાવવામાં પણ આવે છે.

કથકલી નૃત્ય રાજાઓના અને ભાષાના વિવાદમાં પેદા થયું હોવાનું માનવામાં આવે છે. સત્તરમી સદીમાં કેરલના કોટારક્કરાના રાજાને પડોશી રાજ્ય સાથે સંસ્કૃત નૃત્યને લઈને વિવાદ થતાં સ્થાનિક ભાષામાં કથકલીનો ઉદય થયો. રામાયણ, મહાભારત, શિવપુરાણ, ભાગવત જેવા પવિત્ર ગ્રંથના કથાકનો દ્વારા બુરાઈ પર સત્યના વિજયને દર્શાવવામાં આવે છે. પ્રારંભમાં ચેંડા નામના ઢોલ દ્વારા તીવ્ર અવાજ પેદા કરીને યુદ્ધ મેદાનનો માહોલ તૈયાર કરવામાં આવે છે. આ નૃત્યમાં પુરુષ અને સ્ત્રીની ભૂમિકા પુરુષ જ ભજવતા હોય છે, પણ હવે સમય સાથે ફેરફાર થયા છે. કલાકારોના ભાવ સાથે ગાયક સનાતન કથાઓ આખી રાત્રિ સુધી પ્રસ્તુત કરતાં રહે છે. કથકલી માટે મેકઅપનો ત્રણ ચાર કલાક સમય લાગે છે. આ દરમિયાન મોટે ભાગે કલાકારે સૂઇ રહેવું પડે છે. મેકઅપ ઉપરાંત સાત આઠ કિલોનું કોસ્ચ્યુમનું વજન હોય છે. અનિષ્ટ તત્ત્વ માટે લાલ કે કાળો રંગ વપરાતો હોય છે.

કથકલીમાં હનુમાનજીનો અદભુત મેકઅપ કરવામાં આવે છે. ચહેરાનો ઉપરનો ભાગ કાળા રંગે તથા નીચે લાલ રંગ હોય. નાક પર લીલો રંગ, હોઠ કાળા, આંખો આસપાસ કાળો રંગ તેમજ કપાળ પર બે લાલ ટપકા સાથે વિશિષ્ટ મુઘટ પહેરાવી વિકરાળ સ્વરૂપ દર્શાવવામાં આવે છે.

રાવણ જેવા વિદ્વાન પણ અભિમાની માટે ખાસ મેકઅપ થાય છે. ઉપર વળતી મૂછ પર સફેદ કિનારી, અને ચમકદાર રંગોના મુકુટ હોય છે. ધાર્મિક ફિલ્મોમાં કથકલીના મેકઅપની ઘણી અસરો જોવા મળે છે. નેવુંના દાયકા સુધી વિલનોના વિશિષ્ટ દેખાવ પણ આવી ક્લાસિકલ શૈલીને આભારી હતી. લોકમાનસ પર કથકલીના ચહેરા, મેકઅપ તથા મુખૌટાની ઘણી અસર છે.

ઓરિસ્સા રાજ્યની ઓળખ એટલે ઓડીસી નૃત્ય. આ નૃત્ય મહદઅંશે મહિલાઓ તથા પુરુષો રજૂ કરતાં હોય છે. ઓડિસી નૃત્યમાં વિવિધ મુદ્રાના ભાવ અત્યંત જીવંત હોય છે. આ કારણે ભારતીય ટેમ્પલ આર્કિટેકમાં ઓડીસી હાવભાવ અને ભંગિકાઓનો સ્થાપત્યોમાં ઉપયોગ થાય છે. આ રીતે આંધ્ર પ્રદેશના કુચિપુડિ ગામમાં સત્તરમી સદીમાં આ નૃત્યશૈલીની શરૂઆત સિધ્ધેન્દ્ર યોગીની નૃત્ય નાટિકા 'ભામા કલાપમ'થી થઈ હતી. ગામના બ્રાહ્મણ છોકરાઓને આ નૃત્ય શીખવવામાં આવ્યું હતું. મૂળ નાટિકા ભગવાન કૃષ્ણના ઈર્ષાળુ પત્ની સત્યભામાની કથા પર આધારિત હતી. ૧૭૮૫માં ગોલકોંડાના નવાબને પસંદ પડતાં ગામને બ્રાહ્મણોને દાન કરી દીધું હતું. કુચિપુડિ નૃત્યમાં નર્તક જ ગાયન અને સંવાદ રજૂ કરતાં હોય છે, તમામ પાત્ર પુરુષો જ ભજવતા હોય છે, પણ હવે કુચિપુડિ નૃત્યમાં સ્ત્રીઓ પણ ઉત્સાહભેર ભાગ લે છે. વેદો ઉપરાંત અગ્નિપુરાણ, માર્કંડેય પુરાણ, વિષ્ણુ પુરાણ કે ભાગવત પુરાણમાં નૃત્યના ઉલ્લેખ સાથે ભગવાન શિવ, મહાકાળી, ગણપતિ તથા શ્રીકૃષ્ણના જીવનઆનંદમાં નૃત્ય છે. સ્વર્ગમાં ચોસઠ અપ્સરાઓની કથાઓ પણ પુરવાર કરે છે કે એ બધી નૃત્યોમાં અત્યંત કુશળ હતી.

ભગવાન શિવ તથા પાર્વતી થકી શેષનાગ મણિ દ્વારા પ્રકાશિત કરતાં આ વિસ્તાર મણિપુર તરીકે જાણીતો બન્યો. ત્યાં જે નૃત્ય સર્જાયા એ 'મણિપુરી નૃત્ય' તરીકે વિશ્વપ્રસિદ્ધ છે.

ભગવાન શિવજી રાજકુમાર ખંભા તરીકે અને પાર્વતીજી થઇબો તરીકે જન્મ લીધો. એમણે પાછલા જન્મોને યાદ કરીને જે નૃત્ય કર્યું હતું તે 'લાઇહરાઓબા' તરીકે પ્રચલિત બન્યું, જેનો અર્થ થાય કે જે નૃત્ય કરવાથી દેવતાઓમાં પણ પ્રસન્નતા થઈ હતી. શુભ પ્રસંગોમાં આ નૃત્યનો આનંદ સ્થાનિક લોકો લે છે, શૈવ પરંપરા સાથે વૈષ્ણવ સમાજ રાસ માણે છે. મણિપુરમાં છ પ્રકારના રાસ થાય છે. મહારાસ, વસંતરાસ, કુંજરાસ, નિત્યરાસ, ગોપરાસ અને ઉલખુરાસ....

કારતક મહિનાની પૂર્ણિમા પર શ્રી કૃષ્ણ ભગવાને રાધા અને ગોપીઓને રાસ રમવાનું વચન આપેલું છે. મહારાસ આ વિષય પર ઇન્ટરેસ્ટિંગ કથા ધરાવે છે. ભગવાનને સાથે જોતાં રાધા અને ગોપીઓમાં થોડું અભિમાન આવે છે. અચાનક શ્રી કૃષ્ણ ગાયબ થઈ જાય છે ત્યારે પોતાની ભૂલ સમજાતાં ગોપીઓ ભગવાનને શોધે છે. અંતે ભગવાન સાથે મિલન થતાં રાસની રમઝટ થાય છે... વિરહથી મિલનની છાંટ મહારાસ નૃત્યમાં છે.

મણિપુરી શૈલીમાં વસંતરાસ નૃત્ય મહારાસ કરતાં વિરુદ્ધ કથાકન ધરાવે છે. રાધાને પરેશાન કરવા ભગવાન ચંદ્રબાલી સાથે રાસ રમે છે. રાધા ગુસ્સે થઇને ભગવાને આપેલી પ્રેમની નિશાની જેવા જાંબલી દુપટ્ટાને ફેંકી ચાલ્યા જાય છે. ભગવાન કરતાં ભક્તો મોટા એ ન્યાયે ભગવાન રાધાને મનાવે છે અને વસંતરાસ રમાય છે. મણિપુરીમાં રાધાની વેશભૂષામાં ડાર્ક કલર સાથે સ્થાનિક ભરતકામ હોય છે, કૃષ્ણનો મુકુટ મોરના પીછાં વાળો હોય છે.

ભાગવત મેલ નાટક હોય કે પ્રાચીન કાળમાં ફક્ત દેવદાસીઓ દ્વારા તામિલનાડુના શિવમંદિરોમાં થતાં કુરવંજી નૃત્ય જેવા નૃત્ય ખાસ જાણીતા નથી. એ જ રીતે કેરેલા માં સ્ત્રીઓ દ્વારા થતું શૃંગાર અને ભક્તિનું સંયોજન એટલે મોહિની આટમ્ સહિત ચાકિયાર કૂથ, કુડી આટમ, પાઠકમ્, કૃષ્ણાટમ્, રામનાટમ્ થુલ્લમ જેવા કેરાલાના ઓછા જાણીતા નૃત્ય વિશે માહિતી જાણીએ તો ભારતીય સંસ્કૃતિની વિવિધતા સમજી શકાય અને વેકેશનનો યથાર્થ ઉપયોગ કર્યાનો સંતોષ મળે.

ધ એન્ડઃ

નૃત્યશાસ્ત્રમાં ત્રણ પ્રકારની નાયિકાનો ઉદભવ તેના મનના ભાવ, સમય અને સંજોગો મુજબ રચાયા છે. પહેલી સ્વીયા પ્રકારની નાયિકા હોય ,જેમાં નાયકને દરેક સંજોગોમાં વફાદાર હોય. બીજા પ્રકારની નાયિકા એટલે પરકિયા, જેનો નાયક હોવા છતાં બીજા નાયક માટે અનુરાગ હોઇ શકે અને ત્રીજો પ્રકાર એટલે સામાન્યા, જે કોઇની નથી, તેના મનને ઓળખવું પણ મુશ્કેલ છે. આ બધી નાયિકાઓના પાછા પેટા પ્રકારો છે. આમ પણ નાયિકાઓનાં મનને સંસારમાં કોણ ઓળખી શક્યું છે? !

(ડો શરદ પંડ્યા- ભરતનાટ્યમ નૃત્ય કલાકાર)

અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

બદમાશ બચ્ચાઓની બેંક લૂંટ!

બાપ કરતા બેટો સવાયો એ કહેવત હવે જુનવાણી લાગે એવા બેટાલોકોની ફોજ જોવા મળે છે. આ બેટાઓ બાપ કરતા અઢિયા (સવાયાથી બમણા) સાબિત થાય એવા હોય છે. ૧૫ - ૧૭ વર્ષના દીકરાના અનેક ડેડી 'મારો બેટો મને વેચી આવે એવો છે' એવું કહેતા જોવા - સાંભળવામાં આવે છે. વિશાળ ભૂમિ ધરાવતા યુએસના ટેક્સસ શહેરના ત્રણ બચ્ચાઓએ 'બાપ રે બાપ' ઉદગાર મોઢામાંથી સરી પડે એવા ખેલ કર્યા છે. ૧૧, ૧૨ અને ૧૬ વર્ષની બચ્ચા પાર્ટીની ટેક્સસ બેન્ક લૂંટવાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. ગુનેગારોને ઝડપી લેનાર એબીઆઈ (ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન)ના અધિકારીઓ તેમના કરતૂતો જોઈ હેબતાઈ ગયા છે અને તેમને 'બદમાશ બચ્ચાપાર્ટી'નું બિરુદ આપી દીધું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એફબીઆઈ કાર્યાલય દ્વારા બાળકોએ ધાક ધમકીથી બેંકમાં લૂંટ ચલાવી હોવાની રજૂઆત કરવામાં આવી છે. બેંક લૂંટની મોડસ ઓપરેન્ડી ખતરનાક નથી. સત્તાવાર ખુલાસા અનુસાર આ 'બદમાશોએ' કેશિયરને એક ચિઠ્ઠી પકડાવી જે વાંચી ધ્રુજી ગયેલા બેંક કર્મચારીએ રોકડ રકમ આપી દીધી જે ઉપાડી બચ્ચાઓ પગપાળા નાસી ગયા, બોલો. અલબત્ત ઉતાવળમાં કે અન્ય કોઈ કારણસર બે બચ્ચાઓ માસ્ક પહેરવાનું ભૂલી ગયા અને સીસીટીવી કેમેરાની મદદથી પોલીસને ત્રણેયને પકડી પાડવામાં સફળતા મળી. અલબત્ત આ ઘટના હેરત પામવા કરતા ચિંતાજનક ગણવી જોઈએ.

ખેલ ખેલ મેં માલામાલ

નસીબ આડેનું પાંદડું ક્યારે અને કેમ ખસી જાય એની કોઈ વ્યાખ્યા નથી કે નથી એની પાછળ કોઈ તર્ક. લાગલગાટ ૧૦ વર્ષ સુધી લોટરીની ટિકિટ લીધા કરી હોય, પણ ટિકિટ માટે ખર્ચેલા નાણાં કરતા અડધી રકમ પણ માંડ ઈનામ પેટે મળી હોય એવા અનેક ઉદાહરણો જોવા મળે. બીજી તરફ દિવસમાં બે વાર લોટરીમાં ઈનામ લાગવાનો બનાવ પણ બન્યો છે. ઓસ્ટ્રેલિયાના ક્વીન્સલેન્ડ રાજ્યમાં પાર્કમાં ફરવા નીકળેલા સાત વર્ષના બાળકને ચાલતા ચાલતા ઠેસ વાગી અને એકડા ઉપર અનેક મીંડા લાગી જાય એવું બની ગયું. રિલે બેટ્રીજ નામના બાળકને અડફેટે આવેલો પદાર્થ ચમક ધરાવતો હતો એટલે એને લાગ્યું કે આ કોઈ મોતી હોવું જોઈએ. એટલે રીલે તો એ ઘરે લઈ આવ્યો. આ 'પથ્થર'ની ચમક અનેરી હતી એટલે એના પિતાશ્રી એ લઈ ઝવેરી પાસે ગયા અને નસીબ આડેનું પાંદડું ખસી ગયું. એ કિંમતી પથ્થરનું મૂલ્યાંકન કરી ઝવેરીએ એ ૧૪.૫ કેરેટનો નીલમ હોવાનું જણાવ્યું. એનું બજારમૂલ્ય દસ હજાર ડૉલર (આશરે ૮.૩૩ લાખ રૂપિયા) છે. રસપ્રદ વાત એ છે કે ખેલ ખેલ મેં માલામાલ થવાનો રીલે માટે આ બીજો પ્રસંગ છે. અગાઉ આવી રીતે ફરતા ફરતા તેને રત્ન મળ્યું હતું જેની કિંમત બે હજાર ડૉલર હતી. બાળકને પાર્કમાં રમવા મોકલવાથી એનું સ્વાસ્થ્ય તો સારું રહે જ, ઘરનું આર્થિક સ્વાસ્થ્ય પણ સુધરી જાય એ વળી નવું.

યે મેરા પ્રેમ પોસ્ટર પઢકર...

ફિલ્મ 'સંગમ'માં જ્યારે રાજેન્દ્ર કુમાર વૈજ્યંતીમાલા સાથે બે આંખ ચાર કરી 'યે મેરા પ્રેમપત્ર પઢકર કે તુમ નારાઝ ના હોના' ગાય છે ત્યારે હીરોના ચહેરા પર કવિતા વાંચી સંભળાવતો હોય એવા ભાવ છે, જ્યારે હિરોઈનનો ચહેરો જાણે એના પર પ્રેમ ઢોળાયો હોય એવો મોહક લાગે છે. 'મારે પણ એક ગર્લફ્રેન્ડ હોય' એવી માળા જપતા બધા યંગસ્ટરના અરમાન પૂરા નથી થતા. ગ્રુપમાં હોય ત્યારે 'હર એક ફ્રેન્ડ જરૂરી હોતા હૈ'ના ગીત ગાનાર એકલો હોય ત્યારે એની આંખો ગર્લફ્રેન્ડ શોધતી હોય છે. જોકે, કેટલાક એમાં નિષ્ફળ રહેતા હોય છે, પણ કોલકાતામાં એકલવાયા મિત્ર માટે ગર્લફ્રેન્ડ શોધી આપવાનું બીડું તેના દોસ્તે ઝડપી લીધું છે. રસ્તા પર એક હોર્ડિંગમાં રિયો નામના યુવકની આંચલ નામની બેસ્ટ ફ્રેન્ડ (એક ચોખવટ: બેસ્ટ ફ્રેન્ડ કન્યા હોય તો એ ગર્લફ્રેન્ડ હોય એ જરૂરી નથી)એ રિયો માટે તારીફના પુલ બાંધી લખ્યું છે કે રિયો શહેરની બધી ગોલગપ્પે (પાણીપુરી)ની દુકાનથી વાકેફ છે. રિયો અચ્છો ફોટોગ્રાફર પણ છે અને ગર્લફ્રેન્ડની સુંદર કેન્ડીડ તસવીર ખેંચવામાં કુશળ છે. આ ઉપરાંત પાર્ક સ્ટ્રીટ (કોલકાતાનો પ્રખ્યાત વિસ્તાર)માં જેવા ટેસ્ટી કાઠી રોલ (ફાસ્ટફૂડની વાનગી) મળે છે, અસ્સલ એવા જ રોલ એ જાતે બનાવી ગર્લફ્રેન્ડને હોશે હોશે ખવડાવશે. હોર્ડિંગમાં દોસ્તારી દર્શાવવાના આ પ્રયાસનો વીડિયો સોશિયલ મીડિયામાં ખાસ્સો ચર્ચિત બન્યો છે. આમ પણ આજકાલ પાકકળા નિષ્ણાત બોય્ઝ વધુ ડિમાન્ડમાં છે,

પીએમના 'મોંઘેરા મહેમાન'



દેશના વડાપ્રધાનનો હોદ્દો કેટલો મૂલ્યવાન હોય છે એ સમજાવવાની જરૂર ખરી? વડા પ્રધાનને મળવા આવતા મુલાકાતીઓ પણ મૂલ્યવાન જ હોય ને. અહીં મૂલ્યને મૂડી સાથે નહીં પણ પ્રતિષ્ઠા સાથે સંબંધ હોય છે. જોકે, તાજેતરમાં થાઈલેન્ડના પીએમ - પ્રાઈમ મિનિસ્ટર એસ. થવીસીનની મુલાકાતે આવેલા આગંતુક મોંઘેરા મહેમાન હતા એના રૂઢ અર્થમાં. ચાર વર્ષની ઉંમર, છ ફૂટની ઊંચાઈ અને ૧૪૦૦ કિલો વજન ધરાવનાર આ અનોખા મહેમાન એક ભેંસ હતી. ના, એની આગળ પીએમ ભાગવત નહોતા વાંચવાના, પણ ખેતીવાડી કરતા વર્ગમાં લોકપ્રિયતા મેળવનારી અને ટીવી સ્ટાર બની ગયેલી આ ભેંસને મળી આ પ્રાણીનું મહત્ત્વ વધારવાની કોશિશ વડા પ્રધાન કાર્યાલય દ્વારા થાય એવી રજૂઆત ભેંસ ઉછેર સંસ્થાએ કરી હતી. ભેંસ નિહાળી વડાપ્રધાન રાજીના રેડ થઈ ગયા અને આવી બીજી ભેંસ આપણા દેશમાં છે કે કેમ તેની પૂછપરછ સુધ્ધાં કરી. પાંચ લાખ ડૉલરમાં વેચાયેલી આવી ભેંસ જનતાના આર્થિક જીવનમાં મોટો બદલાવ લાવી શકવાની ક્ષમતા ધરાવે છે એવી ધારણા છે. પાણીમાં પડી રહેવામાં આનંદ અનુભવતી આ અલમસ્ત ભેંસોનો પાણીમાં થતો મુકાબલો જોવા પણ લોકો મોટી સંખ્યામાં ઊમટે છે. કાર્યાલયની બહાર ખુદ વડા પ્રધાને મુલાકાત લીધી હોવાથી ભેંસનું સ્ટેટસ વધી ગયું છે.

ગાદલાની વજનદાર વાત

આકાશ મારું છાપરું અને ધરતી મારી પથારી જેવું જીવન જીવતા માણસને જો ગાદલાનો અર્થ પૂછો તો કદાચ કવિતા કરી નાખે. અસલના વખતમાં ગાદી પેઢી પર જોવા મળતી અને ગાદલું ઘરે જોવા મળતું. મજેદાર વાત એ છે કે ગાદલું ગાદીની સરખામણીમાં ખાસ્સું વજનદાર હોય છે અને જેમ જેમ એની ઉંમર વધતી જાય એમ એમ એનું વજન વધતું જાય છે. માણસ ગોથા ખાય અને મેથીના ગોટા સુધ્ધાં ખાતો હોય, પાટલેથી ખાટલે ને ખાટલેથી પાટલે જેવું જીવન જીવતો હોય તો જાડિયો બને પણ ગાદલું બ્રેક્ફાસ્ટ, લંચ કે ડિનર લેતું ન હોવા છતાં કેમ વજનદાર બનતું જતું હશે? ગાદલા પર બેસી લોકો ખાય, પણ ગાદલાને પ્રત્યક્ષ રીતે ખાવાની આદત નથી હોતી. તો પછી એનું વજન વધવાનું કારણ શું? એવું કહેવાય છે કે લાવેલા ગાદલાનું વજન ૧૦ વર્ષ પછી બમણું થઈ જાય છે. એનું પ્રમુખ કારણ છે ધૂળ. ગમ્મે એટલી સાફ કરો તોય થોડી ધૂળ તો ગાદલામાં કાયમ માટે રહી જતી હોય છે. આ ઉપરાંત ત્વચાના ખરતા નિર્જીવ કોષ, માણસ અને પ્રાણીના વાળ, માથામાં થતો ખોડો તેમજ માનવ શરીરમાંથી નીકળતો પરસેવો ગાદલાના વજનમાં વધારો કરવામાં 'મદદરૂપ' થાય છે. થોડાં વર્ષો પછી ગાદલું ખસેડવું આકરું કેમ લાગે છે એ હવે સમજાયું ને!

લ્યો કરો વાત!

સપાટી પર નજર ફેરવવાથી ઊંડાઇનો ખ્યાલ નથી આવતો. ૩૭૦મી કલમ રદ કરવામાં આવી, રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ગઈ, ટ્રિપલ તલાક નાબૂદ થઈ ગયો, સીએએ લાગુ કરવાનું નોટિફિકેશન પણ જારી થઈ ગયું, પ્રવાસ સુગમ બનાવતી નવી વંદે ભારત ટ્રેન દર મહિને શરૂ કરવામાં આવી રહી છે, વિનામૂલ્યે રેશન, સપનાનું ઘર સહિત અનેક લાભ આપવામાં આવી રહ્યા હોવા છતાં યુનાઇટેડ નેશન્સના મજબૂતી લાઈફ જીવતા દેશોની યાદીમાં આપણો નંબર ૧૨૬મો (૧૪૦માંથી) છે. મતલબ ભારતવાસીઓ પ્રસન્ન ચિત્તે નથી જીવી રહ્યા. આપણે 'અનહેપ્પી કન્ટ્રી' યાને કે નાખુશ દેશમાં જીવીએ છીએ. યે બાત કુછ હજમ નહીં હુઈ.■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

ભાગ્યનું બહાનું એ આળસની નિશાની મનુષ્ય યત્ન કરે તો જ ઈશ્વરની કૃપા...!

જીવનની સફળતા-નિષ્ફળતાને ભાગ્યનું પરિણામ ગણવું એ પ્રારબ્ધવાદનું પ્રાથમિક લક્ષણ છ

જીવનમાં કેટલાંક દ્વન્દ્વ એવાં હોય છે,જે ક્યારેક પરસ્પર વિરોધી જણાય તો ક્યારેક પૂરક લાગે.વળી ચર્ચા કરવા બેસીએ તો બેઉનો સમન્વય કરવો મુશ્કેલ જણાય. 'પહેલાં ઈંડું કે પહેલાં મરઘી?' જેવા પ્રશ્ન મૂંઝવે છે તો પ્રારબ્ધ અને પુરુષાર્થમાં શું શ્રેષ્ઠ એ નક્કી કરવું મુશ્કેલ બને છે.વર્ષોથી વિદ્વાનોમાં આ બંનેના પક્ષમાં એવી દલીલો કરી છે કે વાચકો એના મગજના મંથન બાદ હજુ કોઈ તારણ પર આવી શક્યા નથી.કદાચ સદીઓ પછીય આ ચર્ચા ચાલુ રહેશે.

આપણાં શાસ્ત્રોએ પ્રારબ્ધ અથવા નસીબ વિશે ઘણું બધું લખ્યું છે.જ્યોતિષશાસ્ત્ર માણસના જીવન વિશે જુદી જુદી આગાહીઓ કરે છે. એનાથી પ્રારબ્ધ માટે પ્રજામાં એક જિજ્ઞાસા જાગે છે. સૌ પોતાના ભવિષ્યને જાણવા આતુર હોય છે. ભારતની પ્રજાના મન પર જયોતિષનો પ્રબળ પ્રભાવ હોવાથી મોટા ભાગે આપણે બધા પ્રારબ્ધવાદી થઈ ગયા છીએ.નસીબ પર આધાર રાખીને આપણી જીવન વ્યવસ્થા ગોઠવતા હોઈએ છીએ. બાળક જન્મતાંવેત એની કુંડળી દોરાય છે, લગ્ન અગાઉ એ કુંડળી મેળવાય છે અને અવસાન બાદ એની સદ્‌ગતિ માટે ચોઘડિયા જોઈને શ્રાદ્ધ-દાનની વિધિ કરાય છે. વળી જે કર્મફળ મળે તેને પણ નસીબ ગણીને સ્વીકારવામાં આવે છે. આમ ભારતીય પ્રજા પૂરી પ્રારબ્ધવાદી છે.

જીવનની સફળતા-નિષ્ફળતાને ભાગ્યનું પરિણામ ગણવું એ પ્રારબ્ધવાદનું પ્રાથમિક લક્ષણ છે. માણસનું સુખ-દુ:ખ, ચડતી-પડતી કે યશ-અપયશને નસીબના આધારે મૂલવતા આ લોકો પોતાનું જીવન ભાગ્ય પર છોડી દઈ નિષ્ક્રિય બનીને બેસી રહે છે. જન્મફળ, રાશિ અને ગ્રહોના ચકરાવામાંથી એ લોકો ઊંચા આવતા જ નથી. આવા લોકો દ્રઢપણે માને છે કે માણસ લાખ પ્રયત્ન કરે તો પણ એનું નસીબ નિર્બળ હોય ત્યારે એને સફળતા મળતી નથી. જ્યારે માણસના ભાગ્યમાં સિદ્ધિ કે સમૃદ્ધિ લખાઈ હોય તો એને વિના પ્રયત્ન તે મળી રહે છે.

પુરુષાર્થ એટલે પરિશ્રમ.વ્યક્તિ પોતે પામવા માટે જે કંઈ મહેનત કે પ્રયત્ન કરે છે તે પુરુષાર્થ કહેવાય છે. પ્રારબ્ધવાદની સામે છેડે બેસતા પુરુષાર્થવાદીઓ એમની અલગ માન્યતા ધરાવે છે. એ કહે છે કે માનવીને પુરુષાર્થ વિના કશું જ મળતું નથી. પ્રારબ્ધમાં ગમે તે લખાયું હોય, પરંતુ એને પામવાનો પ્રયત્ન તો માણસે પોતે જ કરવાનો હોય છે. વળી દરેક વ્યક્તિ પોતાનું ભાગ્ય પોતાના પુરુષાર્થ વડે ઘડી શકે છે. પુરુષાર્થ કરનાર મનુષ્ય ઈચ્છિત સુખ - સંપત્તિ મેળવી શકે છે. સખત મહેનત કરનાર માટે નેપોલિયને કહ્યું છે કે કશું અસંભવ જેવું છે જ નહીં. 'આપણા ભાગ્યના ઘડવૈયા, બાંધવ આપણે' એમ કવિ રાજેન્દ્ર શાહે લખ્યું છે. સ્પષ્ટ વિચારો અને દ્રઢ સંકલ્પ ધરાવનાર મનુષ્ય ધારેલું ફળ મેળવીને જ રહે છે. અથાક પરિશ્રમ પાછળ અડગ મનોબળ હોવું આવશ્યક છે એ સમજાવતાં એક કવિએ સાચું જ કહ્યું છે :

'કદમ અસ્થિર હોય તેને કદી રસ્તો નથી જડતો,
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.'

આમ એક તરફ પ્રારબ્ધ અને બીજી બાજુ પુરુષાર્થ છે.માનવે જો બેમાંથી એકની પસંદગી જ કરવી હોય તો એણે પુરુષાર્થ પસંદ કરવો જોઈએ. આજના વૈજ્ઞાનિક યુગમાં આપણે માત્ર પ્રારબ્ધ પર મીટ માંડીને બેસી રહેવું તે નરી મૂર્ખાઈ છે. જગતનો ઇતિહાસ જોઈશું તો જણાશે કે તેમાં નસીબવંતા માનવો કરતાં પરિશ્રમી વ્યક્તિઓનાં પરાક્રમોની નોંધ વધુ લેવાઈ છે. ભાગ્યને આપણે જાણતા જ નથી છતાં એની આશા રાખવી તે બુદ્ધિહીન વાત છે. જ્યારે પુરુષાર્થ તો આપણા હાથની જ વાત છે, છતાં પરિશ્રમ ન જ કરીએ તો ભાગ્ય શી મદદ કરશે? પુરુષાર્થ હશે તો જ પ્રારબ્ધ ફળશે અથવા પ્રારબ્ધ સુધી પહોંચવા માટે પણ પુરુષાર્થ અનિવાર્ય છે એમ કહેવું ખોટું નથી.ભગવાને મનુષ્યને હાથ-પગ-મગજ અને બુદ્ધિ આપ્યાં છે. પરિશ્રમ કરવાના આ ઉપયોગી અવયવો પ્રત્યે ઉપેક્ષા રાખીને બેસી રહેનારને ભાગ્ય પણ મદદ નથી કરતું. એટલે જ કહેવાયું છે કે બેઠેલાનું નસીબ બેઠું રહે છે, ઊભેલાનું ઊભું અને ચાલનારનું નસીબ જ ચાલે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે ને કે, 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન:!'- ફળની આશા રાખ્યા વિના કર્મ કરતાં જ રહેવું...આથી આપણે એટલું જરૂર તારવી શકીએ કે જીવનમાં પહેલાં પુરુષાર્થ કરો,ફળ પ્રારબ્ધ પર છોડી દો. આ પ્રસંગ જાણવા જેવો છે:

સકડાલ નામનો એક કુંભાર હતો. પરિવારના સભ્યો માટીના વાસણ બનાવીને વેચે અને તેનાથી એનું ગુજરાત ચાલે, પરંતુ સકડાલ સંપૂર્ણ ભાગ્યવાદી હતો. એ એમ જ માનતો કે માણસ માત્ર ભાગ્યને આધીન છે.માણસના ભાગ્યમાં લખાયું હોય એટલું જ તેને મળે. ન ઓછું કે ન વધુ. સકડાલના મનમાં આ માન્યતા એટલી તો દ્રઢ થઈ ગઈ હતી કે એ વાસણ તૈયાર કરવામાં અને તેને વેચવામાં ઝાઝી મહેનત પણ ન કરતો. પરિણામે જે કાંઈ વેચાણ થાય તેમાં તેના કુટુંબનું માંડ પોષણ થતું. અરે, ક્યારેક તો એકાદ ટંક છોડવો પણ પડતો, છતાં સકડાલ તો એમ જ માનતો કે આ બધો ભાગ્યનો ખેલ છે.

એક દિવસ ભગવાન મહાવીર ત્યાંથી પસાર થાય છે.સકડાલના ઘરે આવી પહોંચ્યા અને ત્યાં રોકાણ કર્યું.મહાવીર સ્વામીએ સકડાલની દિનચર્યા જોઈ. વાતવાતમાં એના મનના વિચારો જાણ્યા.એમણે જોયું કે સકડાલ સશક્ત છે.તેના જેવા સફાઈદાર, મજબૂત ને આકર્ષક ઘાટઘૂટવાળા વાસણ બહુ ઓછા કુંભાર કરી શકતા, પણ સકડાલ અને એનું કુટુંબ ભાગ્યવાદી હતું. એ વધુ મહેનત કરતો નહોતો.પરિણામે સશક્ત અને કુશળ કારીગર હોવા છતાં તેને વારંવાર ભૂખ્યા રહીને સૂઈ રહેવું પડતું અને અભાવ વેઠવો પડતો હતો.

કરુણામૂર્તિ ભગવાન મહાવીરે વિચાર્યું કે સકડાલનો આ ભ્રમ દૂર કરવો જોઈએ.એમણે પૂછ્યું :

'ભાઈ સકડાલ, તમે માટીના વાસણ કેવી

(જુઓ પાનું ૬) ▶▶

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

ચૂંટણી ટિકિટની હાયવોયની આડ-અસરના આટાપાટા



ચૂંટણી એટલે ચૂંટણી.પછી ભલે, ગ્રામ પંચાયતની હોય કે લોકસભાની હોય.ચૂંટણીને ટેકન ફોર ગ્રાંટેડ ગણવી નહીં. એટલે આપણે ચંદીગઢના મેયરની ચૂંટણીને પણ સાધારણ નહીં, પણ અસાધારણ બનાવેલી. એ ચૂંટણીની નોંધ સુપ્રીમ કોર્ટે લેવી પડી. આ કંઇ લોકશાહીની નાની સિદ્ધિ નથી. એટલે જ 'ચાણક્ય' કહી ગયા છે કે 'ચૂંટણી એ સાધારણ નથી પણ અસાધારણ છે'.

યાર, સામે દલીલ ન કરો.. (જયારે કોઈ જાણીતી વ્યક્તિ ન મળે એ વાત 'ચાણક્ય' ના નામે ચઢાવી દેવાનો રાજકારણમાં ટ્રેન્ડ ચાલે છે!)

ચાલો, ઓલ્ડ ચાણક્યે નહીં કહ્યું હોય તો લેટેસ્ટ અને ન્યુએસ્ટ ચાણક્યે કીધું હશે એમ માનીને વાત આગળ વધારીએ...

હાં, તો હાલમાં લોકસભાની ચૂંટણી સૌના દિલોદિમાગ પર હાવી છે. એના પર જ ઘણાનું ભાવિ લટકેલ છે. ચૂંટણીમાં સફળ ન થનારનું ભાવિ વૈતાલની જેમ લટકવાનું છે એમાં મીનમેખ નથી. ચારે બાજુ એક જ ખેલા છે.... મમતાજીની જેમ 'ખેલા હોબે'!.

જો કે, ચૂંટણીમાં ભાગ લેવા માટે રેલવે કે પ્લેનની ટિકિટ ન ચાલે.જયુડિશિયલ કે નોનજયુડિશિયલ ટિકિટ પણ ન ચાલે. ટોય ટ્રેનની ટિકિટ પણ ન ચાલે.ક્યાંક ફરવા જવું હોય તો ટ્રાવેલ એપ પર જઇને ટિકિટ બુક કરી શકો. મુવી, ક્રિકેટ મેચની ટિકિટ બુક કરી શકો....ઈત્યાદિ -ઈત્યાદિ.....

આખો દેશ ડિજિટલની માળા જપે છે. એ સમયે ચૂંટણી લડવા માટેની ટિકિટ 'ઓફ લાઇન' કેમ મળતી નથી તેવો પ્રશ્ન અમારો પ્રાણપ્રિય(પ્રાણ લઇને જાય તેવો પ્રિય!) રાજુ રદી પૂછે છે.

ચૂંટણીનો કારોબાર ઓફલાઇન અને આઉટ ઓફ લાઇન હોય છે. ચૂંટણી લડવી તો દુષ્કર છે, પરંતુ, ચૂંટણી લડવા માટેનું દસ બાર પાનાનું ફોર્મ ચાર સેટમાં ભરવાનું તો કઠિનતમ કામ છે. જે કોલમમાં કંઇ લખવાનું ન હોય ત્યાં લીટો ન મારો તો રિટર્નિંગ ઓફિસર નામનો જલ્લાદ તમારા ફોર્મ અને તમને બંનેને ફાંસીએ ચડાવી દે છે!. ઘણીવાર નજીવી ભૂલને લીધે પાર્ટીએ જેને લડવા મેન્ડેટ આપેલો હોય તે મૂરતિયો લડ્યા વગર લીલા તોરણે ગરબાની માફક ધૂમધામથી પાછો આવે છે. હમણા આસિમ રજા નામના ઉમેદવારનું ફોર્મ ક્ષુલ્લક કારણસર રદ થયું...

ચૂંટણીમાં ટિકિટ મેળવવી એ આકાશના તારા તોડવા કે આકાશમાં પુષ્પો ખીલવવા કરતાં પણ કઠિનતમ સાધના છે. જેટલા સંપર્કો હોય તેનો ઉપયોગ કરવો પડે. ઘણીવાર પક્ષના પ્રેસિડેન્ટ ટિકિટ અપાવવામાં નિષ્ફળ નીવડે ત્યારે પાર્ટીનો ચપરાસી ચપટી વગાડતાં ટિકિટ અપાવી દે!

ચૂંટણીની ટિકિટ ભલભલા સંબંધો બગાડવા માટે કાફી છે. પિતા-પુત્રના સંબંધ ચૂંટણીની ચોપાટમાં દાવ પર લાગે છે. બાપ સિટિંગ એમપી હોય પાર્ટી બાપને હડસેલી દીકરાને ટિકિટ આપી દે. માની ટિકિટ પુત્રની જગ્યાએ પુત્રીને મળે. ચૂંટણીમાં બાપને ટિકિટ મળે અને જુવાનજોધ બેટો ખેતરના ચાડિયાંની જેમ લટકી જાય! યુવાન પુત્ર જયંત સિંહા ચૂંટણી લડવાનો ઇન્કાર કરે પણ યશવંત સિંહા નામના બ્યાંશી વર્ષીય પાપા (બાર વરસના બાપની જેમ) 'અભી ના જાઓ છોડકે, દિલ અભી ભરા નહીં' ગીત ગાઇને ખુરશીને રીઝવવા મથતો હોય! બા રિટાયર થાય, પરંતુ પાપા ધરાર રિટાયર ન થાય.

ચૂંટણીમાં પતિ- પત્ની સામસામેની પાર્ટીમાંથી ટિકિટ મેળવે અને બંને ચુનાવમાં હારી જાય એવું બને છે. હાલમાં બિશ્નુપુર સીટ પર સુજાતા અને સૌમિત્ર ખાન (સૌમિત્ર એટલે બધાના મિત્ર. મતલબ અજાતશત્રુ) વાત જાણો. વિધિની વક્રતા એ છે કે સૌમિત્રની પત્ની જ પતિની મિત્ર નથી. અલબત, કોની પત્ની પતિની મિત્ર હોય છે? સૌમિત્ર અને સુજાતા ડિવોર્સી પતિ-પત્ની છે, જે બિશ્નુપુર સીટ પર સામસામે ચૂંટણી લડી રહ્યાં છે. બેઉ બળિયા બાથે વળગ્યા.હવે જોવાનું રહે છે કે કોણ કોને નાથે છે? કે પછી બંનેને હારનો કડવો ઘૂંટડો પીવો પડે છે. ક્રિકેટની જેમ ચૂંટણી પણ અનિશ્ચિતતાથી ભરેલી છે. છેલ્લા મતની ગણતરી સુધીમાં બાજી અને બાજીગર બંને બદલાઇ જાય છે!

ચૂંટણીમાં સાસુ-વહુ હંમેશની જેમ સામસામે લડતા હોય છે. નણંદ અને ભાભીને એકમેક સાથે ખાસ બનતું નથી. બંનેની 'તુંતુંમેંમેં' જીવનમાં ચાલતી હોય છે. મહારાષ્ટ્રની બારામતી સીટ સિટિંગ એમપી સુપ્રિયા સુળે નણંદ છે. એની સામે અજિતદાદા પવારની પત્ની એટલે ભાભી સુનેત્રા પવાર નણંદ સામે ભાગ્ય અજમાવી રહી છે. હવે જોઇએ કે લેડી લક કંઇ લેડીની ફેવર કે અનફેવર કરે છે!

ક્યાંક 'સસરા-જમાઇ' 'આ દેખે જરા કિસમેં કિતના હૈં દમ'ની જેમ સામસામા ટકરાય છે. . સસરા- જમાઇ 'હમ કિસીસે કમ નહીં 'ની અન- ફ્રેન્ડલી મેચ રમતા હોય છે. સાળા- બનેવી પણ 'દો દો હાથ' અજમાવતા હોય છે. સામસામા પરિવાર ન હોય એવી ચૂંટણી ફિક્કી બની જાય છે.

ચૂંટણીની ટિકિટ મેળવવા તન,મન,ધન (અલબત, પારકું ધન) લૂંટાવું પડે છે. ચિક્કાર પીવડાવું પડે છે અને ટલી થવું પડે છે!...ચૂંટણીની ટિકિટ સંબંધો તોડે છે તો ક્યાંક સંબંધો બનાવે છે. બિહારમાં અશોક મહાતો નામના ગેંગસ્ટર એક જેલબ્રેક કેસથી કુખ્યાત છે. સત્તર વરસની સફળ જેલયાત્રા કરનાર મહાતો સાહેબ ખુદ ટિકિટ લડે તો નોમિનેશન રદ થાય તેવી પરિસ્થિતિ. ચૂંટણી લડવા માટે બાંસઠ વરસે અનિતાદેવી નામની મહિલા સાથે યુદ્ધના ધોરણે ઘડિયા લગ્ન કરવા પડ્યા છે, જેથી પત્નીને ચૂંટણી લડાવી શકે..

તમારે ચૂંટણી લડવી હોય અને પાર્ટીની ટિકિટની ઝંઝટ કે ખટપટમાં ન પડવું હોય તો અપક્ષ ઉમેદવાર તરીકે લડવું એમ કુખ્યાત ચુનાવજીવી કે પદ્મનાભન કહે છે. સ્વપ્રેરણાસ્ત્રોત એવા વર્લ્ડઝ બિગેસ્ટ ઇલેકશન લૂઝર કે.પદ્મનાભ રાષ્ટ્રપતિથી લઇને ગ્રામ પંચાયતની ૨૩૮ ચૂંટણી પરાજયવિષા સાથે અનાસકતભાવે લડ્યા છે. વ્યવસાયે ટાયર રિપેરર છે, પરંતુ એમની જીતના ટાયરમાં સદૈવ પરાજયનું પંકચર પડે છે. ૨૦૨૪ની ચૂંટણીમાં પણ એમણે નામાંકન દાખલ કર્યું છે

માનો કે તમે અપક્ષ ઉમેદવાર છો. તમારે

(જુઓ પાનું ૬) ▶▶

હું પણ ક્ષત્રિય સમાજની માફી માગું છું, મોટું મન રાખીને રૂપાલાને માફ કરેઃ સી.આર. પાટીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃરાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના એક નિવેદનના કારણે સમગ્ર ગુજરાતના ક્ષત્રિય સમાજ દ્વારા પરષોત્તમ રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન વિરોધ વધતાં ગાંધીનગર ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના નિવાસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા અન્ય ક્ષત્રિય સમાજના આગેવાન એવા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બળવંતસિંહ રાજપુત, પ્રદીપસિંહ જાડેજા, જયદ્રથસિંહ પરમાર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

આ બેઠક બાદ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું હતુ કે, છેલ્લાં કેટલાક દિવસથી રાજકોટની સીટ પર ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ પરની એક ટિપ્પણીને કારણે સમાજમાં રોષ ફેલાયો છે. ત્રણ વખત માફી માગી છતાં રોષ ઓછો થતો નથી. ક્ષત્રિય સમાજ મોટું મન રાખી રૂપાલાને માફ કરે. ભૂલ માટે વારંવાર માફી માગી છે, તેને ક્ષત્રિય સમાજ માફ કરી દે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજની ૯૨ લોકોની સંકલન સમિતિ છે. આ સંકલન સમિતિની આજે ૩ વાગ્યે બેઠક મળશે. જેમાં રોષ સાંભળવામાં આવશે અને સમજાવશે. ધીમે ધીમે વાતાવરણ સરળ બને તેના માટે પ્રયત્ન કરશે, અમારી બેઠક અઢી ત્રણ કલાક ચાલી છે અને કોને મળવું તથા કેવી રીતે મળવું તેની જવાબદારીઓ નક્કી થઈ છે. જલદીથી નિવેડો આવે તેના માટે ભાજપ તરફથી પણ પ્રયાસો શરૂ થયા છે. ક્ષત્રિય સમાજને મારી પણ હાથ જોડીને વિનંતિ છે. ક્ષત્રિય સમાજ હવે પોતાનો રોષ શાંત કરીને માફ કરી દે અને ક્ષત્રિયો વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા રહ્યા છે અને પાર્ટી સાથે જોડાઈ એવી વિનંતિ કરું છું. જ્યારે ઉમેદવાર બદલવા કોઈ વિચારણા કરી છે? એવા સવાલના જવાબમાં પાટીલે કહ્યું કે, ના એવી કોઈ વિચારણા કરી નથી. ■

અમદાવાદમાં ઝાડા-ઊલટીના અને ટાઈફોઈડના કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઉનાળો શરૂ થતાંની સાથે જ પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે. શહેરમાં માર્ચ મહિનામાં ઝાડા-ઊલટીના ૭૭૫ કેસ નોંધાયા છે. ગત વર્ષે માર્ચ મહિનામાં ઝાડા-ઊલટીના ૫૦૪ કેસ નોંધાયા હતા. આમ, ચાલુ વર્ષે ઝાડા-ઊલટીના કેસમાં ૨૭૧ કેસનો વધારો થયો છે. કમળાના ૧૧૨, ટાઈફોઈડના ૨૫૯ અને કોલેરાના ૮ કેસ નોંધાયા છે. જ્યારે સાદા મલેરિયાના ૧૪ અને ડેન્ગ્યુના ૨૯ કેસ નોંધાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે. માર્ચ મહિનામાં કોલેરાના લાંભામાં એક, ઈન્દ્રપુરીમાં ત્રણ, અમરાઈવાડીમાં એક , દાણીલીમડામાં એક , રામોલ-હાથીજણમાં એક અને નવા વાડજમાં એક કેસ નોંધાયો છે. શહેરમાં સ્વાઇન ફ્લૂ માથું ઊંચકી રહ્યો છે અને પશ્ચિમ ઝોનમાં સ્વાઇન ફ્લુના સૌથી વધુ ૭૯ કેસ સહિત માર્ચમાં ૨૩૨ કેસ નોંધાયા છે. સરકારી અને ખાનગી દવાખાનાઓમાં સ્વાઇન ફ્લુ, શરદી, ખાંસી, વાયરલ ફીવરના દર્દીઓની લાઈનો જોવા મળે છે. ■

સેમી કંડક્ટર ચિપ્સની ફેક્ટરી ગુજરાતના ધોલેરામાં બનશેઃ વિદેશપ્રધાન એસ. જયશંકર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા ચાલી રહી છે. તાજેતરમાં જ ચિપ્સની ફેક્ટરી ગુજરાતમાં ધોલેરામાં બનશે. ૫૦ હજાર ઇજનેર સેમી કંડક્ટર ઇન્ડસ્ટ્રીઝમાં હશે. ભારત માટે દુનિયાના દરવાજા ખોલવા એ દેશની વિદેશનીતિ છે. ભારતને યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ જરૂર મળશે. મારા પુસ્તક વાય ભારત મેટર્સનું ગુજરાતી વર્ઝન આવશે. દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકોની ગરીબી દૂર થઈ છે એવું રાજકોટમાં દેશના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું.

રાષ્ટ્રીય એકતા મંચ દ્વારા ભારત ભાગ્ય વિધાતા કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે ભારતના વિકાસમાં ગુજરાતનો સિંહફાળો છે. તમામ જગ્યાએ ગુજરાતીઓ જોવા મળે છે. આજે ભારતની છબિ તે કક્ષા સુધી પહોંચી છે તેનું કારણ ભારતીયો બહાર વસવાટ કરે છે, તેઓનું પણ યોગદાન છે. એક સમયે કહેવાતું હતું કે, ઊંચો ગ્રોથ જોઇએ તો લોકશાહી ન રાખો. જોકે અમે ૧૦ વર્ષમાં સાબિત કર્યું કે, લોકશાહી હોવા છતાં ગ્રોથ થાય. ભારતમાં કોરોના બાદ પણ સાત ટકા ગ્રોથ થયો છે. સરકારની તમામ યોજના લાભદાયી છે. એક કરોડને વંદે ભારતનો લાભ મળ્યો છે. અન્ન યોજનાના ૮૦ કરોડ અને મુદ્રા લોનના ૪૨ કરોડ લાભાર્થી છે. આવાસ મેળવનારા ૧૦ વર્ષમાં ૨૦ કરોડ, ઉજ્જવલા યોજનામાં ૯૦ કરોડ લાભાર્થીઓ છે, આ પરિવર્તન છે.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતનું ઉદાહરણ અન્ય દેશો આપે છે. તાન્ઝાનિયા ગયો ત્યારે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા. આજે ત્યાંના ૨૬ શહેરોમાં ભારતના કારણે પાણી પહોચ્યું. ભારત અન્ય દેશો માટે પ્રેરણારૂપ છે. યુક્રેન યુદ્ધ વખતે ૯૦ ફ્લાઇટ દોડાવી. નેપાળનો ભૂકંપ, યમનમાં યુદ્ધ, ગાઝા, અફઘાનિસ્તાનમાં યુદ્ધ વખતે તેઓ ભારતની શરણમાં આવ્યા. ભારતીયો વિદેશમાં હોય તો પણ તેઓને દેશ મદદરૂપ થાય છે. ગુજરાતમાં જે ભૂકંપ આવ્યો ત્યારથી મોદીને આપાતકાલીન પરિસ્થિતિમાં ફોર્સ બનાવવાનો વિચાર આવ્યો. આ પ્રસંગે વિદેશ પ્રધાનને કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા જેમાં પહેલા ગુજરાતી મોરારજી દેસાઈ અને હવે નરેન્દ્ર મોદી વડા પ્રધાન સાથે કામ કરો છો તે બાબતે પૂછતા તેમણે જણાવ્યું હતું કે, તે મારા ભાગ્યમાં લખ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, અમેરિકામાં મોદીનું ભાષણ હતું ત્યારે હું તેમની સાથે અમેરિકાના રાજદૂત તરીકે હતો તે બાદ વિદેશ સચિવ હતો. વર્ષ ૨૦૧૯માં ચૂંટણી બાદ મોદીએ મને બોલાવ્યો અને વિદેશ પ્રધાન બનાવ્યો છે. ■

અમદાવાદમાં ક્ષત્રિયોએ રસ્તા પર ઊતરી રૂપાલા હટાવો દેશ બચાવોના નારા લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી ટિપ્પણીએ રાજ્યભરમાં ઉગ્રરૂપ ધારણ કર્યું છે. પુરુષોત્તમ રૂપાલા સામે ઠેર-ઠર ક્ષત્રિય સમાજ વિરોધ નોંધાવી રહ્યો છે. મંગળવારે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ક્ષત્રિય સમાજનાં અલગ-અલગ સંગઠનના લોકો પહોંચ્યા હતા. સૂત્રોચ્ચાર સાથે હાથમાં બેનર લઈને રૂપાલા સામે વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પણ જોડાઈ હતી. કલેક્ટર કચેરીની બહાર ૨૦૦થી વધુ પોલીસ કર્મચારીઓને બંદોબસ્તમાં રાખવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરના બત્રીસી ભવનથી કલેક્ટર કચેરી સુધી ક્ષત્રિય સમાજની રેલી યોજાઇ હતી. રેલીમાં એક હજારથી વધુ ક્ષત્રિયો જોડાયા હતા. રેલીમાં રૂપાલા હટાવો, દેશ બચાવોના નારા લાગ્યા હતા. કલેક્ટર કચેરીમાં મહિલાઓને સાથે રાખી કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. સમાજના આગેવાનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી લોકસભા ચૂંટણીનું ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખ અગાઉ પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ કરવા માંગ કરી હતી. આ અંગે સમાજના આગેવાન ઋતુરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલાઓનું અપમાન કર્યું છે. ભાજપ જે રામના નામે વોટ માગે છે, તે રામ પણ ક્ષત્રિય સમાજના હતા. ક્ષત્રિય સમાજની એક જ માગ છે કે, રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. અત્યારે સરકારની બેઠક ચાલી રહી છે, તેમાં ક્ષત્રિય સમાજના તમામ આગેવાનોને બોલાવવામાં આવ્યા નથી. ■

ક્ષત્રિયો મુદ્દે શંકરસિંહની ભાજપને ચીમકી, એવું ઝેર ન રોપો કે સમાજ કાયમ ઝેરનો ડંખ પીધા કરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાત ભાજપના રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં ઘણો રોષ પ્રવર્ત્યો છે. આ નિવેદન બાદ પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી પણ માંગી લીધી છે. પરંતુ ક્ષત્રિય સમાજની એક જ માંગ છે કે, રાજકોટની સીટ પરથી પરશોત્તમ રૂપાલાને હટાવવામાં આવે. આ વિવાદમાં હવે પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ પણ ક્ષત્રિયોના પક્ષમાં વાત કરી છે અને પરશોત્તમ રૂપાલાને હટાવવાની માગ કરી છે. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, બહેન દીકરીઓનું અપમાન ન ચાલવી લેવાય.

પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ ક્ષત્રિય સમાજનું સમર્થન કરતા વધુમાં કહ્યું હતું કે, આ માત્ર પટેલ કે ક્ષત્રિયની લડાઇ નથી. સમાજના કલેજા પર ચોટ લાગી છે એટલે એમાં માત્ર ભાજપના રાજકોટ કાર્યાલયમાં જ તાળાં વાગશે એવું તો નહીં હોય પરંતુ ગમે ત્યાં તાળાં વાગી શકે છે.

જો ભાજપ ઉમેદવાર નથી બદલે તો તેનો અર્થ એ કે, તમારી બેન બેટીઓ પર ગમે તે કહીશું તમે થાય એ કરી લો એવું સમજવાનું? આપણે આપણી બહેન દીકરીઓ સામે કોઇ બોલે તો સાંભળી લઇશું? સમાજની લાગણી, માંગણીને ઠેસ લાગી છે. આ બધું ભાજપના હાથમાં છે. ભાજપનું હાઇકમાન્ડ આ ન સમજે તો આપણે સમજી લેવાનું કે, આમાં ભાજપની સહમતી છે.

તમને આ બધુ મંજૂર છે તો અમારે જે કરવું હશે તે કરીશું જો સરકાર આના દાઝ્યા પર ડામ દેશે તો ગુજરાત માટે આ તંદુરસ્ત નથી.

આ સાથે તેમણે ભાજપ પર નિશાન તાકતા વધુમાં ઉમેરતા કહ્યું કે, ૨૦૧૯ માં ક્ષત્રિય સમાજનો એકપણ ઉમેદવાર લોકસભામાં નથી મુકાયો, ૨૦૨૪માં પણ કોઈ ક્ષત્રિય ઉમેદવારને સ્થાન નથી આપ્યું, તમે બાકાત રાખ્યો છે. તો પણ વિરોધ નથી થયો.

તેમણે એમ પણ કહ્યું હતું કે, એવું ઝેર ન રોપો કે સમાજ કાયમ ઝેરનો ડંખ પીધા કરે. એટલે તાત્કાલિક સરકાર ઉમેદવાર બદલે. ગુજરાતનું હાઇકમાન્ડ કે દિલ્હીનું હાઇકમાન્ડ આ નિર્ણય વહેલા નહીં લે તો આ ચિંગારી ક્યાં જશે તે કહેવાશે નહીં. એના માટે જે પણ પરિસ્થિતિ ઊભી થશે તે માટે ભાજપની સરકાર જવાબદાર હશે.’ ■

વડોદરામાં પણ પરષોત્તમ રૂપાલા સામે વિરોધઃ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી વિવાદિત ટિપ્પણીના વિરોધનો વાયરો હવે વડોદરામાં પણ ફુંકાયો છે. વડોદરામાં રૂપાલા વિરુદ્ધ ક્ષત્રિય સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાતમાં વાતાવરણની સાથે રાજકારણમાં ગરમાવો આવ્યો છે. લોકસભાની ચૂંટણી ટાણે ક્ષત્રિય સમાજે ફક્ત પરષોત્તમ રૂપાલા જ નહીં પરંતુ ભારતીય જનતા પાર્ટીનું પણ ટેંશન વધારી નાખ્યું છે. ઠેર-ઠેર સમગ્ર ગુજરાતમાં રૂપાલાની વિરુદ્ધ ક્ષત્રિય સમાજે મોરચો માંડ્યો છે. હવે વડોદરા શહેરમાં પણ વિરોધ નોંધાવામાં આવ્યો હતો. વડોદરા ક્ષત્રિય સમાજ દ્વારા કલેક્ટરને આવેદન પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આ સાથે જ ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય પ્રધાન અને રાજકોટ લોકસભાના ભાજપ ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને જે નિવેદન આપ્યું હતું. તેના કારણે ક્ષત્રિય સમાજ ખુબ જ લાલઘૂમ થયો છે. રૂપાલા દ્વારા વારંવાર માફી માગવા છતાં પણ સમાજ તેમને માફ કરવાના મૂડમાં નથી. આ સાથે જ ક્ષત્રિય સમાજની એક જ માગ છે કે, કોઈ પણ ભોગે રૂપાલાને નહિ ચલાવી લેવાય. બીજી તરફ શાંત સ્વભાવની ક્ષત્રિયાણીઓમાં પણ હાલ રોષ ભભૂકી ઊઠયો છે અને આગામી સમયમાં સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરાશે તેવી પણ ચીમકી ઉચ્ચારી હતી. ■

ચૂંટણી પૂર્વે ભાજપમાં જાતિવાદ-અસંતોષ વધ્યોઃ રાષ્ટ્રવાદ અને મંદિરના મુદ્દા કોરાણે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપની રાષ્ટ્રીય મોવડીઓની રણનીતિ મુજબ રામ મંદિર અને હિન્દુત્વના મુદ્દે જુવાળ ઊભો કરવાની રણનીતિનું ગુજરાતમાં પ્રથમ તબક્કે બાષ્પિભવન થઇ ગયું છે. ટિકિટ નહીં મળવાના મુદ્દે કેટલીક બેઠકો ઉપર કાર્યકરોમાં અસંતોષથી લઇને નેતાઓના બેફામ બોલવાના કારણે ગુજરાતમાં રાષ્ટ્રવાદના બદલે જાતિવાદ વકરવા સાથે બેઠક દીઠ અલગ જ મુશ્કેલીઓ ઊભી થઇ રહી છે. જેના પગલે કેન્દ્રનું મોવડી મંડળ ગુજરાતના ટોચના નેતાઓનો ખાનગીમાં સંપર્ક કરી રાજકીય માહોલની માહિતી એકઠી કરી રહ્યા છે.

ચૂંટણી પહેલાં ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં જે રીતનો માહોલ બની રહ્યો છે તેને ગુજરાત ભાજપના નેતાઓ સંભાળી શકવામાં સમર્થ નહીં હોવાનું ચિત્ર પણ ઉપસી રહ્યું છે. આંતરિક અસંતોષ, ટિકિટ નહીં મળતા ભાજપ સામે ખુલ્લેઆમ દેખાવો થઇ રહ્યા છે. આ બધા વચ્ચે ભાજપના નેતાઓ કમસેકમ ગુજરાતમાં કલમ ૩૭૦, અયોધ્યા મંદિર અને સીએએ મુદ્દે તમામ ૨૬ બેઠક જીતવી સરળ રહેશે તેવી ધારણા રાખીને બેઠા હતા, તેના બદલે ચૂંટણી પૂર્વે ભાજપ તરફી માહોલ ઊભો થવાના બદલે ભળતા જ મુદ્દા ચૂંટણી ચિત્રમાં ઉભરતા સમગ્ર પરિસ્થિતિ ભાજપની ગણતરી મુજબ ચાલી રહી નથી તે દેખાઇ રહ્યું છે. તેના કારણે વહેલી તકે ગુજરાતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભા યોજાય અને કેસરિયો માહોલ ઊભો થાય તેવી આશા ભાજપના નેતાઓ રાખી રહ્યા છે.

સાબરકાંઠામાં ભીખાજી ઠાકોરની ટિકિટ કપાતા અને કોંગ્રેસમાંથી આવેલા નેતાના પત્ની શોભનાબેન બારૈયાને ટિકિટ અપાતા અસંતોષની આંધી ઊઠી છે. વડોદરામાં ઉમેદવાર બદલાયા છતાં અંદરખાને ગણગણાટ ચાલુ છે. તેવો જ વિરોધ અમરેલીના ઉમેદવાર સામે શરૂ થઇ ગયો છે. વલસાડના ઉમેદવાર સામે પત્રિકાઓ ફરી રહી છે. ભાજપના જ કેટલાક અસંતુષ્ટો પણ અંદરખાને પલિતો ચાંપી રહ્યા છે. ભાજપ માટે મોટો પડકાર ક્ષત્રિય-રાજપૂત સમાજમાં ભાજપ સામે વધતી નારાજગી છે. અમદાવાદ, ઉત્તર ગુજરાતથી સૌરાષ્ટ્ર સુધી પુરુષોત્તમ રૂપાલાની વાંધાજનક ટિપ્પણી સામેનો વિરોધ ભડક્યો છે. જેના પગલે ભાજપને વિવાદીત બેઠકોમાં જો ફેરફાર કરવામાં નહિ આવે તો રાજકીય સૂત્રોના કહ્યા મુજબ પાંચ જેટલી બેઠક ગુમાવવાનો વારો આવી શકે તેમ છે. બીજી બાજુ ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના નિવાસે અને ભાજપના કમલમાં ખાનગીમાં બેઠકોના દોર શરૂ થયા છે. ■

સાબરકાંઠા ભાજપ ઉમેદવાર સામે નારાજગી યથાવત્ઃ કાર્યકરોએ પોસ્ટકાર્ડ લખી વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત થઇ ચૂકી છે, ત્યારે ભાજપમાં વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. ઘણી જગ્યાએ ભાજપના ઉમેદવાર સામે નારાજગી જોવા મળી રહી છે અને કાર્યકર્તાઓ ઉમેદવાર બદલવાની માગ કરી રહ્યા છે. આ દરમિયાન સાબરકાંઠામાં પણ ભાજપ ઉમેદવાર સામે નારાજગી યથાવત છે. જ્યાં કાર્યકરો ખેસ અને ટોપી પહેરી કમલમ પહોંચ્યા હતા અને સાથે જ ઉમેદવાર બદલવા માટે સૂત્રોચ્ચાર કર્યા હતા. ગુજરાતની બે બેઠકો પર ભાજપમાં વિવાદ જોવા મળી રહ્યો છે. રાજકોટ અને સાબરકાંઠામાં ઉમેદવારનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. સાબરકાંઠા ભાજપ ઉમેદવાર સામે નારાજગી યથાવત જોવા મળી રહી છે ત્યારે હિંમતનગર ભાજપ કાર્યાલય પર કાર્યકરો પહોંચ્યા હતા. તેમણે ભાજપની ખેસ, ટોપી પહેરી કમલમ સામે દેખાવો કર્યા હતા. કાર્યકરોએ પોસ્ટકાર્ડ લખી વિરોધ કર્યો હતો. સાથે જ નારેબાજી કરી હતી. કાર્યકરોએ આયાતી ઉમેદવારને બદલો, ભાજપ જીતાડો’ની નારેબાજી કરી હતી. જ્યારે કાર્યકરો ઉમેદવાર બદલવાની માગ કરી રહ્યા છે.

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા ચૂંટણી સભા દરમિયાન રાજપૂત સમાજ વિરુદ્ધ વિવાદિત નિવેદન કરવામાં આવ્યું હતું. રૂપાલાએ કરેલા આ નિવેદન બાદ સમસ્ત ક્ષત્રિય સમાજ અને રાજપૂત કરણી સેના દ્વારા ભારે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. રાજ્યભરમાં ઠેર ઠેર રૂપાલા વિરુદ્ધ ઉકળતા ચરુ જેવો રોષ સમાજના લોકોમાં જોવા મળી રહ્યો છે. જાહેર મંચ ઉપરથી રૂપાલાએ આ મામલે સમાજની માફી પણ માગી છે. પરંતુ સમાજની એક જ માગ છે કે રૂપાલા વિરુદ્ધ કડક કાર્યવાહી થાય અને રાજકોટ લોકસભા બેઠક ઉપરથી ટિકિટ રદ કરવામાં આવે. રાજકોટની બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ સમવાનું નામ જ નથી લેતો. મંગળવારે ગાંધીનગરમાં સી. આર પાટીલના ઘરે મહત્તવની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવી અને પ્રદેશ પ્રમુખ પાટીલ સાથે ભાજપના ક્ષત્રિય નેતાઓ પણ હાજર રહ્યા હતા. ■

દેસાઇ ગ્રૂપ પર ઇન્કમટેક્સની તપાસ પૂર્ણઃ ₹ ૬૦૦ કરોડના બેનામી વ્યવહારો મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઇન્કમ ટેક્સના અધિકારીઓએ ફાઇનાન્સ સાથે ડેરી અને હોટલનો વ્યવસાય કરતા દેસાઇ ગ્રૂપ પર દરોડા પાડીને ૬૦૦ કરોડથી વધુના બેનામી વ્યવહારોની વિગતો શોધી કાઢી છે. પાંચ દિવસ ચાલેલી તપાસમાં બેંક લોકર અને બેંક એકાઉન્ટ સીઝ કરવામાં આવ્યા છે. તેની તપાસ આગામી દિવસોમાં કરવામાં આવશે. રોકડ રૂપિયા અને ઝવેરાત પણ મળી આવ્યું છે. ઝવેરાતનું વેલ્યુએશન કરવામાં આવી રહ્યું છે. સોમવારે અધિકારીઓ દરોડાની કામગીરી પૂરી કરી દરેક પ્રિમાઇસ પર જવાબદાર વ્યક્તિના નિવેદન લેવાની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત દેસાઇ બંધુઓ જે લોકોના રૂપિયા વ્યાજે ફેરવતા હતા તેની વિગતો પણ ડિપાર્ટમેન્ટના હાથમાં આવી જતાં તેમના સુધી તપાસનો રેલો પહોંચે તેવી સંભાવના છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દિવાળી બાદથી આયકર વિભાગ ફરીથી એક્ટિવ બની ગયું છે. અમદાવાદ અને ગુજરાતમાં તમામ મોટા સેક્ટરમાં દરોડા પાડીને કરોડો રૂપિયાની કરચોરી શોધી કાઢી હતી. ગત બુધવારે સવારે ૧૦૦થી વધુ અધિકારીઓની ટીમ ગોપાલ ડેરી અને રિવર વ્યૂ હોટલના સંચાલકો ગૌરાંગ દેસાઇ અને રાજુ દેસાઇના બંગલા અને ઓફિસો પર ત્રાટક્યા હતા. અધિકારીઓએ ૨૦ પ્રિમાઇસીસ પર દરોડા પાડીને તપાસ શરૂ કરી હતી. દરોડા દરમિયાન કોથળા ભરીને દસ્તાવેજો મળતાં તપાસ ટીમમાં વધુ ૨૦ અધિકારી જોડાયા હતા. બીજી તરફ દેસાઇ બંધુઓ અને તેમના માણસો તપાસમાં સહકાર નહીં આપતા હોવાના અધિકારીઓ આક્ષેપ કર્યા હતા. હોટલ અને ડેરી ઉપરાંત દેસાઇ બંધુઓ કરોડો રૂપિયા વ્યાજે ફેરવતા હતા. તેઓ પાંચ ટકાથી લઇને ૨૦ ટકા સુધીનું વ્યાજ વસૂલ કરતા હોવાની વિગતો અધિકારીઓને મળી છે. દેસાઇ બંધુઓ પોતાના ઉપરાંત શહેરના ઘણા લોકોના રૂપિયા પણ વ્યાજે ફેરવતા હતા. જે તમામ વ્યાજખોરોની વિગતો પણ ડિપાર્ટમેન્ટને મળી ગઇ છે જેને પગલે હવે ડિપાર્ટમેન્ટ દ્વારા આ વ્યાજખોરો સુધી પણ તપાસ કરવામાં આવે તેવી સંભાવના છે. બીજી તરફ પાંચ દિવસના દરોડા બાદ અધિકારીઓ તપાસ પૂરી કરી તમામ પ્રિમાઇસીસ પર જવાબદાર વ્યક્તિઓના નિવેદન લેવાની કામગીરી શરૂ કરી છે. આગામી દિવસોમાં ડિજિટલ ડેટા અને દસ્તાવેજોની તપાસ ઉપરાંત બૅન્ક લોકર અને બૅન્ક એકાઉન્ટની પણ તપાસ કરવામાં આવશે. ■

ગુજરાતમાં ઓછું ઉત્પાદન થતા લીંબુનો ભાવ વધીને કિલોના ₹ ૨૦૦ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળો શરૂ થઈ ગયો છે. રાજ્યમાં ચાલુ વર્ષે કમોસમી વરસાદને પગલે લીંબુનું ઉત્પાદન ઓછું થયું છે. પરંતુ ઉનાળાના કારણે લીંબુનો વપરાશ પણ વધ્યો છે.

રાજ્યની બજારમાં લીંબુનો ભાવ ૨૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આગામી સમયમાં ગરમી વધશે તો ભાવ પણ વધવાની સંભાવના છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં ચાલુ વર્ષે લીંબુના ઉત્પાદનમાં ઘટાડો નોંધાતા રાજ્યના માર્કેટ યાર્ડમાં લીંબુનો હોલસેલ ભાવ ૧૩૦ રૂપિયા કિલો ચાલી રહ્યો છે. નબળી ગુણવત્તાના લીંબુ ૧૦૦ રૂપિયાની આસપાસના હોલસેલ ભાવે વેચાઇ રહ્યા છે, પરંતુ આ લીંબુ છૂટક બજારમાં આવતા ૨૦૦ રૂપિયા કિલો થઇ જાય છે.

રમઝાન મહિનાને પગલે લીંબુની માંગમાં ધરખમ વધારો થયો છે. તેની સામે ઓછું ઉત્પાદન થતા લીંબુનો ભાવ વધી ગયો છે. એક મહિના પહેલા રાજ્યમાં લીંબુ ૪૦ રૂપિયાના કિલો મળી રહ્યા હતા. તે લીંબુ હવે ૨૦૦ રૂપિયાના કિલો મળી રહ્યા છે. ત્યારે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. સાથે લીંબુના સોડા-શરબત સહિતની વસ્તુઓનો આનંદ માણતા લોકોમાં પણ ભાવ પ્રત્યે ખટાશ જોવા મળી રહી છે. ■

ગુજરાતમાં અંગો દઝાડતી ગરમીઃ સ્કૂલોનો સમય બદલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. અમદાવાદમાં વધતી ગરમીને પગલે પ્રશાસને શાળાઓના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. શહેરમાં ગરમીના કારણે તમામ શાળાનો સમય સવારે ૭ વાગ્યાનો કરવામાં આવ્યો છે. શાળા બંધ થવાનો સમય બપોરે ૧૨ વાગ્યે નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અમદાવાદ ટ્રાફિક પોલીસે પણ બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેર મનપા સંચાલિત મ્યુનિ. પ્રાથમિક શિક્ષણ સમિતિની ૪૨૫ શાળાના ખુલવા અને બંધ થવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મ્યુનિ. પ્રાથમિક શિક્ષણ સમિતિના વહીવટદારે જણાવ્યું હતું કે, બાળકોને ગરમીથી રાહત આપવા માટે બપોરની પાળી વહેલી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે શાળાઓમાં બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ છે, તેમાં વિદ્યાર્થીઓને સોમવારથી શુક્રવાર સવારે ૭:૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી બોલાવવામાં આવશે અને શાળાનો સમય શનિવારે સવારે ૭:૧૦ થી ૧૧:૩૦ સુધી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. દરમિયાન ગરમીને કારણે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ ટ્રાફિક પોલીસે શહેરના ૧૦૦ ટ્રાફિક સિગ્નલ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત લોકોને ગરમીથી રાહત આપવા માટે ભારે ટ્રાફિકવાળા સિગ્નલ પોઈન્ટ પર સમય ઓછો કરવામાં આવશે. ■

ગુજરાતમાં ૧૨ શહેરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાહેરસભા સંબોધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ પક્ષો તરફથી જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતમાં ૧૦ થી ૧૨ જાહેરસભાઓનું આયોજન કરવામાં આવશે. વડા પ્રધાન મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ સભાઓ સંબોધશે તેવું ભાજપના રાજકીય સૂત્રોના જણાવી રહ્યા છે.

ગુજરાતમાં ભાજપે લોકસભાની ચૂંટણીના પ્રચારની શરૂઆત કરી દીધો છે. વડા પ્રધાનની સભાનું આયોજન કરવામાં આવશે. રાજ્યના અર્

૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - ૯૮૨૦૭૧૮૯૭૯. (બી-૧૪૦૩૩)

૯. લગ્ન સંબંધી

ગુજરાતી બેચલર્સ

યોગ્ય જીવનસાથી માટે લગ્ન સંસ્થા છોકરીઓ માટે મફત રજિસ્ટ્રેશન. સંપર્ક: 09152021575. (દહેજ નહીં). (બી-૧૪૦૪૦)

■ વિધવા, વિધુર, કુંવારા લગ્ન ઈચ્છુક, સુંદર ભાઈ - બહેનો તુરંત જ મળો. 9867510027, 9377992110. (દહેજ નહીં). (બી-૧૪૦૪૪)

પરિચય મેળાવડો

07/04/2024 રવિવારે, સમસ્ત ગુજરાતી / કચ્છી / જૈન જ્ઞાતીના 30 થી 45 વર્ષના, કુંવારા, છુટાછેડા, વિધવા, વિધુર યુવક/યુવતીઓ માટે મુંબઈમાં રાખેલ છે. શ્રીહરિ ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠિયા - 9082825482, 9321693211. (દહેજ નહીં). (૧૩૪૯૧-એ)

38 YEARS OLD HAST

Melap Marriage Bureau Pravina Mehta - Ghatkopar (E) M: 9869004894 - 9869000490 - 7304132551 - 9969371273 - 8355885945. (No Dowry) (B-13434)

૧૦. મહિલાઓ માટે

મહેમાનોનો ઉતારો

રોજના ધોરણે બથ્ડે, સગાઈ, પાર્ટી કલાસીસ. બોરીવલીમાં બાપલી બંગલો 9821112796. (૧૪૩૧૨-સી)

કાનનાં મોટાકાણાં

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૪૦૪૬)

દવા વગર

સાંધાના, કમરના દુઃખાવા, ફ્રોઝન સોલ્ડર, સંધીવા, શરીરની દરેક તકલીફ દૂર, પાઈનગર બોરીવલી. 9930332471. (૧૩૪૯૧-બી)

શીખો

બ્યુટી પાર્લર/ હેર સ્ટાઈલ/ મેકઅપ ડિપ્લોમા કોર્સ. બોરીવલી વેસ્ટ - 9920672072. (જેપી-૪૯૦૬-એ)

૧૧. પ્રદર્શન

અમે ખરીદશું

જૂના સિક્કા, નોટ (ઈન્ડિયન/ ફોરેનના), ફર્સ્ટ ડે કવર, પોસ્ટલ સ્ટેમ્પ, બ્લૅન્ક સ્ટેમ્પ પેપર લઈશું. ''ગંગર'' - 9321530449. (૧૪૩૦૪-એ)

૧૨. યાત્રા સહેલગાહ

નિઃશુલ્ક જાત્રા

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના લોકો માટે એક દિવસીય જૈન દેરાસર પંચતિર્થી જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા 7304472581. (એસડીબી-૧૮૨૬)

જૈન જાગૃતિ સેન્ટર, ઘાટકોપર
જૈન જાગૃતિ સેન્ટર, વાપી
તથા જૈન મિત્ર મંડળ, મુંબઈ
80 % બુકીંગ હાઉસ ફૂલ. હાર્દિક આભાર.
મુંબઈ-શ્રીનગર-મુંબઈ ડાયરેક્ટ
એર ટિકિટો ઓનલાઇન કરતા ઘણી સસ્તી
25 વર્ષની ખુશાલીમાં લેહની ટુરોમાં 5000 PP. અને કાશ્મીરની ટુરોમાં 2થી3 હજારનું લાસ્ટ ડિસ્કાઉન્ટ. ફેન્ટાસ્ટીક ફૂડ કાર્નિવલ.
સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ
કાશ્મીર
લેહ લડાખ
બેઝિંગ ભાવે પરફેક્ટ પેકેજ
સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ.
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ બિસ્કેરી
બ્રાન્ડેડ 3-4* લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ. થી જૂન.શ્રીનગરથી દિવસ 8,9,10
સૌથી વધુ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કેરાલા, હિમાચલ, ઉતરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
24 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ
સતીશભાઈ શાહ
9869066942
9869056942
9869010141
પૂજા ટુર્સ
ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com

(બી-૧૪૦૨૮)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

૧૨. યાત્રા સહેલગાહ

■ ચારધામ 36000/- ટ્રેનમાં, 45000/- પ્લેનમાં, 54000/- કસ્ટમાઈઝ, ગ્રુપ સ્પેશ્યલિસ્ટ. 9833009445. (૧૩૪૯૧-ડી)

નાશિક-પંચવટી

દાદા જેઠાનંદ પાગરાની ટ્રસ્ટ- રામકુંડ, ગંગાઘાટની નજીક, ડબલ-બેડ એસી રૂમ- Rs. 1,225 + GST તથા નોન એસી રૂમ- Rs. 900 + GST, એટેચ બાથરૂમ, રહેવા તથા જમવાની વ્યવસ્થા (રાજસ્થાની મહારાજ), હોલ (કેપેસીટી 200 માણસો) નવું બિલ્ડીંગ, લિફ્ટ સાથે, ધાર્મિક કાર્ય/ યાત્રાની બુકીંગ માટે સંપર્ક: મુંબઈ- 9820994144 નાશિક- 0253 2511434/ 09423311434. (બી-૧૩૪૨૪)

તુષારભાઈ

ઉત્તરાખંડ ચારધામ (45,450), નેપાળ મુક્તિનાથ (43,650), દેવીબેન પ્રવાસ 9833730639. (૧૪૩૨૮/એ)

૧૪. નોકરી ખાલી છે

''અદ્ભુત કમાણી''

ભારતીય ગ્લોબલ ડાયરેક્ટ સેલિંગ કંપનીનાં, ક્રાંતિકારી ૩૦૦ રેડી પ્રોડક્ટસનું, પ્રમોશન/ ભલામણનું કામકાજ, વગર રોકાણે, ઘરેથી, પાર્ટટાઈમમાં, મોબાઈલથી કરીને, આપના ઘરખર્ચમાં બચત, પરિવારની તંદુરસ્તી અને સાઈડમાં અદ્ભુત કમાણીનો લાભ લેવા, મહેનતુ મહિલાઓ, ભાઈઓ, વડીલો, ગૃહિણી કોલેજીયન, હેલ્થ મેનેજરો, બ્યુટીશીઅન. સંપર્કો. મુંબઈ, પુણે, વિરાર, વાપી, વલસાડ, સુરત, દુબઈ, આફ્રિકા, ગુજરાત. Whatsapp: 9158333250. (૧૪૨૯૬-એ)

''ફીમેલ સ્ટાફ...''

કાંદિવલીમાં: Calling માટે જોઈએ છે. સંપર્ક: ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' - 9619315362. (૧૪૩૨૫/એ)

માર્કેટિંગ મેનેજર

ઈન્ડ્રીયલ સ્ટીલ માટે પ્રા. લિ.કું.માં સેલ્સ મેનેજર વિશ્વાસુ, ખંતીલા, યુવાન તથા અનુભવી યુવાનની સારા પગાર સાથે જરૂર છે. MOBILE 7021734143. email - alloysteel3@gmail.com (એસડીબી-૧૮૪૧)

એકાઉન્ટન્ટ

ટેલી અને ઈન્વોઈસના જાણકાર પુરુષ ફુલ ટાઈમ માટે જોઈએ છે. દાદરથી ચર્ચગેટ રહેતાને પ્રાધાન્ય. સંપર્ક - 8080753577. (સવારે 10થી 3). (બી-૧૪૦૬૦)

50,000/=

સેલ્ફ એમ્પ્લોઈડ, હાઉસવાઈફ, રીટાયર્ડ (25 થી 60 વર્ષ) 12th PASS, વધારે. મલાડ: 9930774809. (૧૪૩૨૯/એ)

JOIN LIC AGENCY, PART/ Full Time. Unlimited + Lifelong Income. SSC Pass. Terminated Agent also Call: 9224346388 / 9869860743. (B-14029)

WANTED ADMIN MANAGER Minimum HSC Office Khar West Call 9821959595. (14331-A)

ACCOUNTANT, PEON

Required 10 years experienced in Accountancy work and Peon for Office work.: 9833172689. (14327-A)

૧૬. પેઈંગ ગેસ્ટ

પેઈંગ ગેસ્ટ

વર્કિંગ, વેજીટેરીયન જેન્ટસ માટે બોરીવલી (વેસ્ટ) તીરૂમાલા સામે, ગુરૂજી 9321910004. (૧૪૩૧૯-એ)

૧૭. જગ્યા આપવી છે

સાન્તાક્રુઝ (ઈસ્ટ)

સ્ટેશનથી ચાલતા બે મિનિટ નવા ટાવરમાં 1 બેડરૂમ - 1 બેડરૂમની જોડી વેચાણથી - 9867756747. (જેપી/૪૯૦૯-એફ)

ઘાટકોપરમાં ગેરંટી

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી. બજાર ભાવે, સોદાની ગેરંટી ભિમાની - 9920814333 - 9820814333. (૧૪૦૮૭-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

રેડી નવા બંધાતા બિલ્ડિંગમાં, 2 થી 4 બી.એચ.કે. 700' થી 2400' કાર્પેટ, સારા ભાવમાં મળશે. ''મિતુલ શાહ'' - 9969080029. (૧૪૨૮૪-એ)

૧૭. જગ્યા આપવી છે

વિલેપાર્લે (ઈસ્ટ)

વેચાણથી બ્રાન્ડ ન્યુ નવા ટાવરમાં 3 BHK, 1037 કારપેટ, હાયરફ્લોર, 1 ગાડીની પાર્કિંગ, પોડિયમ વોકવે વિથ ગાર્ડન, દેરાસર અને માર્કેટ નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992. (જેપી/૪૯૦૬-એચ)

વિલેપાર્લે (ઈસ્ટ)

વેચાણથી મહંત રોડ, રૂઈયા સ્કૂલની પાસે, 4 BHK, 2200 કારપેટ, 4th ફ્લોર, ફુલી ફર્નિસ્ડ લેવીશ ફ્લેટ, 2 ગાડીની પાર્કિંગ, રજીસ્ટર્ડ સોસાયટી વિથ OC. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992. (જેપી/૪૯૦૬-એફ)

(SDB-1840)

વિલેપાર્લે (ઈસ્ટ)

વેચાણથી મહંત રોડ 3 BHK 1150 કારપેટ હાયરફ્લોર, 1 પાર્કિંગ ફુલ્લી ફર્નિસ્ડ રજીસ્ટર્ડ સોસાયટી વિથ OC. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992. (જેપી/૪૯૦૬-જી)

બોરીવલી (વેસ્ટ)

દેવીદાસ લેન, ઈન્દર પેલેસ, નીલ ટાવરની પાછળ, 2 બેડરૂમ, 900' સુપર બીલ્ટઅપ, 2,05,00,000/- નેગોશીએબલ. OC નથી, હેમંત- 9833720382, બંકીમ- 9322246219. (૧૪૩૨૧/એ)

કાંદિવલી ઠાકુર કોમ્પ્લેક્ષમાં/ વિલેજમાં

''વન બેડ 81,00,000/-'' ''ટુ બેડ 1,35,00,000/-'' ''થ્રિ બેડ લોખંડવાલામાં 1,75,00,000/-'' ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૦૬-ડી)

દેવલાલી

શ્રી પાર્શ્વનાથ દેરાસર/6 NO નાકાની ગલીમાં, ૨ બેડરૂમનાં ફ્લેટો, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, અંડર કન્સ્ટ્રકશન, બુકીંગ માટે પરેશ - 9930803959, 9930106054. (૧૪૩૦૧-ઈ)

પરેલ / શિવરી

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા / વેચવા / ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૩૭૮૯)

નિતી ઠક્કર

ડી.એન.નગર, રૂસ્તમજી મહાલક્ષ્મી, ૨ બેડરૂમ, ૬૪૦ કાર્પેટ, હાયર ફ્લોર, ૧ પાર્કિંગ, બધી મોર્ડન એમીનિટીઝ. (જોડી ફ્લેટ શક્ય) 9757235535. (એસડીબી-૧૮૩૩)

વિલેપાર્લે (વેસ્ટ)

ઓનરશીપથી ફ્લેટ્સ બજાજ રોડ, ૪ બેડરૂમ ૧૧મે અને ૧૨મે માળે, ૨ બેડરૂમ ૧૦મે અને ૧૧મે માળે, હવા ઉજાસવાળો, નવું બિલ્ડિંગ, જીમ, ઓ.સી. સાથે. એજન્ટ: અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૧૮૨૭)

વિલેપાર્લે વેસ્ટ

3 માસ્ટર બેડરૂમ, 1 કોમન બાથરૂમ. 1500 કારપેટ ફ્લેટ (ફર્નિશ્ડ For Rent 1,75,000) ગુલમહોર રોડ, કિશોરકુમાર પાર્ક પાસે - 9653303523. (એસડીબી-૧૮૩૮)

મલાડ (વેસ્ટ)

અભિષેક, માર્વે રોડ, ૨ બેડ, ૮૦૦', મલાડ જિમખાનાની બાજુમાં વેચાણથી. ઓનર: 8369681660. (એસડીબી-૧૮૪૫)

૧૭. જગ્યા આપવી છે

પાર્લામાં/જુહુમાં/અંધેરીમાં

કોલેજ પાસે, સ્ટુડન્ટો માટે હોસ્ટેલના પેકેજમાં છોકરાઓ/છોકરીઓ માટે જગ્યાઓ તથા ૧ થી ૩ બેડરૂમના ફ્લેટો ફેમીલી/સ્ટુડન્ટો માટે લીવલાયસંસથી મળશે. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૪૩૧૬-એ)

વાલકેશ્વર

૨ બેડરૂમ હોલ કિચન લીવ લાઈસન્સથી ૧૨૦૦ સ્કે.ફીટનો વિશાળ રોડ ફેસિંગ ફર્નિશ્ડ ફ્લેટ એટેચ્ડ બાથરૂમ સાથે દરેક રૂમમાંથી ક્લિયર સમુદ્ર દર્શન નેકલેસ વ્યુ સાથે, સર્વન્ટ બાથરૂમ ૧ પાર્કિંગ સુંદર વેલ મેઈન્ટેન્ડ સોસાયટી હિતેશ શાહ. 9819367303. (એસડીબી-૧૮૩૧)

સાંતાક્રુઝ (વેસ્ટ)

૩ બેડરૂમ હોલ કિચન ૩ વોશરૂમ, લિફ્ટ, હવા ઉજાશવાળો ૮૫૦ કારપેટ એરિયા. ૧ પાર્કિંગ ફક્ત ૪.૨૫ કરોડ શ્રી કુથુંનાથ જૈન દેરાસર પાસે આઉટ રાઈટથી વેચવો છે. સંપર્ક:- સુનિલ સાવલા 9869351233. (એસડીબી-૧૮૩૨)

મલાડ (વેસ્ટ)

આદિનાથ એવન્યુ નર્સિંગ લેન 1 બેડરૂમ 330 કારપેટ વેચાણથી 85 લાખ નીગોશિએબલ દલાલ માફ- 9820437050. (જેપી/ ૪૯૦૯-ઈ)

પાર્લા (વેસ્ટ)

ભાડેથી: ત્રણ બેડરૂમ, ૪૬૦ કોમર્શીઅલ, ૨૬૦ દુકાન, વેચાણથી: બે/ત્રણ બેડરૂમ. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૪૨૯૩-સી)

અંધેરી (વેસ્ટ)

યારી રોડ, વેચાણથી. બે બેડરૂમ, ૯૫૦ બિલ્ટઅપ, ફૂલ્લી સીવ્યૂ, સેમી ફર્નિશ્ડ, હાયર ફ્લોર, એક પાર્કિંગ. દીપક ઠક્કર: ૯૮૨૦૯૨૯૪૨૬. (૧૪૩૦૬-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

2 BHK ફ્લેટ - 640' કાર્પેટ, રેડી પઝેશન, અત્યાધુનિક સુવિધા, O.C. સાથે, નવું બિલ્ડિંગ. સંપર્ક 8879390090. (૧૪૨૮૯-એ)

વોર્ડન રોડ

'નાનીક નિવાસ' લિવલાયસંસ વેસ્ટર્લિ 3 BHK સર્વન્ટસ રૂમ વેલ ફર્નિશ્ડ ક્લોઝ ગેરેજ ભાડું 3,00,000/- રેડી કબજો 9820296693 'એજંટ'. (૧૪૩૨૨-એ)

ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૪૨૬૦-સી)

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥
Last Few Inventories Left
MATRIX REALTY SOLUTIONS
REALTY & CAPITAL SOLUTIONS
(MahaRERA Reg.No. A51900038978)
JAIN SOCIETY, SION
2BHK - 800 SQFT.
3BHK - 1200 SQFT.
4BHK - 1600 SQFT.
Residneces As Per Vastu
11.2ft Clear Height
Yoga Lawn
Gymnasium
ZERO BROKERAGE
Contact:
Jalpa Shah - 9820069141 / Ketan Shah - 9820135900

(B-14061)

ઘાટકોપર (ઈસ્ટ)

સુધાપાર્ક, 2 બેડરૂમ, હોલ, કિચન- 900' યુઝેબલ કારપેટ, હાઈક્લાસ ફુલ્લી ફર્નિશ્ડ, હાયરફ્લોર, કારપાર્કિંગ સાથે વેચાણથી. ''ઓનર'' 9821269268. (૧૪૩૦૧-એ)

નાનાચોક

2 બેડરૂમ- 865'- કાર્પેટ- પાર્કિંગ - 5,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૦/ એ)

પેડર

3 બેડરૂમ - 1320' - કાર્પેટ - પાર્કિંગ - 6,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૦/ સી)

''લોઢા પાર્ક''

જોઈએ છે ક્લાઈન્ટ માટે 3 બેડરૂમ મારક્યૂરીસ, અલુરા, પાર્કસાઈડ, ટ્રમ્પટાવર (દલાલ નહીં). શ્રદ્ધા 9870573648 સુશાંત 8657424755. (૧૪૩૩૨-એ)

ચર્ચગેટ

3 BHK 1600 કાર્પેટ B રોડ, 8 કરોડ 1 પાર્કિંગ, સુશાંત 8657424755 અશોક - 9821036552. (૧૪૩૩૨-એ)

બોરીવલી (વેસ્ટ)

૪ બેડ વેંચાણથી, ૧૫૧૫' કારપેટ, સતરા પાર્ક, દેરાસરની બાજુમાં TPS રોડ, હાયર ફ્લોર, વેસ્ટ ઓપન, ક્લબ હાઉસ, જીમ અને સ્વીમીંગ પુલ. રેડી પઝેશન. લેવા - ભાનુ પ્રોપર્ટીઝ - 9930219031. (૧૪૩૩૫-એ)

વિશિષ્ટ ઓફર : બંધાતા / રેડી પઝેશન એપાર્ટમેંટ્સ
વરલી | પ્રભાદેવી
શિવાજી પાર્ક
૧ BHK - ૧.૫૦ થી ૩.૫૦ ક્રોડ
૨ BHK - ૨.૭૫ થી ૫.૦૦ ક્રોડ
૩ BHK - ૫.૦૦ થી ૮.૦૦ ક્રોડ
૪ BHK - ૯.૦૦ થી ૧૫.૦૦ ક્રોડ
વીકે અસોસિએટ્સ : ૯૮૨૧૦ ૪૨૨૯૯

(૧૪૨૯૦-એ)

૧૭. જગ્યા આપવી છે

ઘાટકોપર (ઈસ્ટ)

રાજાવાડી, 3 બેડરૂમ, હોલ, કિચન, ૧૦૧૩' કારપેટ, ૧ સ્ટીલ્ટ પાર્કિંગ, 2.35 Cr.(નેગોશીએબલ) સોલ એજન્ટ: ''હોમઅલોન પ્રોપર્ટી'' ''જુગ્નુ શાહ'' 9833352224. (૧૪૩૦૧-સી)

અંધેરી ઈસ્ટ ભાડેથી

3 બેડ સ્પેશિયસ સ્ટેશન/ દેરાસર નજીક લીફ્ટ/ પાર્કિંગ ''ગંગર'' - 8080524858. (બી-૧૪૦૩૪)

તારદેવ

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ- 3 બેડરૂમ હાયર ફ્લોરનો ફ્લેટ- પાર્કિંગ સુવિધા- દેરાસર નજીક લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૨૫૮-બી)

નાનાચોક

3 બેડરૂમ આલીશાન હાયર ફ્લોરનો ફ્લેટ સી/સીટી વ્યુ- આધુનિક સુવિધા લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૨૫૮-સી)

વર્લી

3 બેડરૂમનો સજાવેલો ફ્લેટ- શાંત વાતાવરણ- આધુનિક સુવિધા લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૨૫૮-ડી)

તારદેવ

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ- 1 બેડરૂમનો ફ્લેટ- દેરાસર નજીક ભાડેથી લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૪૨૫૮-ઈ)

સાઉથ મુંબઈ

2-3-4 બેડરૂમના ફ્લેટો વાલ્કેશ્વર, વોર્ડન, પેડર, તારદેવ, વર્લી, પ્રભાદેવી- આધુનિક સુવિધા- પ્રતિષ્ઠીત સોસાયટી- વેચાણથી/ ભાડેથી લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૨૫૮-એફ)

સાઉથ મુંબઈ

2-3-4 બેડરૂમના ફ્લેટો વાલ્કેશ્વર, ગામદેવી, તારદેવ, વર્લી, પ્રભાદેવી- પરેલ, ભાયખલા, લોઅર પરેલ, શિવડી, માટુંગા બંધાતા ટાવરમાં આકર્ષક ભાવે/ શરતે પ્રતિષ્ઠિત બિલ્ડર્સ- આધુનિક સુવિધા સમયસર કબ્જો. ચેતન શેઠ 9820062638. (૧૪૨૫૮-જી)

તારદેવ

4 બેડરૂમ - 2000' - કાર્પેટ - પાર્કિંગ - 11,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૦/ડી)

ગ્રાન્ટ રોડ

2 બેડરૂમ - 750' - કાર્પેટ - પાર્કિંગ - 3,75,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૦/બી)

૧૭. જગ્યા આપવી છે

સાંતાક્રુઝ (વેસ્ટ)માં

લક્ષ્મીનારાયણ મંદિર સામે, ૩ બીએચકે, ૩ કાર પાર્કિંગ સાથે ભાડેથી આપવાનું છે. સંપર્ક - 7506613049. (બી-૧૪૦૫૬)

ચકાલા - અંધેરી

સિગારેટ ફેક્ટરી નજીક, નવું બિલ્ડિંગ - હાયર ફ્લોર, 3 બીએચકે, ફેમીલી/કોર્પોરેટ/ સ્ટુડન્ટ માટે ભાડેથી મળશે. સંપર્ક: 7506613049. (બી-૧૪૦૫૮)

વિલેપાર્લે (વેસ્ટ)માં

2 બીએચકે ફ્લેટ, એસ. વી. રોડ નજીક ભાડા ઉપર (ફક્ત ફેમિલી), ૭૫,૦૦૦ નેગોશીયેબલ સંપર્ક: 7506613049. (બી-૧૪૦૫૯)

ઘાટકોપર (ઈસ્ટ)

વેચાણથી નીલકંઠ વિહાર, 2 BHK (750 usable) અને 3 BHK (1100 usable), ફુલ્લી ફર્નીશ્ડ, કાર પાર્કિંગ, હવા ઉજાસવાળો ફ્લેટ. સંપર્ક કેતન શાહ 9819859482. (બી-૧૪૦૬૨)

ખાર (વેસ્ટ)

મધુપાર્કની બાજુમાં માત્ર ગુજરાતી શાકાહારીઓ માટે ૩ બેડરૂમના ફ્લેટ એરિયા ૧૧૫૦' અથવા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦', તદ્દન નવા બિલ્ડિંગમાં ઓ.સી. સાથે તુરંત વેચવાના ''સુશીલભાઈ વકીલ'' ૯૦૮૨૨૬૧૯૯૬. (બી-૧૪૦૬૩)

ઘાટકોપર (ઈસ્ટ)

OC RECEIVED રેડી કબજો. વલ્લભબાગ લેન, વોરા એપાર્ટમેન્ટ, 2 BHK 753' /કૈલાશ આશિષ, ૯૯% કામ થઈ ગયુ છે. ૬૦ ફીટ રોડ, દેરાસર લેનની સામે, 1/2/3 BHK 506-735-985. RERA No. P51800045948. DNK Developers: મોબાઈલ: 9821238408. (કેપી/ ૨૫૨૦-એ)

અંધેરી (ઈસ્ટ)

સ્ટેશન, દેરાસર, હવેલીની નજીક એમિનિટીઝવાળા બંધાતા પ્રોજેક્ટમાં ૨/૩/૪ બેડરૂમ તથા જોડીમાં હાયરફ્લોરના, સનડેક્સ સાથેના, ૧૦.૫ ફીટની હાઈટવાળા ફ્લેટો વેચાણથી. ભરતપારેખ ૯૯૨૦૬૭૫૨૮૬. (એસડીબી-૧૮૪૩)

તારદેવ

ભાટિયા હૉસ્પિટલ સામે, દેરાસર નજીક ૧ બેડરૂમ બ્લોક 600' કાર્પેટ લિવલાયસંસ / ઓનરશીપ રેડી કબજો 'સંતોષ' 9820034317. (૧૪૩૩૦/એ)

કાંદાવાડી

૩ બેડરૂમ ફર્નિશ્ડ બ્લોક + પાર્કિંગ ઓનરશીપથી / વી. પી. રોડ, શુભમ ટાવરમાં ૧ બેડરૂમ 400'/450' લિવલાયસંસ 'સંતોષ' 9820034317. (૧૪૩૩૦/બી)

શું જોઈએ છે

કાંદિવલીમાં Budget Home Branded Developers Tallest Towers 2 / 3 / 4 Bedrooms Luxurious Amenities તો પછી આવી જાઓ,, Registered Broker REAAK-AREA-NAR VINAYAK ESTATE AGENCY 9869209916, 7715916818. (જેપી/ ૪૯૧૧-એ)

બોરીવલી વેસ્ટ

L.T. રોડ-પોશ એરિયામાં હેવી ડિપોઝીટથી 1 BHK કન્વર્ટેડ ભાડેથી આપવાનો છે. 9323180130. (૧૪૩૨૭-બી)

બોરીવલી (વેસ્ટ)

ઓફ એસવી રોડ વિજય સેલ્સ જૈન દેરાસર પાસે 3 બેડરૂમ 857 + 128 ટેરેસ 2.75 કરોડ નીગોશિયેબલ બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ 2 પાર્કિંગ ઈસ્ટ વેસ્ટ ઓપન 1લો માળ ભરતભાઈ - 9821061741 / 9619191741. (જેપી/૪૯૧૨-એ)

BIGGEST LAUNCH IN LALBAG

With Jain Mandir, Upashray, All amenities, 50+ Storeys Tower, 1.6 acres plot, 2, 3, 4, 5 Bed 2.99 Cr. ++ Book your appointment + 8655884977. (B-13927)

OUTRIGHT

3 BHK Starting from 2.35 Cr, Kandivali West Paresh C H Kadecha - 9223512511. (13491/E)

VILE PARLE (WEST)

2 BHK, 700' Carpet, available on Rent, Spacious, fully furnished, Prime Location, East-West at Sanyash Asram Compound. Call: Viraj: 9892666070, Hitesh: 9892892434. (14316/E)

MATUNGA

Most Iconic Project, 7 Star Amenities, 5.30 acres Land, Possn in Oct 26, Duplex Penthouse 2500 + 500 terrace - 13.15 Cr. + Tax P51900049433 3, 4 BHK 4.99 Cr. +, 4 BHK 6.98 Cr. + Exclusive Financial yr End Price - Brokers excuse 9004078342. (B-13900)

SION, TALLEST TOWER

Sheth Beaumonte, All Amenities, Pool, Club Party Hall, ready OC Flat 3 BHK fully furnished 7.45 Cr. + Taxes. 97698 84999. (B-13937)

૧૭. જગ્યા આપવી છે

SHETH BEAUMONTE, SION

Ready OC, fully furnished Newly made Interiors, 3 Bed + Serv Room Spacious, with views Higher Floor 7.35 Cr. 9769884999. (B-13974)

WADALA EAST

7 Star Amenities 5 acres Plot, Possn 1-2 yrs 2 Bed 2.45 - 2.99 Cr. ++ Actual Tower inspection possible, special offer Stamp Duty Free Pooja - 8976102382. (B-13938)

DADAR EAST,

Prime Location, 3-4 mins from Station, 6 mts possession, Sample Flat ready, 2 Bed 670 cpt. 2.85 Cr. ++ 9773038617. (B-13936)

PRABHADEVI,

New Bldg, by Sugee Low Maintenance, Higher Floor, Good Views Play area, quiet location, 2 Bed 1 Car Park 3.21 Cr. +98191 37982, +99203 20535. (B-13934)

SEWRI, CELESTIAL SPACES,

All amenities, 5 acre plot Lots of open spaces, Ready OC Flats 2 BHK 3.70, Cr. 3.5 BHK Serv room 5.75-6 Cr. 98190 82468. (B-13935)

3 BEDROOM KITCHEN 950 Sqft, 6th Flr Flat for Rent, One Car Parking, Orlem Church, Malad (W) 9920022074. (B-14036)

LNT CRESCENT BAY, PAREL

Fully Furnished Interiors High Floor, Sea Views 3 Bed, 1500+ cpt with Decks 6.40 Cr. nego +91-98192 27923. (B-13674)

ASHOK TOWERS, PAREL

Furnished Large Spacious 2 Bed with Serv Room, 1000 cpt All Amenities 6.25 Cr. 9920320535. (B-13675)

2 BHK FULLY FURNISHED Sea View Near Mahalaxmi Temple. One Reserve Car Parking. Only Vegetarians. Brokers Welcome. Contact: 9820044764 / 9820244764. (B-14064)

૧૯. ફેક્ટરી વર્કશોપ

તલાસરી

D+Zone અચ્છાડ વિલેજ, ગવર્મેન્ટ એપ્રુવ્ડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં બેકવર્ડ એરીયાના બધા લાભો સાથે 600' થી 2400' હાઈટવાળા ગાળાઓ વેચાણથી લેવા. દિનેશ ઠક્કર - 9819337299. (૧૪૨૬૦-એ)

વસઈ (ઈસ્ટ)

નાના હેવી ઈન્ડસ્ટ્રીયલ ગાળા, 515' કારપેટથી શરૂ, પ્રાઈમ લોકેશન, હેવી ફ્લોરીંગ, 16' હાઈટ, સેલ્ફ કન્ટેન્ડ, એપ્રુવ્ડ મેઝનીન ફ્લોર, વચ્ચે કોલમ વગર, ફૂલ હાઈટ શટર, ઓ. સી. રિસીવ્ડ માટે સંપર્ક: 9769270748/ 8591193835. (૧૪૩૩૩/બી)

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાય:- 9049625073 હિતેષ ઉપાધ્યાય:- 9326470109. (એસડીબી-૧૮૪૨)

વસઈ - કામણ

સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

૨

રવિવાર પહેલાં કૅપ્ટનપદેથી હાર્દિકની હકાલપટ્ટી થશે અને રોહિતને ફરી સુકાન સોંપાશેઃ મનોજ તિવારી

કોલકાતાઃ મુંબઈ ઇન્ડિયન્સ આઇપીએલની કોઈ સીઝનમાં શરૂઆતની સિલસિલાબંધ મૅચો હાર્યું હોય એ કોઈ નવી વાત નથી, પરંતુ આ વખતે ઉપરાઉપરી ત્રણ મુકાબલામાં પરાજય જોવો પડ્યો એ સંબંધમાં હાલમાં જે મામલો છે એ સાવ જુદો છે. અત્યારે મુંબઈ ઇન્ડિયન્સે (એમઆઇ) નવા સુકાની હાર્દિક પંડ્યા સામેના વિરોધ વચ્ચે લાગલગાટ ત્રણ હાર જોઈ છે એટલે એમઆઇના ચાહકોને આ પરાજય વધુ આકરો લાગી રહ્યો છે.

વાનખેડે સ્ટેડિયમમાં સોમવારે રાજસ્થાન રૉયલ્સ (આરઆર) સામે એમઆઇની ટીમે માત્ર ૧૨૫ રન બનાવ્યા હતા અને આરઆરની ટીમે છ વિકેટે ૧૨૬ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. એમઆઇની ટીમ સતત ત્રીજી હારને કારણે પૉઇન્ટ્સ-ટેબલમાં તળિયે પહોંચી ગઈ છે અને આરઆરની ટીમ મોખરે પહોંચી ગઈ છે.

હાર્દિક અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ તરફથી થઈ રહેલા વિરોધના પ્રચંડ પ્રેશરમાં છે અને સોમવારે વાનખેડેમાં મૅચ પછી ડગઆઉટમાં એકલો બેસી રહેલો જોવા મળ્યો હતો. ભારતના ભૂતપૂર્વ ખેલાડી મનોજ તિવારીએ કહ્યું છે કે 'એમઆઇના કૅપ્ટનપદેથી હાર્દિકની હકાલપટ્ટી બહુ દૂર નથી. મને લાગે છે કે રવિવારે એમઆઇની જે આગામી મૅચ છે એ પહેલાં જ હાર્દિકને સુકાનીપદેથી હટાવીને રોહિત શર્માને ફરી નેતૃત્વની જવાબદારી સોંપી દેવાશે. હું અનુભવ પરથી કહું છું કે મોટા ફ્રૅન્ચાઇઝીઓ ફેરફાર કરવા બહુ લાંબો સમય નથી લગાડતો. બહુ જલદી નિર્ણય લઈ લેતા હોય છે. મોટા ભાગે

બંગાળનો ભૂતપૂર્વ ક્રિકેટર મનોજ તિવારી

રવિવારે વાનખેડેની મૅચ પહેલાં જ રોહિતને ફરી સુકાન સોંપી દેવામાં આવશે.'

કોલકાતા નાઇટ રાઇડર્સના ભૂતપૂર્વ ખેલાડી મનોજ તિવારીએ એવું પણ કહ્યું કે 'હાર્દિક અત્યારે જબરદસ્ત માનસિક દબાણમાં છે અને એ કારણસર જ તેણે રાજસ્થાન રૉયલ્સ સામે બોલિંગ નહોતી કરી. અગાઉની મૅચોમાં તે એમઆઇ વતી બોલિંગની શરૂઆત કરતો હતો, પરંતુ સોમવારે વાનખેડેની પિચ બોલરોને વધુ અનુકૂળ હતી છતાં તેણે બોલિંગ કરવાનું ટાળ્યું હતું. જસપ્રીત બુમરાહના બૉલ બહુ સારા સ્વિંગ થતા હતા એટલા હાર્દિકને પણ એવા બૉલમાં સારા પરિણામ મળી શક્યા હોત.'

મનોજ તિવારીએ હાર્દિકની કૅપ્ટન્સીને ઑર્ડિનરી ગણાવતા કહ્યું હતું કે 'તે મોટી ભૂલો કરી રહ્યો છે. તેણે હૈદરાબાદ સામેની મૅચમાં બુમરાહને છેક ૧૩મી ઓવર સુધી બીજી ઓવર નહોતી આપી એ તેની મોટી ભૂલ હતી. એમઆઇના બૅટિંગ-ઑર્ડરમાં પણ ક્ષતિઓ હોય છે. ક્યારેક તિલક વર્માને હાર્દિકની પહેલાં ક્રીઝ પર મોકલવામાં આવે છે તો ડેવાલ્ડ બ્રેવિસને કોઈ પણ સ્થાને મોકલવામાં આવે છે. એકંદરે, ટીમમાં કંઈક તો ગરબડ ચાલી જ રહી છે.'

એમઆઇની હવે પછીની મૅચ રવિવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) વાનખેડેમાં દિલ્હી સામે રમાશે. વીરેન્દર સેહવાગે પણ કહ્યું છે કે 'એમઆઇની આગામી મૅચ પહેલાં છ દિવસનો બ્રેક છે જે દરમ્યાન એમઆઇના તમામ ખેલાડીઓએ સાથે મળીને પ્રૅક્ટિસ કરવી જોઈએ અને હાલમાં ટીમના પર્ફોર્મન્સ બાબતમાં શું ઉકેલ લાવી શકાય એના પર ચર્ચા કરવી જોઈએ. મને લાગે છે કે એમઆઇની ટીમ બહુ જલદી કમબૅક કરશે.' ■

રિયાન પરાગ એટલે યંગ સૂર્યકુમારઃ શેન બૉન્ડ

રાજસ્થાનના બૉલ્ટે મુંબઈના ટોચના ત્રણ બૅટર (૦, ૦, ૦)ને ગોલ્ડન ડકમાં આઉટ કર્યા

મુંબઈઃ વાનખેડેમાં સોમવારે મુંબઈ ઇન્ડિયન્સે ખાસ કરીને રાજસ્થાન રૉયલ્સના મૅન ઑફ ધ મૅચ ફાસ્ટ બોલર ટ્રેન્ટ બૉલ્ટ (૪-૦-૨૨-૩)ના શરૂઆતના તરખાટને કારણે હોમ-ગ્રાઉન્ડ પર હાર જોવી પડી હતી, પરંતુ બૅટિંગમાં રિયાન પરાગ (૫૪ અણનમ, ૩૯ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)નો પર્ફોર્મન્સ ઊડીને આંખે વળગે એવો હતો. વિજેતા ટીમના સહાયક કોચ અને ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શેન બૉન્ડે પરાગના ભરપૂર વખાણ કરીને તેને મુંબઈ ઇન્ડિયન્સના બૅટર અને ટી-૨૦ ઇન્ટરનૅશનલના વર્લ્ડ નંબર-વન બૅટર સૂર્યકુમાર યાદવ સાથે સરખાવ્યો હતો.

બૉલ્ટે મુંબઈના ટોચના ત્રણ બૅટરને તેમના પહેલા બૉલે (ગોલ્ડન ડકમાં) આઉટ કર્યા હતા. ત્રણેયે પોતપોતાના ઝીરો પર વિકેટ ગુમાવી હતી જેને પગલે અનોખો રેકૉર્ડ રચાયો હતો. મુંબઈએ ૨૦ રનમાં પહેલી ચાર વિકેટ ગુમાવી હતી અને ત્યાર બાદ આખી ટીમ ૯ વિકેટે માત્ર ૧૨૫ રન બનાવી શકી હતી. બૉલ્ટની જેમ ચહલે પણ ત્રણ વિકેટ તથા બર્ગરે બે વિકેટ લીધી હતી. રાજસ્થાને ૧૫.૩ ઓવરમાં ચાર વિકેટે ૧૨૭ રન બનાવીને વિજય મેળવ્યો હતા.

શેન બૉન્ડે કહ્યું, 'રિયાન પરાગમાં ગજબની ટૅલન્ટ છે. તેને બૅટિંગ કરતો જોઉં છું ત્યારે મને યંગ સૂર્યકુમાર યાદવ યાદ આવે છે. સૂર્યકુમાર થોડા વર્ષો પહેલાં મુંબઈમાં આવીને સેટલ થયો હતો અને કરીઅરના શરૂઆતના વર્ષોમાં તેનામાં જેવી ટૅલન્ટ જોવા મળતી હતી એવી મને અત્યારે પરાગમાં નજરે પડી રહી છે. સૂર્યકુમાર જેવી જ મૅચ્યૉરિટી પરાગમાં જોવા મળી રહી છે.'

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર શેન વૉટ્સને પણ મંગળવારે રિયાન પરાગના ખૂબ વખાણ કર્યા હતા. તેણે કહ્યું, 'પરાગ માત્ર બાવીસ વર્ષનો જ છે એ મેં ધાર્યું જ નહોતું. વિશ્વના બેસ્ટ બોલર્સ સામે રમતી વખતે પરાગમાંથી બહુ સારી ટૅલન્ટ બહાર આવતી જોવા મળી રહી છે.' ■

હાર્દિક જ્યારે ડગઆઉટમાં એકલો પડી ગયો, સાથીઓ પણ દૂર જતા રહ્યા

સોમવારે વાનખેડેમાં મુંબઈની હાર પછી એકલા બેઠેલા હાર્દિક સાથે રાજસ્થાનના હાર્ડ-હિટર રિયાન પરાગે થોડી વાતચીત કરીને તેનું મન હળવું કરવાનો પ્રયત્ન કર્યો હતો. (iplt20.com)

મુંબઈઃ સોમવારે સાંજે વાનખેડે સ્ટેડિયમની બહાર એક તરફ રોહિત શર્માની તરફેણ કરતા અસંખ્ય પોસ્ટર હતા તો બીજી બાજુ માત્ર રોહિતના નામવાળા ટી-શર્ટ જ જોવા મળ્યા હતા. અંદર સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચેના મુકાબલાના આરંભની રાહ જોવાઈ રહી હતી અને હજારો પ્રેક્ષકો પોતાની જગ્યા પર ગોઠવાઈ ગયા હતા અને બીજા ઉતાવળે અંદર પ્રવેશી રહ્યા હતા, કારણકે ટૉસ થઈ ચૂક્યો હતો અને રોહિત શર્મા તથા ઇશાન કિશન બૅટિંગ માટે ઊતરવાના હતા.

જોકે મૅચ હજી તો માંડ શરૂ થઈ અને પ્રેક્ષકોએ હિટ મૅનનો હિટ શો જોવાની મનોમન તૈયારી કરી લીધી હતી ત્યાં ટ્રેન્ટ બૉલ્ટના પાંચમા જ બૉલમાં રોહિત આઉટ થઈ જતાં અનેક લોકો નિરાશ થઈ ગયા હતા. ત્યાર પછી તો ધબડકો થયો અને હાર્દિક પંડ્યા કે જેનો થોડી જ વાર પહેલાં હુરિયો બોલાવવામાં આવ્યો હતો તેની બૅટિંગ જોવામાં બહુ ઓછા લોકોને રસ હોય એવું લાગતું હતું. છ ફોરની ફટકાબાજી બાદ હાર્દિક ૩૪ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો અને છેવટે રાજસ્થાનને માત્ર ૧૨૬ રનનો ટાર્ગેટ મળ્યો જે તેમણે ૨૭ બૉલ અને છ વિકેટ બચાવીને મેળવી લીધો હતો.

જોકે ત્યાર પછી રાત્રે મૅચ બાદ જે બન્યું એ પણ શૉકિંગ જ હતું. પોતે કે પોતાની ટીમ મુંબઈ ઇન્ડિયન્સને ન જિતાડી શકી એને લીધે અસંખ્ય લોકોએ નારાજ હાલતમાં સ્ટેડિયમમાંથી વિદાય લીધી હતી, પણ ખુદ હાર્દિક પણ હતાશ અને ઉદાસ હતો. તે મેદાન પર મુંબઈની ટીમના ડગઆઉટમાં ગયો અને એકલો બેઠો રહ્યો હતો. તેની આસપાસ ત્યારે મુંબઈના જે પ્લેયરો હતા તેઓ તેની પાસે જઈને બેસવાને બદલે તેનાથી દૂર મેદાન પર જતા રહ્યા હતા.

હાર્દિક એક તો ગુજરાત ટાઇટન્સની ચૅમ્પિયન ટીમ છોડી એને તેની પહેલી ભૂલ ઘણા ક્રિકેટપ્રેમીઓ ગણે છે અને લોકોને બીજો એ વાતનો ગુસ્સો છે કે પાંચ ટાઇટલ જીતી ચૂકેલા રોહિત શર્માએ તેના હાથ નીચે રમવું પડી રહ્યું છે. આ બધા કારણસર પહેલાં અમદાવાદમાં અને પછી હૈદરાબાદમાં હાર્દિકનો જે મોટા અવાજે હુરિયો બોલાવવામાં આવ્યો હતો એના કરતાં પણ ઊંચી બૂમાબૂમ વાનખેડેમાં મૅચ પહેલાં સાંભળવા મળી હતી.

હવે મુંબઈની આગામી મૅચ પણ વાનખેડેમાં જ રવિવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) દિલ્હી કૅપિટલ્સ સામે છે અને ત્યારે હાર્દિકના વિરોધમાં કેટલી બૂમો પાડવામાં આવે છે એ જોવું રહ્યું. ■

રોહિતનો ચાહક મેદાન પર દોડી આવ્યો, પણ જો હાર્દિકને મારવા કોઈ તોફાની આવી ગયો હોત તો?

બેન્ગલૂરુના મેદાન પછી વાનખેડેમાં ખેલાડીઓની સલામતીમાં ગંભીર ક્ષચાશ

વાનખેડેમાં સોમવારે યુવાન અચાનક પોતાની નજીક પહોંચી આવતાં રોહિત ડરી ગયો હતો (ડાબે). (પીટીઆઈ)

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં સોમવારે રોહિત શર્માની તરફેણમાં લોકોનો ઉત્સાહ સ્વાભાવિક રીતે પ્રચંડ હતો, પણ વાત ત્યાં જ નહોતી અટકી. ઘણા લોકો ખાસ ઉમળકા સાથે તેની બૅટિંગ જોવા આવ્યા હતા. તે પોતાના પહેલા જ બૉલ પર આઉટ થઈ ગયો અને ગોલ્ડન ડક તેના નામે લખાઈ ગયો એનાથી તેના એકેએક ફૅનને આઘાત લાગ્યો હશે, પણ તે ફીલ્ડિંગમાં હતો ત્યારે જે બન્યું એનાથી લોકો રોહિત બાબતમાં ખૂબ ચિંતિત થયા જ હશે.

ઘટના એવી હતી જેમાં રોહિત પાસે એક યુવા પ્રેક્ષક દોડી આવ્યો હતો અને થોડો ગભરાટ ફેલાઈ ગયો હતો.

મુંબઈની ટીમે માત્ર ૧૨૫ રન બનાવ્યા પછી રાજસ્થાનની ટીમ ૧૨૬ રનનો ટૂંકો લક્ષ્યાંક મેળવવા આગળ વધી રહી હતી ત્યારે એક પ્રેક્ષક પિચ સલામતી કવચ ભેદીને પિચ સુધી દોડી આવ્યો હતો. રોહિતનો એ ફૅન વાનખેડેના મેદાન ફરતે બનાવવામાં આવેલી ફેન્સ કૂદીને ઝડપથી દોડીને સ્લિપમાં ફીલ્ડિંગ કરી રહેલા રોહિત સુધી પહોંચી ગયો હતો. રોહિત ત્યારે ફીલ્ડિંગ બાબતમાં કોઈને કંઈક સૂચના આપી રહ્યો હતો. પાછળથી (પ્લેયર્સ ડ્રેસમાં વગરના) સાદા કપડામાં અચાનક કોણ દોડી આવ્યું એવા ગભરાટના ભાવ સાથે રોહિત કૂદી પડ્યો હતો. જોકે બીજી પળે યુવાન તેની વધુ નજીકમાં પહોંચ્યો અને તેને ભેટવા ગયો હતો. રોહિતે ખચકાટ સાથે તેને ભેટવા દીધો હતો. રોહિતને એ યુવાન ભેટ્યો ત્યાર પછી રોહિત સાથે હાથ મિલાવવા તેણે સાથે હાથ લાંબો કર્યો હતો અને રોહિતે હાથ મિલાવ્યા પછી તેને મેદાન પરથી જતા રહેવા કહ્યું હતું. જોકે એ યુવાન વિકેટકીપર ઇશાન કિશન પાસે ગયો અને તેની સાથે પણ હાથ મિલાવ્યા પછી તેને ભેટ્યો હતો.

આ આઘાતજનક દૃશ્ય જોઈને કેટલાક ક્રિકેટચાહકોમાં ચર્ચા હતી કે રોહિતને ભેટવા આવેલા તેના ક્રેઝી ચાહકવાળી આ ઘટના નહોતી બનવી જોઈતી, પણ જો કોઈ હાર્દિક પંડ્યા વિરોધી ક્રિકેટપ્રેમી મેદાન સલામતી કવચ તોડીને મેદાન પર હાર્દિક પાસે દોડી આવ્યો હોત અને ગુસ્સામાં હાર્દિકને લાફો મારી દીધો હોત તો?

રોહિત પાસે દોડી આવેલા ફૅનની વાત પર ફરી આવીએ તો એ યુવાને રોહિત-કિશનને ભેટીને બહુ મોટી સિદ્ધિ મેળવી હોય એ રીતે પોતાના કોઈ સાથીને સંકેત આપી રહ્યો હોય એ રીતે હાથ ઉપર કરીને સેલિબ્રેશન કર્યું હતું. સલામતી રક્ષકો તેને પકડવા દોડી આવ્યા ત્યારે તેણે ભાગવાની કોશિશ પણ નહોતી કરી. રક્ષકો તેને પકડીને મેદાનની બહાર લઈ ગયા હતા.

આઇપીએલ-૨૦૨૪માં કોઈ ક્રિકેટક્રેઝી સલામતી કવચ તોડીને મેદાન પર દોડી આવ્યો હોય એવી આ બીજી ઘટના છે. ગયા અઠવાડિયે બેન્ગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બેન્ગલૂરુ અને પંજાબ વચ્ચેની મૅચ દરમ્યાન એક યુવાન વિરાટ કોહલી પાસે દોડી આવ્યો હતો. સોશિયલ મીડિયા પરના એક વીડિયોમાં જોવા મળ્યું હતું કે સલામતી રક્ષકો એ યુવાનને મેદાનની બહાર લઈ ગયા ત્યાર બાદ તેને માર્યો હતો. ■

ટૉપ્લીએ ડિકૉકને નમાવ્યા પછી 'નસીબવંતા' નિકોલસ પૂરને તેની જ ખબર લઈ નાખી

બેન્ગલૂરુઃ સાઉથ આફ્રિકન વિકેટકીપર-બૅટર ક્વિન્ટન ડિકૉકે ૩૦મી માર્ચે લખનઊમાં ૩૮ બૉલમાં ૫૪ રન બનાવીને લખનઊ સુપર જાયન્ટ્સને પંજાબ કિંગ્સ સામે જિતાડ્યું એનાથી પણ ચડિયાતી બૅટિંગ મંગળવારે બેન્ગલૂરુમાં રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ સામે કરી હતી. ડિકૉકે ૫૬ બૉલમાં પાંચ સિક્સર અને છ ફોરની મદદથી ૮૧ રન બનાવ્યા હતા જેને કારણે લખનઊની ટીમ બેન્ગલૂરુને ૧૮૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપી શક્યું હતું. જોકે ૧૭મી ઓવર ઇંગ્લૅન્ડના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર રીસ ટૉપ્લીએ કરી હતી અને એમાં તેણે તૂફાની બૅટિંગ કરી રહેલા ડિકૉકને કૅચઆઉટ કરાવીને તેને સેન્ચુરીથી વંચિત રાખ્યો હતો.

જોકે ટૉપ્લીએ લીધેલી વિકેટનો બદલો પછીથી લખનઊના નિકોલસ પૂરને (૪૦ અણનમ, ૨૧ બૉલ, પાંચ સિક્સર, એક ફોર) થોડી વાર પછી લીધો હતો. પૂરને ટૉપ્લીની છેલ્લી (ચોથી) ઓવરમાં હૅટ-ટ્રિક સિક્સર ફટકારી હતી. ટૉપ્લીની એ ૧૯મી ઓવરમાં ૨૦ રન બન્યા હતા.

પૂરન ત્યાં સુધી અટક્યો નહોતો. તેણે મોહમ્મદ સિરાજની ૨૦મી ઓવરમાં પણ બૅક-ટુ-બૅક સિક્સર ફટકારી હતી. પૂરને ૪૦માંથી ૩૦ રન છગ્ગાની મદદથી અને બીજા ચાર રન એક ચોક્કા સાથે બનાવ્યા હતા.

પૂરન ૧૪મી ઓવરમાં સ્ટોઇનિસની વિકેટ પડતાં બૅટિંગમાં આવ્યો હતો. ૧૭મી ઓવર ટૉપ્લીએ કરી હતી જેમાં ડિકૉકને તેણે આઉટ કર્યો એના આગલા જ બૉલમાં પૂરનને મોટું જીવતદાન મળ્યું હતું. બેન્ગલૂરુના વિકેટકીપર અનુજ રાવતે પૂરનનો કૅચ છોડ્યો હતો. છેવટે પૂરનને મળેલું એ જીવતદાન બેન્ગલૂરુને ભારે પડ્યું હતું, કારણકે પૂરને ટૂંકી, પણ તૂફાની બૅટિંગમાં પાંચ છગ્ગા અને એક ચોક્કાની મદદથી અણનમ ૪૦ રન ઝૂડી કાઢ્યા હતા. બૅન્ગલૂરુ વતી મૅક્સવેલે સૌથી વધુ બે વિકેટ તેમ જ ટૉપ્લી, યશ દયાલ અને સિરાજે એક-એક વિકેટ લીધી હતી. ■

મહિલાઓની પ્રથમ ચૅમ્પિયન્સ લીગ પણ શરૂ કરાશે

ભારત, ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ ટી-૨૦ની લોકપ્રિય ચૅમ્પિયન્સ લીગને સજીવન કરવાના પ્રયાસમાં

મુંબઈઃ એક સમય હતો જ્યારે ફુટબૉલની જેમ ક્રિકેટમાં પણ વિશ્વભરની ટોચની ટી-૨૦ ક્લબ-સ્તરિય ટીમો વચ્ચે લીગ આધારિત ચૅમ્પિયન્સ લીગ ટી-૨૦ ટૂર્નામેન્ટ રમાતી હતી, પણ ૧૦ વર્ષથી એ સ્પર્ધા અદૃશ્ય થઈ ગઈ છે અને જાણે ભુલાઈ ગઈ છે એમ કહીએ તો પણ ખોટું નહીં કહેવાય. આઇપીએલ, બિગ બૅશ, કૅરિબિયન લીગ, પાકિસ્તાન સુપર લીગ, બાંગ્લાદેશ પ્રીમિયર લીગ, શ્રીલંકા પ્રીમિયર લીગ, સાઉથ આફ્રિકા ટી-૨૦ લીગ, યુએઇની ઇન્ટરનૅશનલ લીગ ટી-૨૦ સહિત અનેક ટી-૨૦ લીગ સ્પર્ધાઓ વર્ષ દરમ્યાન ચાલી રહી હોય અને આખું વર્ષ ક્રિકેટના ભરચક કાર્યક્રમ સાથે પૂરું થતું હોય તો એમાં હવે અગાઉ બંધ થઈ ગયેલી કે નવી ટૂર્નામેન્ટને સમાવવું ખૂબ અઘરું થઈ જાય.

જોકે ભારત, ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડ ચૅમ્પિયન્સ લીગ ટી-૨૦ ટૂર્નામેન્ટને સજીવન કરવા પ્રયત્નશીલ છે. ત્રણેય બોર્ડ વચ્ચે આ વિષયમાં મંત્રણા થઈ રહી છે. છેલ્લી ચૅમ્પિયન્સ લીગ ૨૦૧૪માં રમાઈ હતી જેમાં ચેન્નઈ સુપર કિંગ્સે કોલકાતા નાઇટ રાઇડર્સ સામેની બેન્ગલૂરુ ખાતેની ફાઇનલમાં નવ બૉલ અને આઠ વિકેટ બાકી રાખીને વિજય મેળવ્યો હતો. ચેન્નઈના પવન નેગીએ પાંચ વિકેટ લીધી હતી અને પછી સુરેશ રૈના (૧૦૯ અણનમ, ૬૨ બૉલ, આઠ સિક્સર, છ ફોર)ની આક્રમક ઇનિંગ્સથી તેમ જ બ્રેન્ડન મૅક્લમ (૩૦ બૉલમાં ૩૯ રન) સાથેની ૧૧૮ રનની ભાગીદારી સાથે ચેન્નઈએ ૧૮.૩ ઓવરમાં માત્ર બે વિકેટે ૧૮૫ રન બનાવીને વિજય મેળવ્યો હતો. એ ચૅમ્પિયન્સ લીગમાં પાકિસ્તાનની લાહોર લાયન્સ ટીમ, વેસ્ટ ઇન્ડિઝની બાર્બેડોઝ ટ્રાયડન્ટ્સ તેમ જ ઑસ્ટ્રેલિયાની બિગ બૅશની અને બીજા દેશોની ટી-૨૦ લીગની ટોચની ટીમોએ ભાગ લીધો હતો.

૨૦૦૯થી ૨૦૧૪ દરમ્યાન ચૅમ્પિયન્સ લીગની છ સીઝન રમાઈ હતી જેમાંથી ચાર ભારતમાં અને બે સાઉથ આફ્રિકામાં યોજાઈ હતી.

ક્રિકેટ વિક્ટોરિયાના સીઇઓ નિક કમિન્સે

ગઈ કાલે મુંબઈની ઈવેન્ટ દરમ્યાન ડેવિડ હસી (ડાબે), જતીન પરાંજપે અને નિક કમિન્સ. (પીટીઆઈ)

મંગળવારે મુંબઈની ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા ખાતે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર જતીન પરાંજપેની ખેલોમોર સાથેની ભાગીદારીમાં ભારતમાં લૉન્ચ કરવામાં આવી રહેલી મેલબર્ન ક્રિકેટ ઍકેડેમી વિશેની ચર્ચા વખતે આવું કહ્યું હતું.

નિક કમિન્સે એવું પણ જણાવ્યું હતું કે 'મહિલાઓની ટી-૨૦ ચૅમ્પિયન્સ લીગ શરૂ કરવાની પણ તૈયારી થઈ રહી છે જેમાં ભારતની ડબ્લ્યુપીએલ તેમ જ ઇંગ્લૅન્ડની ધ હન્ડ્રેડ અને ઑસ્ટ્રેલિયાની વિમેન્સ બિગ બૅશની ટીમો ભાગ લેશે.' ■

લોકો ક્રિકેટરોનો હુરિયો બોલાવે એ જોવું મને જરાય પસંદ નથીઃ ડેવિડ હસી

મુંબઈઃ ઑસ્ટ્રેલિયા વતી લિમિટેડ ઓવર્સની કુલ ૧૦૮ મૅચ રમીને ૨,૫૦૦થી પણ વધુ રન બનાવનાર ડેવિડ હસીએ સોમવારે મુંબઈમાં પત્રકારો સાથેની વાતચીતમાં રોહિત શર્મા તરફી ચાહકો દ્વારા આઇપીએલની એક પછી એક મૅચમાં હાર્દિક પંડ્યાનો હુરિયો બોલાવવામાં આવી રહ્યો છે એ ઘટના સંબંધમાં સવાલ પૂછાતાં કહ્યું હતું કે 'લોકો ક્રિકેટરોનો હુરિયો બોલાવે એ જોવું મને જરાય પસંદ નથી. સાચું કહું તો સ્ટેડિયમમાં કોઈ પણ પ્રકારનો હુરિયો બોલાવાય એ જ મને નથી ગમતું. હાર્દિક ખૂબ ટૅલન્ટેડ પ્લેયર છે, તે બહુ સારો ઑલરાઉન્ડર પણ છે અને બૅટિંગ દરમ્યાન બૉલને જે રીતે ગ્રાઉન્ડની બહાર મોકલતો હોય છે એ જોવાની ખૂબ મજા આવે છે. તેની ફાસ્ટ બોલિંગ પણ ખૂબ સારી હોય છે અને તેની ફીલ્ડિંગ પણ સારી છે. તે અસરદાર પર્ફોર્મન્સ આપનારો પ્લેયર છે. રોહિત શર્મા પણ ભારતને મળેલા શ્રેષ્ઠ ક્રિકેટરોમાંનો એક છે. તે એમઆઇને તો ટાઇટલ્સ અપાવી જ ચૂક્યો છે, ભારતના ગ્રેટ કૅપ્ટનોમાં પણ તેની ગણના થાય છે.

ક્રિકેટરો મેદાન પર બેસ્ટ પર્ફોર્મ કરવાના ઇરાદાથી જ ઊતરતા હોય છે. મને લાગે છે કે મુંબઈ ઇન્ડિયન્સે કૅપ્ટન્સીના મુદ્દે દરેકના મંતવ્યો જાણ્યા પછી અને સલાહ લીધા હશે અને પછી જ ટીમ માટે જે નિર્ણય સર્વશ્રેષ્ઠ લાગ્યો એ લીધો હશે.' ■

દ્રવિડ પછી વીવીએસ બની શકે ટીમ ઇન્ડિયાનો કોચ : જતીન પરાંજપે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૧૯૯૮માં ભારત વતી ચાર વન-ડે રમનાર તેમ જ મુંબઈ વતી રમેલી ૬૨ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૪,૦૦૦ જેટલા રન બનાવનાર લેફ્ટ-હૅન્ડ બૅટર જતીન પરાંજપેનું દૃઢપણે માનવું છે કે રાહુલ દ્રવિડ પછી વીવીએસ લક્ષ્મણને ટીમ ઇન્ડિયાનો હેડ-કોચ બનાવાશે.

દ્રવિડને આગામી જૂનમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ સુધી હેડ-કોચ તરીકે નીમવામાં આવ્યો છે.

ત્યાર પછી જો દ્રવિડ એ હોદ્દા પર ચાલુ રહેવા નહીં માગે તો કોચિંગના અન્ય કોઈ નિષ્ણાતની નિયુક્તિ કરવામાં આવશે. પરાંજપેને દ્રવિડના સંભવિત અનુગામીનું નામ આપવા કહેવામાં આવ્યું ત્યારે તેણે તરત જ વીવીએસ લક્ષ્મણનું નામ આપ્યું હતું. ■

૨૦. ધંધાદારી જગ્યા

ઓપન પ્લોટ
દહિસર ઈસ્ટ, હાઈવે, લિંક રોડ, મેટ્રો સ્ટેશનની નજીક ૧,૦૦,૦૦૦ સ્કવેર ફૂટનો ઓપન પ્લોટ, પાણી, થ્રી ફેસ લાઈટ, કમ્પાઉન્ડ વોલ, ડામ્બરિંગ. પાર્કિંગ, કોમર્શિયલ ઉપયોગ માટે ઉત્તમ. આખો અથવા પાર્ટ ભાડે મળશે. 9820272234. (બી-૧૪૦૬૮)

પ્રીન્સેસ સ્ટ્રીટ
દવા બજાર ૨૬૦' કારપેટ દુકાન/ ગોડાઉન સેલ્ફ કન્ટેઈન્ડ, ઓનરશીપ વેચાણથી. સંપર્ક: ૯૮૨૦૧૬૦૩૪૬. (બી-૧૪૦૬૭)

સાંતાક્રુઝ (વેસ્ટ)માં
એસ. વી. રોડ - કોમર્શિયલ જગ્યા 1000 સ્કે. ફૂટ, બેંક/ કોર્પોરેટ ઓફિસ માટે શ્રેષ્ઠ. સંપર્ક - 7506613049. (બી-૧૪૦૫૭)

કેમ્પસ કોર્નર
મોકાની દુકાન 180' + 180' માળિયું, જૂનાં ભાડે વેચાણથી ડૉક્ટર, ફાસ્ટ ફૂડ, સલૂનને લાયક 9820034317. (૧૪૩૩૦/સી)

''મોકાની દુકાન''
''ભાડેથી દહિસર (ઈસ્ટ), આનંદ નગર મ્યુનિસિપલ માર્કેટમાં આપવાની''. ''ઓનર'' - 9821724724''. (૧૪૩૩૩/એ)

PEDDAR ROAD
Doctor House full floor 2000 sqft 14 Cr 4 Parking & for Rent Clinic 100 to 400 sqft with Parking Owner 9892710071/ 9619048555. (B-14050)

OFFICE SALE
Borivali (West) area 338' to 4800' Rs. 1.18 Cr. onwards New Tower, Glass Facad, Rooftop Amenities @ S. V. Road, Near Station & Mc'Donalds, best for Investment M. G. Realtors - 9820964062. (JP/4906-C)

SHOWROOM AVAILABLE ON LEASE
Nariman Point 2500' + 4000', Fort 5000', Mahim Matunga 13000' Vile Parle East 2500', 3500', Andheri 2000', 2600', 2840', 9000', Goregaon 13000', Vashi 38000', Airoli 30000' Belapur 9000' Contact: Naresh Kanani: 9322257207 / 9987763404. (14293-A)

LOWER PAREL
1200 sqft Office & 1700 sqft Godown available for Leave and Licence. Only WhatsApp 73044 72581 (Owner). (SDB-1844)

૨૩. મનોરંજન

''બજેટ મુજબ''
''દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૪૨૪૪-એ)

૩૧. નાણાંકીય

■ શેરનાં ડીમેટ / IEPF / ડુપ્લીકેટ / ટ્રાન્સમીશનની સર્વિસ આપશું. / ખરીદશું. - 9619315362, 8291225710. (૧૪૩૨૫-બી)

સુરક્ષિત રોકાણ
યોગ્ય પ્રોપર પ્લાનિંગથી ઈન્વેસ્ટમેન્ટ કરીને દર મહિને એક લાખ કરતાં વધારે અથવા લમસમ એમાઉન્ટ મેળવી શકો. અન્ય વિવિધ રોકાણ કરીને સારું વળતર મેળવી શકો. સંપર્ક 9820411680. (૧૪૩૦૭-એ)

૩૨. જમીન-મિલકત

■ રાજકોટમાં જમીન જોઇએ છે આસપાસના ગામમાં, પ્લોટ - ખેતર, કાલાવડ રોડ, જામનગર રોડ, મોરબી રોડ, કુવાડવા રોડ, ગોંડલ રોડ. કીર્તિભાઈ કંસારા : ૯૮૨૫૧ ૬૦૯૭૪, ૭૦૪૬૭ ૧૦૧૧૧. (બી-૧૪૦૪૫)

૩૨. જમીન-મિલકત

વલસાડ
ચાલુ ધંધા સાથેની દુકાન (મોલ), - બંગલો વેચાણથી 9274793095. (૧૪૨૯૫-એ)

ગોરેગામ (વેસ્ટ)
3425 સ્કે. યાર્ડનો સંપૂર્ણ દબાણવાળો પ્લૉટ વેચવાનો છે. લીંક રોડ નજીક, બાંગુર નગર, JOINT VENTURES DEVELOPERS ALLOWED. PATEL: 9322284033. (૧૪૩૨૯/બી)

"JAMIN MILKAT"
For Redevelopment Society, Tenanted Building Churchgate to Dadar. Ashok Shah 9821036552. (14328/B)

૩૩. ધંધાદારી

મોટી કમાણી ઘેર બેઠાં
૧ થી ૨ કલાક કામ કરી કમાઓ. પ્રખ્યાત કંપનીનાં લે-વેંચની ટ્રેનિંગ આપશું. સંપર્ક: 9820112323. (૧૪૩૦૯/એ)

સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન એડજુડીકેશન ઈન્ડેક્સ II પોઈંટ એડવાઈઝરી 9029077715
(બી-૧૪૦૫૫)

કબૂતરની જાળી
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વિસ. નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૪૦૫૩)

''પાણીની ટાંકીઓ''
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૪૨૨૦-સી)

■ દર મહિને 6% -7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાચિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

GOLDEN OPPORTUNITY. Require Joint Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-13433)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીચામુંડા જ્યોતિષ
લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બિમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન. પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ) 9157999811 / 022-31970731. (૧૪૩૨૬-એ)

૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

ઘરનું / ઓફિસનું: 'INTERIOR' કરાવી...
સુંદર ઘરનું-ઓફિસનું સપનું સાકાર કરો.. (ફર્નિચરથી પેઈન્ટિંગ વિગેરે...) 'ISHITA' - 9167299961. (૧૪૩૨૫/ડી)

FREE DESIGNING
[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

એસ પેસ્ટીસાઈડ
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૨૭૮-સી)

૪૬. વોટર પ્રુફિંગ

બિલ્ડિંગ રિપેરીંગ
ટેરેસ, સોસાયટી ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, પોડિયમ એરિયા, આઉટસાઈડ વોલ, છજ્જા, બિંબ કોલમ, કેક ફીલીંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9320210293. (૧૪૨૫૪-ડી)

બિલ્ડિંગ રીપેરિંગ
ટેરેસ, છજ્જા, વોટર ટેન્ક, બાથરૂમ, બિલ્ડિંગની આઉટસાઈડ વોલ, પ્લાસ્ટરિંગ, પેઇન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9324558334, 9987414990. (૧૪૨૯૨-એ)

SPECIALIST WATERPROOFING
ટેરેસ, છજ્જા, આઉટ-ઇન સાઈડ વોલ, બાથરૂમ, સીલીંગ, બિલ્ડિંગ રિપેરિંગ એન્ડ પેન્ટીંગ. 9594599769. (૧૩૪૯૧/સી)

લિકેજ બંધ
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ કેક છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઈન્ટીંગ - 9769735633 - 7977683538. (બી-૧૪૦૬૫)

૫૨. કુરીઅર્સ

દુનિયાભરમાં પાર્સલ
મેંગો, નાસ્તો, મસાલા, કપડાં બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૪૦૩૫)

મનસ્વી પાર્સલ
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

ફોરેન પાર્સલ
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

(B-14071)

છેલ્લા ચાર દિવસમાં પ્રોપર્ટી ટૅક્સના ૮૩૬ કરોડ રૂપિયા વસૂલાયા

સૌથી વધુ પ્રોપર્ટી ટેક્સ સાંતાક્રુઝ, ખાર અને બાંદ્રામાંથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા એક મહિનાની ભારે જહેમત બાદ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં મુંબઈ મહાનગરપાલિકા ૩,૧૯૬ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરી શકી હતી. ડિફોલ્ટરોને નિશાના પર લઈને ફક્ત છેલ્લા ચાર દિવસમાં જ પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેકશન ડિપાર્ટમેન્ટે ૮૩૬ કરોડ રૂપિયા વસૂલ કર્યા હતા. સૌથી વધુ પ્રોપર્ટી ટેક્સ ૩૩૬ કરોડ રૂપિયા એચ-પૂર્વ વોર્ડ (સાંતાક્રુઝ, ખાર અને બાંદ્રા-પૂર્વ)માંથી જમા થયો હતો. જોકે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પ્રોપર્ટી ટેક્સની વસૂલીમાં જોકે ૧,૩૦૦ કરોડ રૂપિયાની ખાધ રહી હતી. પાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૪,૪૯૨ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કર્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના રાતના ૧૨ વાગ્યા સુધીમાં પાલિકાની તિજોરીમાં ૩ હજાર ૧૯૫ કરોડ ૯૧ લાખ ૧૧ હજાર રૂપિયા જમા થયા હોવાનું પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેકશન ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી કમિશનર સુનીલ ધામણેએ જણાવ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ટેક્સ ઓછો જમા થવા પાછળ અનેક કારણો માનવામાં આવે છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાએ ૫૦૦ ચોરસ ફૂટ સુધીના રહેણાંક મિલકતો માટે પ્રોપર્ટી ટેક્સમાં આપેલી રાહતને કારણે તેમ જ છેલ્લાં પાંચ વર્ષથી પ્રોપર્ટી ટેક્સમાં કોઈ પણ જાતનો વધારો કર્યો ન હોવાને કારણે આ વર્ષે ટેક્સ ઓછો જમા થયો છે. આ ઉપરાંત ટેક્સની ગણતરીની નવી પદ્ધતિમાં રહેલી કાયદાકીય જટિલતાને કારણે પણ પાલિકાને ટેક્સ કલેકશનમાં મોટો ફટકો પડ્યો છે.

પાલિકા તરફથી કરદાતાઓ પાસેથી ૨૫ મે, ૨૦૨૪ સુધીમાં બે ટકા વ્યાજ નહીં વસૂલ કરવાનો નિર્ણય લીધો છે. પહેલી એપ્રિલ, ૨૦૨૪થી વસૂલ કરવામાં આવનારો ટેક્સ નવા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉમેરવામાં આવશે.■

એક મહિનામાં જ ₹ ૨,૫૦૦ હજાર કરોડ જમા

ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં પાલિકાએ પ્રોપર્ટી ટેક્સનો લક્ષ્યાંક ૬,૦૦૦ હજાર કરોડ રૂપિયા રાખ્યો હતો, પરંતુ બાદમાં તેમાં સુધારો કરીને ૪,૫૦૦ હજાર કરોડ રૂપિયા કરી નાખ્યા હતા. ઓછું હોય તેમ પ્રોપર્ટી ટેક્સના બિલ પણ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪થી નાગરિકોને મોકલવાનું ચાલુ કર્યું હતું. તેથી પ્રોપર્ટી ટેક્સનો લક્ષ્યાંક સાધવા માટે વર્ષોથી ટેક્સ નહીં ચૂકવનારા ડિફોલ્ટરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, તેને કારણે છેલ્લા એક મહિનામાં જ ૨,૫૦૦ હજાર કરોડ રૂપિયા જમા થઈ શક્યા હતા.

સૌથી વધુ ટૅક્સ એચ-પૂર્વ વોર્ડમાંથી

પાલિકાના ૨૫ એડમિનિસ્ટ્રેટીવ વોર્ડ છે, તેમાંથી સૌથી વધુ પ્રોપર્ટી ટેક્સ એચ-પૂર્વ વોર્ડ (સાંતાક્રુઝ, ખાર, બાંદ્રા પૂર્વ)માંથી ૩૩૬.૪૫ કરોડ રૂપિયા જમા થયો હતો. બીજા નંબરે કે-પૂર્વ વોર્ડ (જોગેશ્વરી, અંધેરી પૂર્વ) વોર્ડમાંથી ૩૧૭.૪૮ કરોડ રૂપિયા, ત્રીજા નંબરે જી-દક્ષિણ વોર્ડ (વરલી)માંથી ૨૫૭.૧૧ કરોડ રૂપિયા જમા થયા હતા.

સૌથી ઓછો ટૅક્સ વસૂલાયો દક્ષિણ મુંબઈમાંથી

મુંબઈ મહાનગરપાલિકાને સૌથી વધુ ટેક્સ પશ્ચિમ અને પૂર્વ ઉપનગરમાંથી વસૂલ કરવામાં સફળતા મળી હતી, જેમાં પૂર્વ ઉપનગરમાંથી ૯૧૭.૦૫ કરોડ રૂપિયા અને પશ્ચિમ ઉપનગરમાંથી ૧,૫૯૦.૦૯ કરોડ રૂપિયા વસૂલ થયો હતો. તો દક્ષિણ મુંબઈમાંથી સૌથી ઓછી ૬૭૮.૪૨ કરોડ રૂપિયાની જ વસૂલાત થઈ શકી હતી. ■

મોબાઈલમાં ગેમ રમતી વખતે થયેલા વિવાદમાં બે સગીર પર હુમલો: છ સામે ગુનો

થાણે: ભાયંદરમાં મોબાઇલમાં ગેમ રમતી વખતે થયેલા વિવાદમાં બે સગીર ભાઇ પર હુમલો કરવા બદલ છ કિશોર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ભાયંદરના કાશીગાંવ ખાતે ૩૦ માર્ચે આ ઘટના બની હતી, જેને પગલે સગીરના પિતાએ મંગળવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કાશીગાંવ પોલીસે નોંધેલા એફઆઇઆર મુજબ સગીર અને તેનો મિત્ર મોબાઇલમાં ગેમ રમી રહ્યા હતા ત્યારે તેમની વચ્ચે વિવાદ થયો હતો.

દરમિયાન મિત્ર ત્યાંથી જતો રહ્યો હતો, પણ બાદમાં તે અન્ય પાંચ કિશોર સાથે ત્યાં આવ્યો હતો. તેમણે ૧૨ અને ૧૪ વર્ષની વયના બે સગીર ભાઇ પર હુમલો કર્યો હતો. તેમને અપશબ્દો કહ્યા હતા અને વાંધાજનક ટિપ્પણી પણ કરી હતી.

સગીરના પિતાએ આ પ્રકરણે છ કિશોર વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

બળાત્કારના પ્રયાસમાં મહિલાની હત્યા કરનારને આજીવન કેદ

થાણે: બળાત્કારના પ્રયાસનો પ્રતિકાર કરનારી ૩૨ વર્ષની મહિલાની હત્યા કરનારા પુરુષને મહારાષ્ટ્રના થાણે જિલ્લાની અદાલતે આજીવન કેદની સજા ફરમાવી છે. વધારાના સેશન્સ જજ અભય એન. સિરિસકરે આરોપી બાબુ ઉર્ફે ગોપાલ ગોગાવાલે (૨૯)ને ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૨ (પરવાનગી વિના ઘૂસણખોરી), કલમ ૩૦૨ (હત્યા) અને અન્ય સંબંધિત જોગવાઈ અનુસાર દોષી ઠેરવી તેને આજીવન કેદની સજા ફરમાવી છે.

૩૦ માર્ચના રોજ આપવામાં આવેલા આદેશમાં અદાલતે આરોપીને ૩,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

વધારાના સરકારી વકીલ રશ્મિ ક્ષીરસાગરે અદાલતને જણાવ્યું હતું કે પીડિતા લતા ઉર્ફે રાખી રાહુલ સેજવળ થાણે શહેરમાં પતિ અને બે પુત્ર સાથે રહેતી હતી.

બીજી ઑક્ટોબર, ૨૦૧૬ના દિવસે પીડિતાના પતિ અને બાળકો બહાર ગયા હતા ત્યારે આરોપી તેમના ઘરમાં દાખલ થયો હતો અને એની સાથે જાતીય સંબંધ બાંધવાની કોશિશ કરી હતી. જોકે, મહિલાએ પ્રતિકાર કરતા આરોપીએ તેની હત્યા કરી હતી. (પીટીઆઈ) ■

મહારાષ્ટ્રમાં પ્રકાશ આંબેડકરને મોટો ફટકો

કૉંગ્રેસે અકોલા બેઠક પરથી પોતાના ઉમેદવારને ટિકિટ આપી

મુંબઈ: વંચિત બહુજન અઘાડી (વીબીએ)ના પ્રમુખ પ્રકાશ આંબેડકર મહારાષ્ટ્રની અકોલા લોકસભા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. પ્રકાશ આંબેડકરે વિદર્ભ સીટો પર કૉંગ્રેસને સમર્થન આપવાની વાત કરી હતી, જેના બદલામાં તેમણે અકોલામાં સમર્થન માંગ્યું હતું. પરંતુ કૉંગ્રેસે આ સીટ માટે પોતાના ઉમેદવાર અભય કાશીનાથ પાટીલને ટિકિટ આપી છે.વાસ્તવમાં, વીબીએના પ્રકાશ આંબેડકર અકોલા બેઠક પરથી મુખ્ય ઉમેદવાર છે અને તેમણે એક દિવસ પહેલા જ આ બેઠક પરથી ઉમેદવારી નક્કી કરી લીધી હતી. પરંતુ હવે કૉંગ્રેસે પણ આ બેઠક પરથી પોતાના ઉમેદવારનું નામ જાહેર કરીને પ્રકાશ આંબેડકરને મોટો ઝટકો આપ્યો છે. બેઠકોની વહેંચણી અંગે મહાવિકાસ અઘાડીના ઘટકો વચ્ચેના સંઘર્ષને કારણે, જ્યારે વીબીએ એ તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી, ત્યારે અકોલા બેઠક પણ તેમાં સામેલ હતી. જો કે, અકોલા ૨૦૦૪થી ભાજપનો ગઢ છે, જ્યારે સંજય ધોત્રે પ્રથમ વખત સીટ જીતી હતી અને ત્યારપછીની ત્રણ ચૂંટણીઓમાં તેને જાળવી રાખી હતી.

રેડીમેડ ગૂડી...: ગૂડીપડવાથી હિન્દુ નવાવર્ષનો પ્રારંભ થતો હોય છે. મહારાષ્ટ્રમાં આ પર્વ નિમિત્તે ગૂડી બાંધવામાં આવતી હોય છે, પણ હવે બજારમાં તૈયાર ગૂડી પણ મળી રહે છે અને તેનું પૂજન કરવામાં આવે છે. (જયપ્રકાશ કેળકર)

ડોંબિવલીમાં ઝઘડા બાદ પત્ની પર ચાકુથી હુમલો કરી પતિ ફરાર

થાણે: કોઇ બાબતે ઝઘડો થયા બાદ પતિએ તેની પત્ની પર ચાકુથી હુમલો કર્યો હોવાની ઘટના ડોંબિવલી વિસ્તારમાં બની હતી. પોલીસે આ પ્રકરણે પતિ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી.

ડોંબિવલીમાં રહેતા આરોપીનો સોમવારે તેની પત્ની સાથે કોઇ બાબતે ઝઘડો થયો હતો, જેન પગલે ઉશ્કેરાયેલા આરોપીએ પત્ની પર ચાકુથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી પત્નીને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના બાદ પતિ ફરાર થઇ ગયો હતો. પત્ની મોબાઇલ પર વાતચીત કરતી ત્યારે આરોપી તેના પર શંકા કરતો હતો, જેને કારણે તેમની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા, એવું ફરિયાદમાં જણાવાયું હતું. (પીટીઆઇ) ■

ઉદ્ધવની શિવસેનાને હવે હિન્દુત્વ સાથે કોઈ નિસ્બત નથી: ભાજપ

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (યુબીટી)ને હવે હિન્દુત્વ સાથે કોઈ નિસ્બત નથી રહી એવો આરોપ ભારતીય જનતા પક્ષના મહારાષ્ટ્રના ઈનચાર્જ દિનેશ શર્માએ કર્યો હતો. હિન્દુત્વની ખરી રખેવાળી તો ભાજપ કરે છે એમ તેમણે ઉમેર્યું હતું. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શ્રી દિનેશ શર્માએ વધુમાં જણાવ્યું હતું કે '૨૦૧૯માં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી કૉંગ્રેસ સાથે સહયોગ કરી ઉદ્ધવ ઠાકરેએ ભાજપ સાથે દગો કર્યો હતો. એ સાથે ઉદ્ધવની શિવસેનાનું વલણ બદલાઈ ગયું. ત્યારબાદ એ પક્ષ હિન્દુત્વ તરફી નથી રહ્યો અને રામ મંદિર વિરોધી ભૂમિકા તેણે અપનાવી હતી. શિવસેના (યુબીટી) જે પ્રકારના હિંદુત્વને અનુસરવા માગે છે એ હવે ભાજપ અનુસરે છે. કૉંગ્રેસ સાથે હાથ મેળવનારી ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને એની સાથે હવે નિસ્બત નથી રહી. આ એ જ કૉંગ્રેસ છે જેણે એક સમયે અયોધ્યામાં રામ લલ્લાના અસ્તિત્વને નકાર્યું હતું.' (પીટીઆઈ)■

કસારા ઘાટમાં દીવાલ સાથે ટકરાયા બાદ ટ્રક સળગી: કોઇ જાનહાનિ નહીં

થાણે: નાશિકથી મુંબઈ જઇ રહેલી ટ્રક મંગળવારે મધરાતે કસારા ઘાટમાં દીવાલ સાથે ટકરાયા બાદ સળગી ગઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

મોડી રાતે ૧૨.૪૫ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં ટ્રક સંપૂર્ણપણે બળી ગઇ હતી. કસારા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રક પ્રથમ દીવાલ સાથે ટકરાઇ હતી અને બાદમાં તેમાં આગ લાગી હતી. ટ્રકમાં હાજર ડ્રાઇવર અને ક્લિનર તાત્કાલિક બહાર કૂદી પડ્યા હતા, જેને કારણે તેઓ બચી ગયા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં હાઇવે પેટ્રોલિંગ ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી અને અડધો કલાકની જહેમત બાદ તેમણે આગ બુઝાવી હતી. (પીટીઆઇ)■

રાજ્યમાં ૨૪.૪૦ ટકા પરિવાર ગરીબી રેખાની નીચે

નીતિ આયોગના અહેવાલ પર સવાલ

નાગપુર: દેશમાં ૨૦૧૩-૧૪માં કુલ વસ્તીના ૨૯.૧૭ ટકા ગરીબ હોવાનું નીતિ આયોગના અહેવાલમાં જણાવાયું છે.

૨૦૨૨-૨૩માં આ આંકડો ઘટીને ૧૧.૨૮ ટકા થયો હતો. મહારાષ્ટ્રમાં ૨૦૧૪ની સરખામણીએ ૨૦૨૨માં આ આંકડો ઘટીને ૫.૧૫ ટકા થયો છે. પરંતુ આજે પણ ૨૪.૪૦ ટકા પરિવારો ગરીબી રેખાની નીચે છે, તેથી નીતિ આયોગના રિપોર્ટ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

સામાજિક કાર્યકર્તા સંજય અગ્રવાલ અનુસાર ૨૦૨૨માં ગરીબી રેખા નીચે રેશનકાર્ડની સંખ્યા ૬૨ લાખ ૬૧ હજાર ૫૦ હતી. તેથી, ૨૦૧૪ની સરખામણીમાં ૨૦૨૨માં, ગરીબી રેખા નીચેનાં રાશનમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. પરંતુ નીતિ આયોગના રિપોર્ટની સરખામણીમાં આ ઘટાડો ઘણો ઓછો હોવાથી સંજય અગ્રવાલે તેમના રિપોર્ટ પર સવાલો ઉઠાવ્યા છે.

નીતિ આયોગના રિપોર્ટ અનુસાર, છેલ્લા નવ વર્ષમાં ગરીબીમાં ૧૭.૮૯ ટકાનો ઘટાડો થયો છે.

જો કે, માહિતીના અધિકારથી, છેલ્લા દસ વર્ષમાં મહારાષ્ટ્રમાં ગરીબી રેખા નીચેના પાંચ ટકા પરિવારોની સ્થિતિમાં સુધારો થયો છે. તો અત્યારે પણ ૨૪.૪૦ ટકા પરિવારો આ જૂથમાં છે. તેથી, નીતિ આયોગના અહેવાલ પર સવાલ ઉઠ્યા છે. ■

લૂકઆઉટ સર્ક્યુલર કઈ જોગવાઈ હેઠળ હળવો કરી શકાય?

હાઈ કોર્ટે સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન કાર્યાલય પાસે ખુલાસો માગ્યો

મુંબઈ: એક મહિલા સામે ચાલી રહેલા ૨૦૧૯ના છેતરપિંડી કેસ સંદર્ભે એની સામે જારી કરવામાં આવેલો લુકઆઉટ સર્ક્યુલર કયા પરિપત્ર કે જોગવાઈ અનુસાર હળવો કરી શકાય એનો ખુલાસો બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે એસએફઆઈઓ પાસે માંગ્યો છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિત દરે અને ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેની ખંડપીઠ સમક્ષ શિખા કાપડિયાએ દાખલ કરેલી અરજીની સુનાવણી થઈ રહી હતી. એસએફઆઈઓ દ્વારા તેની તેમજ તે જ્યાં નોકરી કરતી હતી એ કંપની સામે તપાસ શરૂ કર્યા પછી સપ્ટેમ્બર ૨૦૧૯માં તેની વિરુદ્ધ જારી કરવામાં આવેલો લુકઆઉટ સર્કયુલર રદ કરવા માટે તેણે અરજી કરી હતી. (પીટીઆઈ)

મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર ચૂંટણીના મેદાનમાં

અરુપ પટનાયક ફરીથી ઓડિશાથી ચૂંટણી લડશે

મુંબઈ: પોલીસ અધિકારીમાંથી રાજકારણી બનેલા હોય તેવા અનેક નામો આપણી પાસે છે અને મુંબઈના પોલીસ દળની વાત કરીએ તો ભૂતપૂર્વ કમિશનર ડૉક્ટર સત્યપાલ સિંહ બે વખત લોકસભામાં ચૂંટાઇ આવ્યા છે. જોકે, મુંબઈના જ ભૂતપૂર્વ પોલીસ કમિશનર અરુપ પટનાયકે પણ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, પરંતુ તેમને અસફળતા મળી હતી. હવે ફરી એક વખત પટનાયકે લોકસભાની ચૂંટણીમાં પોતાનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું છે.

અરુપ પટનાયકે ઓડિશાના પુરીથી બીજુ જનતા દળ તરફથી ચૂંટણીમાં ઝંલપાવ્યું છે અને તે પુરી બેઠક ઉપરથી ઉમેદવાર તરીકે ઊભા થયા છે. ગઇ ચૂંટણીમાં ભલે હારનો સામનો કરવો પડ્યો હોય, પરંતુ આ વખતે ચૂંટણીમાં ચોક્કસ જીત મળશે, તેવો વિશ્વાસ પટનાયકે વ્યક્ત કર્યો છે. ■

ત્રણ દિવસની આગેકૂચને બ્રેકઃ ઊંચા મથાળે વેચવાલી વચ્ચે સેન્સેક્સે ૧૧૦ પોઇન્ટ ગુમાવ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકન શેરબજારોના નબળા વલણ અને વિદેશી ફંડોની વેચવાલી વચ્ચે ઇન્ડેક્સમાં સારું વેઇટેજ ધરાવતી ખાનગી બેંકો અને ઓટો સ્ટોક્સમાં પ્રોફિટ બુકિંગ થવાને કારણે બેન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૫૦૦ની નીચે સરી ગયો હતો.

બીએસઇનો ૩૦ શેરો વાળો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૧૦.૬૪ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૭૩,૯૦૩.૯૧ પોઇન્ટના સ્તર પર બંધ થયો છે. દિવસ દરમિયાન, ઇન્ડેક્સ ૨૭૦.૭૮ પોઇન્ટ અથવા ૦.૩૬ ટકા ઘટીને ૭૩,૭૪૩.૭૭ પોઇન્ટની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૮.૭૦ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૨૨,૪૫૩.૩૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

નોંધવું રહ્યું કે, અમેરિકાની ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ દ્વારા ઇન્ફ્લેશન નિયંત્રણમાં હોવાના સંકેત આપ્યાં હોવાથી જૂન મહિનામાં ફેડરલ વ્યાજદરમાં કપાત શરૂ કરશે એવી આશા વચ્ચે શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં તેજી આગળ વધી હતી અને નાણાંકીય વર્ષના પ્રથમ સત્રમાં સેન્સેકસ અને નિફ્ટીએ ઇન્ટ્રા-ડે નવી ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યા હતા. સતત ત્રણ દિવસની તેજીમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૦.૫૮ લાખ કરોડનો વધારો થયો છે.

પ્રોફીટ બુકિંગના દોર વચ્ચે પણ નાના શેરોમાં તેજીનો ટોન જોવા મળ્યો હતો. સેન્સેકસ અને નિફ્ટી ગબડી રહ્યા હતા ત્યારે, વિવિધ વિશ્લેષકો અને ખુદ બજાર નિયામક સેબીની ચેતવણી પછી પણ નાના શેરોમાં આકર્ષણ રહેતા સ્મોલ અને મીડકેપ ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં આગેકૂચ નોંધાવી હતી.

આ તરફ મિશ્ર વૈશ્વિક સંકેતોને કારણે, તાજેતરમાં ઊંચી સપાટીએ પહોંચેલા ફાઇનાન્શિયલ્સ સ્ટોક્સમાં પ્રોફિટ બુકિંગને કારણે દબાણ વધ્યું હતું. વિલંબિત રેટ કટની ચિંતામાં તાજા યુએસ ડેટા ઉમેરાયા બાદ આઇટી શેરોમાં પણ વેચવાલી અને પીછેહઠ જોવા મળી હતી.

એકંદરે ડોલરમાં વધારો, યુએસ બોન્ડની ઉપજમાં વધારો અને ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર વધારા જેવા પરિબળોએ સામૂહિક રીતે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર સામૂહિક હુમલો કર્યો હતો.

વિશ્લેષકોના મતે અમેરિકાના ૧૦-વર્ષના ટ્રેઝરી બિલની યીલ્ડ ફરી વધીને ૪.૩૨૩ ટકાના સ્તર સુધી પહોંચી હોવાથી તે બજારના સેન્ટિમેન્ટ પર દબાણ આવી શકે છે. આ ઉપરાંત ટ્રેઝરી બિલની યિલ્ડ ઉપર જવાને કારણે વિદેશી રોકાણકારોને ભારત સહિત ઉભરતી ઇક્વિટીમાં શેરો ઑફલોડ કરવા માટે પ્રોત્સાહિત થશે તો એકંદર વૈશ્વિક ઈકવિટી બજારમાં ફરી અફડાતફડી અને નરમાઇ જોવા મળી શકે છે.

સેન્સેક્સ બાસ્કેટમાંથી કોટક મહિન્દ્રા બેંક, એચસીએલ ટેક્નોલોજીસ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, વિપ્રો, ટેક મહિન્દ્રા અને લાર્સન એન્ડ ટુબ્રો ટોપ લુઝર્સ શેરોની યાદીમાં રહ્યાં હતા, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, નેસ્લે, ટાટા મોટર્સ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરનો ટોપ ગેઇનર્સમાં સમાવેશ હતો.

સેન્સેક્સમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૯૫ ટકા, નેસલે ઈન્ડિયા ૧.૪૨ ટકા, ટાટા મોટર્સ ૧.૨૩ ટકા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૧.૨૧ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેન્ક ૧.૮૪ ટકા, એચસીએલ ટેક્નોલોજીસ ૧.૮૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૨ ટકા, સન ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૯૦ ટકા અને ઈન્ફોસિસ ૦.૮૪ ટકા ઘટ્યા હતા. બધા ગ્રુપની કુલ ૧૨ કંપનીઓમાંથી ૬ કંપનીઓને ઉપલી અને ૬ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

એશિયન બજારોમાં શાંઘાઈ એક્સચેન્જનો બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં ગબડ્યો હતો, જ્યારે ટોક્યો, સિઓલ અને હોંગકોંગ પોઝિટીવ ઝોનમાં બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો ખૂલતા સત્રમાં મોટાભાગે ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. અમેરિકન શેરબજારો સોમવારે એકંદરે નેગેટીવ જોનમાં લપસ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૫૨૨.૩૦ કરોડની ઇક્વિટી ઑફલોડ કરી હતી. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૬૧ ટકા વધીને ૮૮.૮૩ પ્રતિ બેરલના સ્તરે પહોંચી ગયું હતું. મંગળવારના રોજ એક માસિક સર્વેક્ષણમાં જણાવાયું હતું કે, ઑક્ટોબર ૨૦૨૦ પછીના ઉત્પાદન અને નવા ઓર્ડરમાં સૌથી મજબૂત વધારાને કારણે માર્ચમાં ભારતના ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિ ૧૬ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી. સીઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) માર્ચમાં ૫૯.૧ની ૧૬-વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો, જે ફેબ્રુઆરીમાં ૫૬.૯ની સપાટી હતો. આ ઇન્ડેક્સ નવા ઓર્ડર, આઉટપુટ અને ઇનપુટ સ્ટોક્સની મજબૂત વૃદ્ધિ તેમજ નવી રોજગાર સર્જનને દર્શાવે છે. પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ)ના ધોરણ અનુસાર, પચાસથી ઉપરના આંકડાનો અર્થ વિસ્તરણ થાય છે, જ્યારે પચાસથી નીચેનો સ્કોર સંકોચન સૂચવે છે.

એ જ સમયે, સ્થાનિક રોકાણકારો આ સપ્તાહના અંતમાં આરબીઆઈની નીતિની જાહેરાત આગળ સાવચેતીનું વલણ રાખી શકે છે. જો કે કમ્ફર્ટ લેવલથી ઉપરના ફુગાવાના કારણે દેશની કેન્દ્રીય બેન્ક વ્યાજદર સ્થિર રાખે એવી પૂરી શક્યતા છે.

દરમિયાન, ભારત સાનુકૂળ બૃહદઅર્થતાંત્રિક પરિબળોનો સાથ મેળવીને આઠ ટકાનો જીડીપી વિકાસદર હાંસલ કરી શકશે, એમ દેશની કેન્દ્રિય બેન્કના માર્ચ બુલેટીનમાં પ્રકાશિત નસ્ટેટ ઓફ ઇકોનોમીથ શીર્ષક હેઠળના લેખમાં ટાંકવામાં આવ્યું છે.

દરમિયાન આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર માઇકલ પાત્રાવાલાના વડપણ હેઠળની ટીમે તૈયાર કરેલા લેખમાં એવી માહિતી અપાઇ છે કે વૈશ્વિક અર્થતંત્ર જોમ ગુમાવી રહ્યું છે ત્યારે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ના સમાયગાળામાં ભારતનો આર્થિક વિકાસ દર (જીડીપી ગ્રોથ) સરેરાશ આઠ ટકાથી ઉપર રહ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪માં ઑડી ઈન્ડિયાનાં રિટેલ વેચાણમાં ૩૩ ટકાનો વધારો

નવી દિલ્હીઃ લક્ઝરી કાર ઉત્પાદક જર્મન કંપની ઑડી ઈન્ડિયાનું ગત નાણાકીય વર્ષ ૨૦૨૪માં રિટેલ વેચાણ આગલા નાણાકીય વર્ષનાં ૫૨૭૫ યુનિટ સામે ૩૩ ટકા વધીને ૭૦૨૭ યુનિટના સ્તરે રહ્યું છે.

ગત માર્ચના અંતે પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ખાસ કરીને ડાઈવર્સ પોર્ટફોલિયોને ટેકે અમે ૩૩ ટકાનો આકર્ષક વૃદ્ધિદર દાખવ્યો છે. અમારા પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં સતત માગ જળવાઈ રહી છે અને અમે પુરવઠાલક્ષી પડકારોને પહોંચી વળવા સક્ષમ છીએ એમ ઑડી ઈન્ડિયાના હેડ બલબીર સિંઘ ધિલ્લોને એક યાદીમાં જણાવ્યું હતું. ગત માર્ચ અંતના ત્રિમાસિકગાળામાં સ્થાનિક બજારમાં કંપનીનું રિટેલ વેચાણ આગલા વર્ષના સમાનગાળાના ૧૯૫૦ યુનિટ સામે ઘટીને ૧૦૪૬ યુનિટનું રહ્યું હતું. જોકે, આ સમયગાળામાં કંપનીએ સપ્લાઈ ચેઈનને લગતા પડકારોનો સામનો કરવો પડ્યો હતો. વધુમાં કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું કે કંપનીની પ્રિ ઓવ્ન્ડ કાર બિઝનેસમાં પણ ગત નાણાકીય વર્ષની સરખામણીમાં ૫૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પબ્લિક નોટિસ

આથી **ખબર** આપવામાં આવે છે કે અમો (૧) અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવિલ ખાલી જમીનોના તે તમામ ટુકડા અને કકડા (''લેન્ડ ૧'')ની બાબતમાં ૫૦૧, ગોલ્ડન બંગલો, ૨૬, જુહુ રોડ, સાન્તાક્રુઝ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૪ ખાતે તેની રજિસ્ટર્ડ ઓફિસ ધરાવનાર અને કંપની ધારા, ૧૯૫૬ની જોગવાઇઓ હેઠળ સ્થપાયેલ, એક કાું, **સાન્તાક્રુઝ કોન્ટ્રેક્ટર્સ એન્ડ બીલ્ડર્સ પ્રા. લી.** (''**ઓનર ૧**'') તથા (૨) અહીં નીચે લખેલ **દ્વિતીય પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવિલ ખાલી જમીનોના તે તમામ ટુકડા અને કકડા (''લેન્ડ ૨'')ની બાબતમાં **ઝરણા કીર્તિકુમાર ઠક્કર, જેસલ પરાગ ઠક્કર, અનામ સંજય પટેલ, અર્જુન સંજય પટેલ, રીચા નિતિન પટેલ અને શિવાની નિતિન પટેલ** (''**ઓનર ૨**'') જે લેન્ડ ૧ અને લેન્ડ ૨, અહીં નીચે લખેલ **તૃતીય પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવિલ લાર્જર લેન્ડના લેઆઉટનો ભાગ રચે છે. (''**લાર્જર લેન્ડ**'') તથા (૩) લાર્જર લેન્ડના હિસ્સા પર ઉભેલ, ૪ સોસાયટીઓ નામે (i) સેફાયર કો-ઓપ. હા. સો. લી. (ii) ગાર્ડન એસ્ટેટ રુબી કો-ઓપ. હા. સો. લી. (iii) ક્રાયસ્ટલ ગાર્ડન કો-ઓપ. હા. સો. લી., અને (iv) એમરલ્ડ કો-ઓપ. હા. સો. લી. (''**૪ સોસાયટીઝ**'')ની માલિકીના બિલ્ડિંગોના બાંધકામમાં વપરાયેલ FSI સિવાય લાર્જર લેન્ડના સંપૂર્ણ બેલેન્સ ડેવલપમેન્ટ પોટેન્શીયલની બાબતમાં (''**બેલેન્સ ડેવલપમેન્ટ પોટેન્શીયલ**'') ઓનર ૧ના ટાઇટલના હક્ક, ટાઇટલ અને હિત તપાસી રહ્યા છીએ.

વિકાસના હેતુ માટે, ઓનર ૧ એ સદર લાર્જર લેન્ડનું પ્લોટ એ, પ્લોટ બી, પ્લોટ સી અને પ્લોટ ડીમાં સીમાંકન કરેલ છે. ઓનર ૧ એ પ્લોટ એ અને પ્લોટ બીના હિસ્સા પર બિલ્ડિંગો બાંધેલ છે અને ઉપરોકત ઉલ્લેખ ૪ સોસાયટીઓ તેની પર બંધાયેલ સ્ટ્રકચર / બિલ્ડિંગમાં પ્રીમાઇસીસના ખરીદારો દ્વારા રચવામાં આવેલ છે. પ્લોટ એનો ખાલી હિસ્સો સબ-પ્લોટ એ તરીકે ઓળખાયેલ છે, ભરતમાં આશરે, ૮,૦૦૦ ચો. મી. (અંદાજે) છે અને પ્લોટ બીનો ખાલી હિસ્સો સબ-પ્લોટ બી તરીકે ઓળખાયેલ છે, ભરતમાં આશરે ૧૮,૦૦૦ ચો.મી. (અંદાજે) છે, જે અહીં નીચે લખેલ અનુક્રમે **ચતુર્થ પરિશિષ્ટ** અને **પાંચમા પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ છે, જે ૪ સોસાયટીઓની માલીકીની FSI છોડયા બાદ બેલેન્સ ડેવલપમેન્ટ પોટેન્શીયલનો ઉપયોગ કરીને ઓનર ૧ દ્વારા વિકાસ કરવાનું સૂચિત છે.

તમામ શખ્સો જે લેન્ડ ૧ અને/કે લેન્ડ ૨ અને/કે સબ-પ્લોટ એ અને/કે સબ-પ્લોટ બી અને/કે બેલેન્સ ડેવલપમેન્ટ પોટેન્શીયલ કે તેના કોઈ પણ ભાગ કે તેમાંના કોઇપણની બાબતમાં વેચાણ, અદલાબદલી, લીઝ, ગીરો (ઇકવીટેબલ કે બીજી રીતે), ભેટ, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, નિભાવ, બીકવેસ્ટ, પઝેશન, ઇઝમેન્ટ, સબ-લીઝ, એસાઇનમેન્ટ, લાયસન્સ, ચાર્જ, પ્લેજ, ગેરંટી, FSI/TDR વિકાસ હક્ક, સંયુક્ત સાહસ, કોલાબોરેશન, પાર્ટનરશીપ, લોન્સ, એડવાન્સીઝ, ઇજંકશન કે કોઇપણ અન્ય જપ્તી, અથવા કાયદાની કોઇપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન, રાઇટ ઓફ પ્રીસ્ક્રીપ્શન અથવા પ્રી-એમ્પશન કે બીજી કોઈ રીતે કોઇપણ દાવો ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને સમર્થનમાં પુરાવાના દસ્તાવેજો સાથે અહીં નીચે આપેલા સરનામે આ છપાયાની તા.થી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સ કે શખ્સોના કંઇ દાવો કે દાવા હશે તો ત્યજી દીધેલ અને / કે છોડી દીધેલ તરીકે ગણાશે.

અહીં ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટઃ
[''લેન્ડ ૧''નું વર્ણન]

થાણા મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાં તથા નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લા થાણા મહારાષ્ટ્રમાં ગામ ચિતલસર માનપાડા, તાલુકા અને જીલ્લા થાણા ખાતે આવેલ, પડેલ અને રહેલ **ગટ નં. ૫૭/૧ (ભાગ), ૫૭/૨ (ભાગ), ૫૭/૩, ૫૯/એ/૨૯/બી, ૫૯/એ/૩૦/૧, ૫૯/એ/૩૧ (ભાગ) અને ૫૯/એ/૩૨** ધરાવતા કુલ ભરતમાં ૭૨,૪૨૧.૧૬ ચો.મી. કે તે સુમારે જમીનનો તે તમામ ટુકડો કે કકડો.

અહીં ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ :
[''લેન્ડ ૨''નું વર્ણન]

થાણા મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાં તથા નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લા થાણામાં ગામ ચિતલસર માનપાડા, તાલુકા અને જિલ્લા થાણા ખાતે આવેલ, પડેલ અને રહેલ **ગટ નં. ૫૭/૧ (ભાગ), ૫૭/૨ (ભાગ) અને ૫૯/એ/૩૧ (ભાગ)** ધરાવતા કુલ ભરતમાં ૪,૫૭૯.૮૪ ચો.મી.કે તે સુમારે જમીનનો તે તમામ ટુકડો કે કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

ઉત્તરે કે તે તરફ	:	૨૦ મીટર પહોળા રસ્તા દ્વારા,
દક્ષિણે કે તે તરફ	:	ગટ નં. ૫૭/૨ (ભાગ) દ્વારા,
પૂર્વે કે તે તરફ	:	ગટ નં. ૫૯/એ/૩૧ (ભાગ) દ્વારા,
પશ્ચિમે કે તે તરફ	:	ગટ નં. ૫૯/૧ અને ૨૦ મીટર પહોળા રસ્તા દ્વારા

અહીં ઉપર ઉલ્લેખેલ તૃતીય પરિશિષ્ટ :
[''લાર્જર લેન્ડ''નું વર્ણન]

થાણા મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાં તથા નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લા થાણામાં ગામ ચિતલસર માનપાડા, તાલુકા અને જિલ્લા થાણા ખાતે આવેલ, પડેલ અને રહેલ **ગટ નં. ૫૭/૧, ૫૭/૨, ૫૭/૩, ૫૯/એ/૨૯/બી, ૫૯/એ/૩૦/૧, ૫૯/એ/૩૧ અને ૫૯/એ/૩૨** ધરાવતા કુલ ભરતમાં ૮૮,૦૫૦ ચો.મી. કે તે સુમારે જમીનનો તે તમામ ટુકડો કે કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

ઉત્તરે કે તે તરફ	:	ગટ નં. ૫૮ દ્વારા,
દક્ષિણે કે તે તરફ	:	ગટ નં. ૫૬ અને માજીવાડે ગામની સીમા દ્વારા,
પૂર્વે કે તે તરફ	:	ગટ નં. ૧૮ અને ગટ નં. ૫૯/એ/૨૯ (ભાગ) દ્વારા,
પશ્ચિમે કે તે તરફ	:	ગટ નં. ૫૯/૧ દ્વારા.

અહીં ઉપર ઉલ્લેખેલ ચતુર્થ પરિશિષ્ટ :
[''સબ-પ્લોટ એ''નું વર્ણન]

થાણા મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાં તથા નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લા થાણામાં ગામ ચિતલસર માનપાડા, તાલુકા અને જિલ્લા થાણા ખાતે આવેલ, પડેલ અને રહેલ **ગટ નં. ૫૭/૩** ધરાવતા કુલ ભરતમાં ૮,૦૦૦ ચો.મી. કે તે સુમારે જમીનનો તે તમામ ટુકડો કે કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

ઉત્તરે કે તે તરફ	:	સેફાયર કો.ઓપ.હા.સો.લી., ગાર્ડન એસ્ટેટ રુબી કો.ઓપ. હા.સો.લી. & ક્રાયસ્ટલ ગાર્ડન એસ્ટેટ કો.ઓપ.હા.સો.લી.ના બિલ્ડિંગો દ્વારા.
દક્ષિણે કે તે તરફ	:	આંતરિક ૨૦ મીટર પહોળા રસ્તા દ્વારા,
પૂર્વે કે તે તરફ	:	આંતરિક ૨૦ મીટર પહોળા રસ્તા દ્વારા,
પશ્ચિમે કે તે તરફ	:	ગટ નં. ૫૯/૧ દ્વારા.

અહીં ઉપર ઉલ્લેખેલ પાંચમું પરિશિષ્ટ :
[''સબ-પ્લોટ બી''નું વર્ણન]

થાણા મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાં તથા નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લા થાણામાં ગામ ચિતલસર માનપાડા, તાલુકા અને જિલ્લા થાણા ખાતે આવેલ, પડેલ અને રહેલ **ગટ નં. ૫૭/૧(ભાગ), ૫૭/૨ (ભાગ), ૫૯/એ/૨૯ (ભાગ), ૫૯/એ/૩૦/૧ (ભાગ) અને ૫૯/એ/૩૧ (ભાગ)** ધરાવતા કુલ ભરતમાં ૧૮,૦૦૦ ચો.મી.. કે તે સુમારે જમીનનો તે તમામ ટુકડો કે કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

ઉત્તરે કે તે તરફ	:	મોજૂદ એમીનીટી ઓપન સ્પેસ દ્વારા,
દક્ષિણે કે તે તરફ	:	આંતરિક ૨૦ મીટર પહોળા રસ્તા દ્વારા,
પૂર્વે કે તે તરફ	:	રો-હાઉસિઝની એમરલ્ડ કો.ઓપ.હા.સો.લી. દ્વારા,
પશ્ચિમે કે તે તરફ	:	આંતરિક ૨૦ મીટર પહોળા રસ્તા દ્વારા,

આજ તારીખ ૩જી એપ્રિલ, ૨૦૨૪.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ,
ઈન્કમ ટેક્ષ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૫૧.
Email: response@lawpointindia.com

સોનામાં ₹ ૨૯૮ની આગેકૂચ, ચાંદીએ ₹ ૧૦૧૬ની તેજી સાથે ₹ ૭૬,૦૦૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકાનાં માર્ચ મહિનાના ઉત્પાદનના ડેટા પ્રોત્સાહક આવતાં આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ રહેતાં વૈશ્વિક સોનું જે ગઈકાલે ઔંસદીઠ ૨૨૬૬.૫૯ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું તે પાછું ફર્યું હતું. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં ભાવ અનુક્રમે ૦.૫ ટકા અને ૧.૨ ટકા તથા ચાંદીના ભાવ ૨.૩ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ડૉલર સામે રૂપિયો નબળો પડવાથી આયાત પડતર વધવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૭થી ૨૯૮ની અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦૧૬ની તેજી સાથે રૂ. ૭૬,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

વધુમાં ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જેરૉમ પૉવેલે ગઈકાલે જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વ માત્ર ફુગાવાને ધ્યાનમાં નથી લેતી પરંતુ અર્થતંત્રની સ્થિતિ પર પણ બારીકાઈથી નજર રાખી રહી છે. તાજેતરનાં ઉત્પાદનના પ્રોત્સાહક ડેટા અમેરિકન અર્થતંત્રની મજબૂતી દર્શાવે છે આથી અમારે વ્યાજદરમાં કાપ મૂકવાની ઉતાવળ ન કરવી જોઈએ. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટો અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૧૬ વધીને રૂ. ૭૬,૧૨૭ના મથાળે રહ્યા હતા. જોકે, ચાંદીમાં ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલી નિરસ રહી હતી.

તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૭ વધીને રૂ. ૬૮,૬૮૫ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯૮ વધીને રૂ. ૬૮,૯૬૧ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપની શરૂઆત કરે તેવા આશાવાદે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૨૬૬.૫૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, ત્યાર બાદ ગત માર્ચ મહિનામાં અમેરિકા ખાતે ઉત્પાદન ક્ષેત્રમાં દોઢ વર્ષમાં પહેલી વખત ઉત્પાદન વૃદ્ધિ જોવા મળતાં ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂકશે કે કેમ તે અંગેની ચિંતા સપાટી પર આવતાં ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી સોનાના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૨૬૨.૫૧ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૨૮૩.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૫.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ફેડરલ રિઝર્વ વર્ષમાં ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂકે તે અંગેની શંકા સપાટી પર આવવાથી ડૉલર ઈન્ડેક્સ તથા ટ્રેઝરીની યિલ્ડ વધી આવવાની સાથે અમુક અંશે બજારમાં ઓવરબોટ પોઝિશન હોવાથી સોનાના ભાવ વિક્રમ સપાટીએથી દબાણ હેઠળ આવ્યા હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકાનાં ઉત્પાદનના પ્રોત્સાહક ડેટા પશ્ચાત્ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ જૂનથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ૬૧ ટકા બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે.

ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યાના અહેવાલ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા ઘટીને ૮૩.૪૨ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારનાં ૮૩.૩૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૩૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૪ અને ઉપરમાં ૮૩.૩૪ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ત્રણ પૈસા ઘટીને ૮૩.૪૨ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે સ્થાનિક બજાર ગુડ ફ્રાઈડે નિમિત્તે અને ગઈકાલે સોમવારે ગત માર્ચના અંતે નાણાકીય વર્ષ ૨૦૨૪નાં વાર્ષિક કામકાજોને કારણે સ્થાનિક બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હતી.

ગઈકાલે અમેરિકાનાં ગત માર્ચ મહિનાના ઉત્પાદનના ડેટામાં દોઢ વર્ષ પશ્ચાત્ વૃદ્ધિ જોવા મળ્યા બાદ અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે અમેરિકી અર્થતંત્ર મજબૂતી દાખવી રહ્યું હોવાથી વ્યાજદરમાં કપાત માટે ઉતાવળ કરવાની આવશ્યકતા ન હોવાનું જણાવતાં ડેટા જાહેરાત બાદ ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ જોવા મળ્યું હતું. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૧૦૪.૯૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૭૮ ટકા ઉછળીને બેરલદીઠ ૮૮.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હતું.

ખાંડમાં આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦ના ઉછાળા સ

મેઈન્ટેનન્સ ન ભર્યું હોય તો ઘર થશે જપ્ત

હાઉસિંગ સોસાયટીને બાકીની રકમ વસૂલવા માટે રોકવી એ કાયદાનો ગર્ભપાતઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મેઈન્ટેનન્સ ન ભરનારા રહેવાસીઓને માથે હવે ઘર જપ્ત કરવાની કાર્યવાહીની તલવાર લટકવાની છે. હાઉસિંગ સોસાયટી ઘર જપ્ત કરી શકે એ માટેનો રસ્તો સાફ કરીને મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. આ કાર્યવાહી કરવા માટે મંજૂરી ન આપતા ડેપ્યુટી રજિસ્ટ્રારના આદેશને હાઈ કોર્ટે રદ કર્યો છે. કાયદાનો ગર્ભપાત જરા પણ સાંખી નહીં લેવાય, એવું હાઈ કોર્ટે રજિસ્ટ્રારને જણાવ્યું હતું.

રહેવાસીઓ તેનું મેઈન્ટેનન્સ ન ભરે ત્યારે તેની અસર સોસાયટી પર થતી હોય છે. વસૂલી કરવાનો અધિકાર કાયદાની રીતે સોસાયટીને આપવામાં

(જુઓ પાનું ૪) ▶▶

કાયદો શું કહે છે

મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટી કાયદાની રીતે હાઉસિંગ સોસાયટીને મેઈન્ટેનન્સની વસૂલી કરવાનો અધિકાર છે. ડેપ્યુટી રજિસ્ટ્રારની મંજૂરથી વસૂલી માટે સોસાયટી ઘરને જપ્ત કરી શકે છે, એવી જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે. રહેવાસીઓનું મેઈન્ટેનન્સ જો બાકી હોય તો તેની વસૂલ કરવા માટે સોસાયટીએ જો અરજી કરી હોય તો ડેપ્યુટી રજિસ્ટ્રારે તેની ચકાસણી કરવી જોઇએ. ત્યાર પછી જ વસૂલી માટે સોસાયટીને સર્ટિફિકેટ આપવું જોઇએ, એવું કાયદો કહે છે. તેમ છતાં પણ ડેપ્યુટી રજિસ્ટ્રારે લિગસી હાઉસિંગ સોસાયટીની અરજીને ફગાવી દીધી હતી. રજિસ્ટ્રારના આ નિર્ણયને રદ કરીને નવો નિર્ણય આપવાનો આદેશ કોર્ટે આપ્યો હતો. ■

મહાયુતિની બેઠકોની વહેંચણીનું કભી હાં કભી ના..

પાંચ માર્ચથી બેઠકોની વહેંચણી, પાંચ વખત ફાઈનલ, પણ પાંચ બેઠક પર અટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિમાં લોકસભાની ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અત્યંત જટિલ કોયડો બની ગઈ છે. પાંચમી માર્ચે પહેલી વખત જાહેર કરવામાં આવ્યું હતું કે બેઠકોની વહેંચણી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે અને ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે અને તે પછી પાંચ વખત મહત્ત્વની બેઠકો બાદ એવી જાહેરાત કરવામાં આવી કે હવે બેઠકોની વહેંચણી ફાઈનલ થઈ ગઈ છે, પરંતુ જાણવા મળ્યું છે કે હજી પણ પાંચ બેઠક પર મહાયુતિના ત્રણ મહત્ત્વના પક્ષો વચ્ચે સમજૂતી સધાઈ શકી નથી અને તેથી કભી હાં, કભી ના.. ક્યાં સુધી ચાલે છે તે જોવાનું રહેશે. આજે આપણે જોઈએ કે કેટલી વખત

(જુઓ પાનું ૪) ▶▶

ટિકિટ ન મળતા ભાજપના સાંસદ નારાજ, ઠાકરે જૂથમાં સામેલ થવાની ચર્ચા

મુંબઈઃ લોકસભા ચૂંટણી પહેલા રાજકીય પક્ષોમાં ઉમેદવારોની અદલાબદલી અને બેઠકની વહેંચણીને લઈને રાજકીય માહોલમાં ખળભળાટ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા અનેક સમયથી વિરોધી પક્ષના નેતાઓ મહાયુતિ ગઠબંધન (ભાજપ, શિવસેના શિંદે જૂથ, એનસીપી અજિત પવાર જૂથ)માં પ્રવેશ કરી રહ્યા છે, તો બીજી તરફ મહાયુતિમાંથી નારાજ થયેલા નેતાઓ મહાવિકાસ આઘાડી (શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથ, એનસીપી શરદ પવાર જૂથ, કૉંગ્રેસ)માં જોડાવાની ચર્ચા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ટિકિટ ન મળવાથી અથવા ટિકિટ મળે તે માટે નેતાઓ પક્ષ બદલો કરી રહ્યા છે, અને હવે ભાજપના એક

(જુઓ પાનું ૪) ▶▶

દક્ષિણ મુંબઈમાં બેસ્ટની બસના રૂટમાં ફેરફાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા શિવડીમાં રફી અહમદ કિડવાઈ માર્ગ પર પાણીની પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ કામ લાંબુ ચાલવાનું હોવાથી બેસ્ટ ઉપક્રમ દ્વારા અમુક બસના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ રફી અહમદ કિડવાઈ માર્ગ પર આઝાદ નગર જંકશન પાસે પાલિકા દ્વારા પાણીનું પાઈપલાઈનનું કામ ચાલુ કરવામાં આવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર બે દિવસ બ્લોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર બુધવાર અને ગુરુવાર એમ સતત બે દિવસ બપોરના સમયે બ્લોક રાખવામાં આવ્યો છે. તેથી આ સમય દરમિયાન એક્સપ્રેસ હાઈવેનો ઉપયોગ કરનારા વાહનચાલકોને પોતાનો પ્રોગામ એ મુજબ રાખવાનું કહેવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા મુંબઈ-પુણે

(જુઓ પાનું ૪) ▶▶

નાશિકમાં શિંદેને ફટકોઃ સાંસદ ગોડસેએ કર્યો બળવો?

છગન ભુજબળની ઉમેદવારીને પગલે શિવસેનામાં તિરાડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાયુતિમાં હજી થાણે અને કલ્યાણ બેઠકનો મુદ્દો માંડ માંડ ઉકેલાય તેવી શક્યતા છે ત્યારે નાશિક બેઠકના કારણે મહાયુતિમાં ભંગાણ પડે તેવી પરિસ્થિતિ છે. નાશિક બેઠક અજિત પવાર જૂથની એનસીપીના દિગ્ગજ નેતા છગન ભુજબળના ફાળે જાય તેવી ચર્ચા હોવાના કારણે નાશિકના હાલના શિવસેનાના સાંસદ હેમંત ગોડસે નારાજ થયા છે. જો આ બેઠક ઉપરથી ભુજબળને ઉમેદવારી આપવામાં આવે, તો હેમંત ગોડસે અપક્ષ ચૂંટણી લડે તેવા અહેવાલો વહેતા થયા છે. જો મહાયુતિ તરફથી ગોડસેને ઉમેદવારી ન સોંપવામાં આવે તો તે અપક્ષ ચૂંટણી લડીને મહાયુતિના ઉમેદવાર સામે ઊભા રહેવાની તૈયારીમાં હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું

(જુઓ પાનું ૪) ▶▶

મહારાષ્ટ્રમાં ૧૦મીથી મોદીની પ્રચાર સભા

શાહ પણ છઠ્ઠી એપ્રિલે ગોંદિયામાં

મુંબઈઃ લોકસભાની ચૂંટણી માટે મહાયુતિ દ્વારા મહારાષ્ટ્રના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરવામાં આવી તેમાં સૌપ્રથમ નામ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું જ્યારે બીજું નામ ગૃહ પ્રધાન અમિત શાહનું હતું અને બંને દિગ્ગજો મહારાષ્ટ્રમાં છઠ્ઠી એપ્રિલથી રાજ્યમાં પ્રચાર સભાઓ ગજાવવાનું શરૂ કરશે. એટલે કે વિદર્ભથી ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.

છઠ્ઠી એપ્રિલે શાહ ગોંદિયા ખાતેથી ચૂંટણીની પ્રચાર સભાઓ અને રેલીઓ યોજવાનું શરૂ કરશે જ્યારે મોદી દસમી એપ્રિલે રામટેક ખાતેથી મહારાષ્ટ્રમાં પ્રચાર કરવાનું ચાલુ કરશે.

ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીના મતદાનના પહેલા તબક્કામાં વિદર્ભમાં ૧૯મી એપ્રિલથી પાંચ બેઠકો ઉપર મતદાન યોજવામાં આવશે. તે પહેલા મોદી અને શાહ અહીં પ્રચાર સભાઓ ગજાવશે. વિદર્ભમાં નાગપુર, ભંડારા-ગોંદિયા, ગઢચિરોલી, રામટેક અને ચંદ્રપુર આ બેઠકો ઉપર ૧૯મી એપ્રિલે મતદાન યોજવામાં

(જુઓ પાનું ૪) ▶▶

રાજ ઠાકરેને મહાયુતિમાં લેવાનો કોઈ અર્થ નથીઃ આઠવલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)ને સાથે લઇને શિવસેના માટે હંમેશા માટે મહાયુતિના દ્વાર બંધ કરી દેવાની યોજના ચાલતી હોવાની ચર્ચા છે ત્યારે મહાયુતિના જ એક મોટા નેતાએ મનસે વિરુદ્ધ જણાય તેવું નિવેદન આપતા હોબાળો મચ્યો છે. આ નિવેદનના કારણે મનસે મહાયુતિને આ ચૂંટણીમાં સમર્થન આપે અથવા પોતે જ

(જુઓ પાનું ૪) ▶▶

ગણેશભક્તોએ ૧૦મી મેથી રેલવેનું રિઝર્વેશન કરાવવું

મુંબઈઃ ૭મી સપ્ટેમ્બરથી ગણેશોત્સવની ધામધૂમ શરૂ થવાની છે. કોંકણ લાઈનમાં દોડતી ટ્રેનોનું રિઝર્વેશન ૧૨૦ દિવસ પહેલાં એટલે કે ૧૦મી મેથી જ ખૂલી જવાનું હોવાથી ગણેશભક્તોએ તેની તૈયારી ત્રણ મહિના પહેલાં જ કરી દેવી પડશે. નિયમિત ટ્રેનો સહિત ગણપતિ સ્પેશિયલ ટ્રેનોનું આરક્ષણ મેળવવા માટે નોકરી કરનારા વર્ગોનો ટિકિટબારી પર રીતસર ધસારો થવાનો છે. કોંકણ લાઈન પર ખરેખર કેટલા ગણપતિ સ્પેશિય ચલાવવામાં આવશે એ હજી સુધી રેલવે પ્રશાસને જાહેર કર્યું નથી. જોકે ૧૦મી મેથી ગણેશોત્સવમાં દોડનારી

(જુઓ પાનું ૪) ▶▶

ક્રિકેટ રમવા આવેલા સીએના પાકીટમાંથી ડેબિટ-ક્રેડિટ કાર્ડ ચોર્યાઃ પૈસા કાઢી લાખોના દાગીના ખરીદ્યા

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ક્રોસ મેદાન ખાતે ક્રિકેટ રમતી વખતે પોતાનું પાકીટ નધણિયાતું મૂકવાનું ૨૮ વર્ષના ગુજરાતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ભારે પડ્યું હતું. પાકીટમાંથી ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ટ ચોરીને ગઠિયાએ એટીએમમાંથી રૂ. એક લાખ કાઢી લીધા હતા, જ્યારે દુકાનમાંથી રૂ. પાંચ લાખથી વધુની કિંમતના દાગીના ખરીદ્યા હતા. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિવેક દવેની ફરિયાદને આધારે આઝાદ મેદાન પોલીસે ભારતીય દંડસંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ ઘટના ૩૦ માર્ચે બની હોવાનું પોલીસે જણાવ્યું હતું. વિવેક દવે ક્રિકેટ રમવા માટે ક્રોસ મેદાનમાં ગયો હતો. તેણે મેદાનમાં આવ્યા બાદ કપડાં બદલ્યાં હતા અને પોતાનું પાકીટ તથા મોબાઇલ બેગમાં રાખ્યાં હતાં. પાકીટમાં ક્રેડિટ અને ડેબિટ કાર્ડ હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

ક્રિકેટ રમ્યા બાદ વિવેકે બોરીવલીમાં ઘરે જવા

(જુઓ પાનું ૪) ▶▶

LUXURIOUS FAMILY & COUPLE TOURS

ASSAM, ARUNACHAL, MEGHALAYA
(In 3 yrs More than 1600 Happy Customer) D: 12 By Air Rs. 68700/-
D.: April: 23, (જુજ સીટો બાકી) May: 5, 16, 19, Oct: 29 (દિવાળી વેકેશન)

BHUTAN D: 8
D.: April: 29 | May: 5, 11, 17, 23, 29 | June: 4, 10, 16
(More than 2000 Happy Customer)

VIETNAM with SAPA D: 11
D.:May: 6, 18, 28 | June / July: 7, 16, 25 By Vietnam Airlines

LADAKH via KARGIL D: 9 June: 11

AZERBAIJAN D: 7
D.: April: 18 | May: 24

NEPAL D: 8
PURE VEG & JAIN FOOD

THAILAND D: 10
SPECIAL GROUP DISCOUNT

શ્રી Rajyash TOURS 9869437125 9967297027

PAC n DELIVER
INTERNATIONAL COURIER

Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.

Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

SOUTH AFRICA

13 DAYS

CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG

DEP DATES	01st MAY	13th MAY	25th MAY	11th JUN	24th JUN	07th JUL

Package Inclusions :

- Helicopter Ride, Hop On Hop Off Bus, Walk with Lion, Catamaran Ride, Safari Game Drive અને Hermanus નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, Insurance, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

25th ANNIVERSARY

મુંબઈની માતુશ્રી સુશીલાબેન રમણીકલાલ મહેતા અને સર કીકાભાઈ હોસ્પિટલની રજતજયંતિ વર્ષે શુભેચ્છાની સરવાણી

(ડાબેથી યોગેન લાઠીયા, હિરેન શાહ, રસેલ મહેતા, ઘનશ્યામ ધોળકિયા, અરુણાબેન શાહ, અરવિંદ દેસાઈ, અજય શેઠ, ડો. ભટ્ટાચાર્ય, ડો. અશોક શ્રોફ અને પૂરવ શાહ)

'આ એક આનંદ અને ગર્વની વાત છે કે - ૨૫ વર્ષ પૂર્વે વાવેલા એક બીજમાંથી આજે વટવૃક્ષ ઊભું થયું છે. જે પોતાની કરુણા અને શ્રેષ્ઠતા માટે જાણીતું છે. માતુશ્રી સુશીલાબેન આર. મહેતા અને સર કીકાભાઈ હોસ્પિટલ સાથે સહયોગી બનવા બદલ અમને ગર્વ છે.'
- રસેલ મહેતા (રોઝી બ્લ્યુ.)

'મનુભાઈ શાહ જેવા મહાન વ્યક્તિ જ આવી સંસ્થા ૨૫ વર્ષમાં ઊભી કરી શકે અને આજે પણ આ હોસ્પિટલ સાથે જોડાવાનો મને ગર્વ છે.' - ડો. ભટ્ટાચાર્ય

'આ એક એવો પરિવાર છે જેમાં મનુભાઈ પછી હિરેનભાઈ અને પૂરવભાઈ એમ ત્રણ પેઢી સેવાના કાર્યમાં સહયોગી બની છે. સારી અને શુદ્ધ લક્ષ્મી હોય તો જ આ બની શકે. હોસ્પિટલના દરેક કર્મચારીના મુખ ઉપર જ્યારે સુખ-શાંતિની આભા દેખાય ત્યારે સંસ્થાની ઉચ્ચ કક્ષાની ખાત્રી થયા વિના રહે જ નહીં. !!!' - ઘનશ્યામ ધોળકિયા

'કીકાભાઈ હોસ્પિટલ એક Affordable & Charitable - સસ્તી અને સખાવતી સંસ્થા છે. જે હર કોઈ દર્દી માટે આશાનું કિરણ છે, પ્રકાશનો પુંજ છે અને નવજીવન પ્રદાન કરનાર છે. કીકાભાઈ હોસ્પિટલ એટલે ફક્ત ને ફક્ત આંસુની ભાષા અને પ્રેમની ભાષા. !!!'
- અજયભાઈ શેઠ

'અમને અતિ ગર્વ છે કે - સર્વ દાનવીરો, ડોક્ટરો, સ્ટાફના સહયોગથી આજે આ હોસ્પિટલ શ્રેષ્ઠતાની ઊંચાઈ પર પહોંચી શકી છે અને મારા પિતાશ્રી મનુભાઈ શાહના કંડારેલા માર્ગે ચાલવાનો અમારા પરિવારનો અભિગમ સદાય રહેશે.' - હિરેનભાઈ શાહ

કલકતામાં પૂ. શ્રી ધીરગુરુદેવનો આયંબિલ ઓળી પ્રસંગે રવિવારે નગર પ્રવેશ

☞ પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવનો ૨૭ પોલોક સ્ટ્રીટ, નવલખા ઉપાશ્રયના આંગણે તા. ૦૭-૦૪-૨૦૨૪ને રવિવારે, સવારે : ૮-૩૧ કલાકે નગર પ્રવેશ : સ્વાગત સમારોહ

☞ શ્રી કમાણી જૈન ભવનના ઉપક્રમે આયંબિલ ઓળી પર્વ પ્રસંગે ૧૪ એપ્રિલ, રવિવારે માતુશ્રી તારાબેન જેઠાલાલ મોદી પરિવારના શ્રીમતી બિંદુબેન હરેશભાઈ મોદીના નિવાસેથી

સવારે : ૮-૩૧ કલાકે સ્વાગત યાત્રા અને તેરાપંથ ભવન હોલમાં
સવારે : ૯ થી ૧૧ કલાકે પ્રવચન

વિષય :- Who Controls Your Life ?
તમારા જીવનને કોણ નિયંત્રણ કરે છે ?
વક્તા :- શ્રી અજયભાઈ શેઠ (પ્રેરણાના તંત્રી)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**